भरतखंडनुं वर्णन.

भरतखंडनुं स्वरूप.

૧—**हिंदुस्तान** દેશ એશિઆ ખંડની દક્ષિણ દિશા તરફ છે.

—એનો આકાર ત્રિકોણાકારને મળતો દ્વીપકલ્પના જેવો છે.

—**हिंदुस्तान** દેશનાં પાંચ નામ (૧) લું નામ **आर्यवृत्त** જું **भरतखंड** (૩) જું **हिंदुस्तान** (૪) થું **हिंदीद्वीपकल्प** (૫) મું **इन्डीआ.**

भरतखंडनी सीमा.

૧—ઉત્તરે હિમાલય પર્વત તેની પેલીમેર તિબેટ છે, તથા કુશ અને કારાકોરમ પર્વત તેની પેલી બાજુએ તાતાર છે.

૨—પશ્ચિમે સુલેમાન પર્વતોની પેલીમેર અફગાનિસ્તાન છે. ને હાલા પર્વતની પેલી બાજુએ બલુચિસ્તાન છે.

૩—નૈરૂત્ય કોણુમાં અરબી સમુદ્ર છે.

૪—દક્ષિણે હિંદી મહાસાગર છે;

૫—અગ્નિ કોણુમાં હિંદી મહાસાગર અને બંગાળી ઉપસાગર છે.

૬—પૂર્વ સિમાએ જંગલ અને ડુંગરા છે તેની પેલી બાજૂએ દેશ છે.

૩—ભરતખંડનું ક્ષેત્રફળ તથા વસ્તી.

૧—ક્ષેત્રફળ ૧૫,૮૩,૨૭૬ ચોરસ મૈલ જેટલો વિસ્તાર છે.

૨—ભરતખંડની વસ્તી. (૨૮,૬૦,૦૦,૦૦૦) અઠ્ઠાવીશ કરોડ સાઠ લાખ માણુસની વસ્તી છે.

૪—ભરતખંડની લંબાઈ તથા પાહોળાઈ.

૧—કાશ્મીરની ઉત્તરથી તે કન્યાકુમારી સુધી ભરતખંડની લંબાઈ ૧૯૦૦ મૈલ થાય છે. અને સિંધથી આસામ સુધી પહોળાઈ ૧૮૦૦ મૈલ થાય છે.

૫—હિંદુસ્તાનના મોટા બે ભાગ.

ગૂજરાતની પશ્ચિમથી તે ગંગા નદીની પાસેના બુંદેલખંડ સુધી પ્રસરેલા વિંધ્યાચળે એ ત્રિકોણના બે ભાગ કર્યા છે.

૬—એમાંના ઉત્તરના ભાગનું નામ (૧) हिंदुस्तान છે, અને દક્ષિણના ભાગનું નામ (૨) दक्षिण (દખણ) છે.

૭—हिंदुस्तानना ૭ પ્રાંત કરી શકાય છે.

१—हिमालयनी तळेटीनोढळतो प्रदेश (२) सिंधुनदीनो प्रदेश. (३) रेतीनुं रण (४) मध्य हिंदुस्ताननो अने थोडो रजपुतानानो ऊंचो प्रदेश. (५) गंगानो प्रदेश (६) ब्रह्मपुत्रनो प्रदेश.

૮— ૧—કચ્છનો સાંકડો મૂલક મોટા રણ અને સમુદ્રની વચ્ચે આવેલોછે.

૯— ૨—दक्षिण देश.

૧—વિંધ્યા પર્વતની દક્ષિણે આવેલા મૂલકને દક્ષિણ દેશ કહેછે.

૨—દક્ષિણ દેશમાં મદ્રાસ ઈલાકો, મધ્ય પ્રાંતો, મુંબઈ ઈલાકાનો ઘણો ખરો ભાગ, તથા હૈદરાબાદ, મ્હૈસુર, અને બીજાં નાનાં રાજ્યો છે.

૩—દક્ષિણ દેશના ચાર સ્વાભાવિક ભાગ થઈ શકે છે.

१—नर्मदानो प्रदेश (२) शुद्ध दक्षिण (३) पूर्व कांठानो नीचाणनो प्रदेश અને (४) पश्चिम किनारानो नीचाणनो प्रदेश.

૧૦—द्वीपो तथा (बेटो).

૧—ભરતખંડની છેક થડમાં सिंहलद्वीप.

૨—મલબાર કાંઠાપર लक्षद्वीप.

૩—કન્યા કુમારીની દક્ષિણે मालदीव.

૪—મલાયા તથા બ્રહ્મદેશના કાંઠા ભણી आंदामान અને निकोबार છે.

૫—हिंदुस्ताननी પશ્ચિમે અરબી સમુદ્રમાં મુંબઈ બેટ છે તથા સાષ્ટી અથવા એને અંગ્રેજીમાં સાલસિટ કહે છે.

૧૧—पेदाश.

૧—ભરતખંડની જમીનમાં લોઢું અને ત્રાંબું મસ નીકળે છે.

બંગાળા અને મધ્યપ્રાંતમાંથી કોયલા નીકળેછે. તેમાં ઘણીજ અગત્યની કોયલાની ખાણુ ચંદાની સમીપ છે. પંજાબ અને રજપૂત સંસ્થાનોમાંથી મીઠું નીકળેછે; બુંદેલખંડ, પંજાબ, અને બીજી કેટલીક જગ્યા એથી સોનું ને હીરા મળે છે. લંકાની આસપાસ દરિયામાંથી મોતી નીકળેછે. તે આખી દુનિયામાં સર્વોતમ ગણાયછે. તથા ઘણે ઠેકાણેથી સૂરેખાર જડેછે. તેમજ ખેતીની નીપજ પણ ઘણી છે. ઘણી જાતનાં અનાજ નીપજેછે. તથા ઘણાંક ઉપયોગી અને કીમતી વૃક્ષો એ દેશમાં ઉત્પન્ન થાયછે.

१२—हिंदुस्तानना मुख्य द्वीपकल्पो.

१—**काठीआवाडनो द्वीपकल्प हिंदुस्ताननी पश्चिमे** કચ્છ અને ખંભાતના અખાતની વચ્ચે છે.

१३—हिंदुस्ताननी મુખ્ય ભૂશિરો.

१—**दीव**—કાઠીઆવાડ દ્વીપકલ્પની દક્ષિણે.

२—**कोमोरीन**—**हिंदुस्ताननी** દક્ષિણે.

३—**केलीमीयर**—**हिंदुस्तानना** અગ્નિકોણમાં.

४—**पालमाईरास**—હિંદુસ્તાનની પૂર્વે બ્રાહ્મણી અને વૈતરણીના મૂખ આગળ.

५—**निग्रेस**—બરમાની પશ્ચિમે અથવા બ્રહ્મદેશની પશ્ચિમે.

१४—हिंदुस्तानना मुख्य किनारा.

१—**मलबारकांठो**—પશ્ચિમ કાંઠાના દક્ષિણ ભાગને કહેછે.

२—**कोरोमांडल**—પૂર્વ કાંઠાના દક્ષિણ ભાગને કહેછે.

१५—हिंदुस्तानना मुख्य पर्वतो.

१—**हिंदुकुश**—હિંદુસ્તાનની વાયવ્ય કોણમાં છે.

२—**काराकोरम**—કાસ્મીરની ઉત્તરે.

३—**हिमालय**—હિંદુસ્તાનની ઉત્તરે હિમાલય પર્વતનાં ઊંચામાં ઊંચા શિખરો જેવાકે (१) **अवरेस्ट के गौरीशंकर** (२) **धवलगीरी** વગેરે છે.

४—**शिवालीक**—સતલજ અને જમનાની વચ્ચેછે.

५—**सुलेमान**—પંજાબની પશ્ચિમે.

६—**हाला** સિંધ પ્રાંતની પશ્ચિમે.

७—**अरवली**–રજપૂત સંસ્થાનમાં અરવલી પર્વતના દક્ષિણ ભાગમાં રહેલો આબુ પર્વતનું શિખર વધારે ઊંચુંછે.

८—**विंध्याचळ** મધ્ય હિંદુસ્તાનમાં નર્મદાની ઉત્તરે.

९—**सातपुडा**–મધ્ય હિંદુસ્તાનમાં નર્મદા અને તાપીની વચ્ચે.

१०—**सह्याद्रि** અથવા **पश्चिम घाट**–હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાની સમાંતર તાપી નદીથી તે કન્યા કુમારીની ભૂશિર સુધીછે.

११—**पूर्वघाट**–હિંદુસ્તાનના પૂર્વ કિનારાની સમાંતર મહાનદીથી કન્યાકુમારી ભૂશિર સુધીછે.

१२—**निलगिरी**–મ્હૈસુર પ્રાંતની દક્ષિણેછે.

१६—ऊंच प्रदेश.

१—**माळवा**–મધ્ય હિંદુસ્તાનમાં વિંધ્યા પર્વતની ઉત્તરે.

२—**शुद्धदक्षिण**–દક્ષિણ હિંદુસ્તાનમાં પૂર્વ ઘાટ અને પશ્ચિમ ઘાટની વચ્ચેછે.

१७—हिंदुस्तानना मुख्य समुद्र.

१—**अरबी समुद्र**–હિંદુસ્તાનની પશ્ચિમે.

२—**हिंदीमहासागर**–હિંદુસ્તાનની દક્ષિણે.

१८—हिंदुस्तानना मुख्य अखात तथा उपसागर.

१—**कच्छीअखात**–કાઠીઆવાડ તથા કચ્છની વચ્ચે.

२—**खंबातीअखात**–કાઠીઆવાડ દ્વીપકલ્પની પૂર્વે.

३—**मनारनुंअखात**–હિંદુસ્તાન અને સીલોનની વચ્ચે.

४—**वंगाळानो उपसागर**–હિંદુસ્તાનની પૂર્વે.

५—**मार्ताबाननुं अखात**–બ્રહ્માની પશ્ચિમે.

१९—सामुद्रधुनी.

१—**पाकनी सामुद्रधुनी**–હિંદુસ્તાન અને સીલોનની વચ્ચે.

२०—मुख्य सरोवर.

१—**वलर सरोवर**–કાશ્મીરમાં.

२—**मंचर सरोवर**–સિંધપ્રાંતમાં.

३—**सांम्भर सरोवर**–રજપૂત સંસ્થાનમાં અજમેરની ઉત્તરે.

४—**सर सरोवर**—રજપૂત સંસ્થાનમાં જસલમેરની ઉત્તરે.

५—**चिलका सरोवर**—હિંદુસ્તાનના પૂર્વ કિનારાપર મહાનદીના મૂખની દક્ષિણે.

૬—**पुलीकत सरोवर**—હિંદુસ્તાનના પૂર્વ કિનારાપર મદ્રાસની ઉત્તરે.

૭—**कोलर सरोवर**—હિંદુસ્તાનના પૂર્વ કિનારાપર ગોદાવરી અને કૃષ્ણાની વચ્ચે છે.

२१—मुख्यनदीओ.

१—**सिंधुनदी**—તિબેટમાંથી નીકળી કાશ્મીરમાં થઇએ નદી હિંદુકુશ અને હિમાલયની વચ્ચે વહેતી પંજાબમાં પેસેછે અટક આગળ કાબુલ નદીએને મળે છે અને પંજાબની દક્ષિણમાં તે પંચનદને ભેગા થાયછે ત્યાંથી આગળ સિંધપ્રાંતમાં વહે છે ને અરબી સમુદ્રને મળેછે.

२—**सिंधुने मळनारी नदीओना नाम.**

१—**काबुल (पंचनद) (१) जेलम (२) चिनाब(३) रावी (४) बीआ** અને **(५) सतलज** છે.

३—**लूणीनदी**—અરવલી પર્વતમાંથી નીકળી મારવાડ, (જોધપુર) ના થોડાક ભાગમાં વહે છે અને કચ્છનારણને મળે છે.

४—**साबरमती नदी**—અરવલી પર્વતમાંથી નીકળી ગુજરાતમાં વહેછે ને ખંભાતના અખાતને મળે છે:

५—**महीनदी**—માળવાના ઊંચ્ચ પ્રદેશમાંથી નીકળી ગુજરાતમાં વહે છે ને ખંભાતના અખાતને મળે છે.

૬—**नर्मदानदी**—મધ્ય હિંદુસ્તાનના પર્વતમાંથી નીકળી મધ્યપ્રાંત, માળવા, અને ગુજરાતમાં વહે છે ને ખંભાતના અખાતને મળે છે.

૭—**तापीनदी**—સાતપુડા પર્વતમાંથી નીકળીને મધ્યપ્રાંત ખાનદેશ અને ગુજરાતમાં વહે છે ને ખંભાતના અખાતને મળે છે.

૮—**गंगानदी**—હિમાલય પર્વતમાંથી નીકળી, વાયવ્ય પ્રાંત અને બંગાળામાં વહે છે ને બંગાળી ઉપસાગરને મળે છે.

૯—**भागीरथीनदी**—ગંગામાંથી નીકળીને જુદે મુખે બંગાળી ઉપસાગરને મળે છે તેનું નામ હુગલી પાડયું છે.

१०—हुगली नदीने मळनारी नदीओ.

૧—दामोदा (२) रूप नारायण (३) कुशी એ ત્રણ નદીઓ છોટા નાગપુરમાં ઉત્પન્ન થાયછે ને હુગળી નદીને મળે છે.

૧૧—गंगाने मळनारी नदीओना नाम.

૧—જમણે કાંઠે અલાહબાદ પાસે જમના અને પટણા આગળ સોન નદીઓને મળે છે.

૨—ડાબે કાંઠે रामगंगा, गोमती, गोगरा, गंडकी અને काशिकी એને મળે છે.

૧૨—जमना नदीने मळनारी नदीओना नाम.

૧—चंबल, सिंध, અને बतवा એ ત્રણ. નદીઓનો સંગમ જમના જોડે થાય છે. (બનાસ ચંબલને મળે છે.)

૧૩—**ब्रह्मपुत्रा नदीनी उत्पत्ति**—તિબેટમાં છે હિમાલયને પૂર્વ છેડેથી ઉતરી આસામ અને બંગાળામાં વહે છે બ્રહ્મપુત્રની પશ્ચિમમાં આવેલી શાખાનો સંગમ ગંગાની પૂર્વ શાખા જોડે થાયછે.

૧૪—**इरावदीनदी**—બ્રહ્મદેશમાં વહે છે અને મારતાબાનના અખાતને મળે છે.

૧૫—**सुरमा**—એ નદી કાચરડુંગરમાંથી નીકળી સીલહટ્ટની પશ્ચિમે વહેછે ને પછી દક્ષિણમાં વહી બ્રહ્મપુત્ર નદના એક ફાંટાને મળે છે.

૧૬—**सुवर्णरेखा वैतरणी**—અને **ब्राह्मणी** એ ત્રણ નદીઓ છોટા નાગપુરમાં ઉત્પન્ન થાયછે અને ઓઢિઆમાં થઇને બંગાળાના ઉપસાગરને મળે છે.

૧૭—**महानदी**—મધ્ય પ્રાંતમાં ઉત્પન્ન થાય છે અને ઓઢીઆમાં થઇને કટક આગળ બંગાળાના ઉપસાગરને મળે છે.

૧૮—**गोदावरी**—નાશકની સોડે ગોદાવરીનું મૂળછે ત્યાંથી **मुंबई ईलाको**, **हैद्राबाद**, અને **मद्रास ईलाकामां** વહેછે અને બંગાળી ઉપસાગરને મળે છે.

૧૯—गोदावरी नदीने मळनारी नदीओनां नाम.

૧—દક્ષિણ દિશાએથી આવનારી **मंजिरानो** સંગમ ગોદાવરી જોડે થાય છે.

૨—**मध्यप्रांत**, **खानदेश**, અને **वराडना** ઉત્તર દેશો

તરફથી વહેનાર પેનગંગા, વરધા, અને વેનગંગાના એકઠાં થએલાં જળ ગોદાવરીને મળેછે.

२०—કૃષ્ણા, મુંબઈ ઈલાકામાં સતારાની પાસે મહાબળેશ્વર આગળ કૃષ્ણાનદીનું મૂળ છે ત્યાંથી મુંબઈ ઈલાકો, હૈદ્રાબાદ અને મદ્રાસ ઈલાકામાં વહી તે બંગાળી ઉપસાગરને મળે છે.

२१—કૃષ્ણા નદીને મળનારી નદીઓનાં નામ.

(१) વારણા (२) ભીમા, (३) તુંગભદ્રા, અને બીજી ઘણી નદીઓ મળે છે.

२२—કાવેરી કુર્ગમાં ઉત્પન્ન થઈ મ્હૈસુર તથા મદ્રાસ ઈલાકામાં વહી તે બંગાળી ઉપસાગરને મળે છે.

२२—ભરતખંડ કે હિંદના રાજ્ય વિભાગ.

१—મુંબઈ ઇલાકો.
२—મદ્રાસ ઇલાકો.
३—મ્હૈસુર અને કુર્ગનાં સંસ્થાનો.
४—વરાડ સહિત હૈદરાબાદ સંસ્થાન.
५—મધ્ય પ્રાંતો.
६—મધ્યહિંદ એજન્સિનાં સંસ્થાનો.
७—રજપૂત સંસ્થાનો.
८—પંજાબ પ્રાંત.
९—વાયવ્ય પ્રાંતો.
१०—અયોધ્યા પ્રાંત.
११—બંગાળા પ્રાંત.
१२—આસામનો મૂલક.
१३—નેપાળ, ભૂતાન, અને બીજાં સ્વતંત્ર પહાડી સંસ્થાનો.
१४—ભરતખંડ માંહેલા પોર્તુગીઝ અને ફ્રેંચ લોકનાં સંસ્થાનો

२३—હિંદુસ્તાનના મોટા શહેરો તથા તે વિષે જાણવા લાયક હકીકત.

१—મુંબઈ—એ મુંબઈ ઈલાકાની રાજધાનીછે એ બંદર પશ્ચિમ

કાંઠે આખા હિંદુસ્તાનમાં સર્વથી મ્હોટું છે એ વેપારનું મુખ્ય મથક છે ઇ૦ સ૦ ૧૬૬૧ માં પોર્તુગાલના રાજાએ ઈંગ્લાંડના બીજા ચાર્લસ રાજાને એ શહેર કન્યાદાન ભેટે આપ્યું હતું ત્યારથી તે અંગ્રેજ સરકારના તાબામાં છે તેમાં હાલ ૮૨૫૦૦૦ માણસ વસેછે.

૨—**थाणा** } એ હિંદુસ્તાનની પશ્ચિમે અરબી સમુદ્રને
૩—**बांद्रा** } કાંઠે સાષ્ટી બેટમાં છે, અને રેલ્વે સ્ટેશન. છે

૪—**कल्याणी**—એ રેલ્વે સ્ટેશન છે ત્યાંથી રેલ્વેની સડકના બે ફાંટા થાય છે એક પુણે જાયછે અને બીજા નાશક જાયછે.

૫—**वसई**—એ શહેર અગાઉ ફીરંગી લોકને તાબે હતું ત્યાં ફીરંગી લોકે બાંધેલો (કોટ) પડી ગયેલો જોવામાં આવે છે.

૬—**रत्नागिरी** } મુંબઈની દક્ષિણે અરબી સમુદ્રના
૭—**विंगोर्ला** } કિનારાપર બંદર છે ત્યાં હમેશ મુંબઈથી આગબોટ ઉતારૂને લઈ જાય છે ને લાવેછે.

૮—**खडकी**—એ પુણાની નજીક છે તેમાં લશ્કરની મોટી [છાવણી છે.

૯—**पुणा**—એ શહેર મૂળમીઠા નદી પર છે ને રેલ્વે સ્ટેશન છે એ અસલ પેશ્વા સરકારની રાજધાનીનું શહેર હતું હાલમાં ચોમાસામાં મુંબઈનો ગર્વનર ત્યાં રહેછે.

૧૦—**सतारा**—એ શહેર મહાબળેશ્વરની પાસે કૃષ્ણાની પશ્ચિમેછે આ શહેરમાં શીવાજીના વંશ જે આગળ રાજ્ય કરતા હતા.

૧૧—**महाबळेश्वर**—કૃષ્ણા નદીના મૂળની પાસે આવેલું છે મહાબળેશ્વરપાસે માથેરાનના ડુંગર ઉપર મુંબઈ ઇલાકાના લોકોનું હવા ખાવાનું ઠેકાણું છે જ્યાં ગરમીના દહાડામાં મુંબઇનો ગવર્નર જઈ રહેછે.

૧૨—**सोलापुर**—દક્ષિણ પ્રાંતમા વેપારનું મુખ્ય મથક છે અને તે રેલવે સ્ટેશનછે પુણેથી સોલાપુર રેલ્વે જાયછે.

૧૩—**नाशक**—ગોદાવરી નદીને તીરે હિંદુ લોકનું મોટું તીર્થછે.

૧૪—**अहमदनगर**—દક્ષિણમાં અગાઉ એ શહેરમાં ચાંદબીબી નામની લડાયક સ્ત્રી ત્યાં રાજ કરતી હતી તેને ઇ. સ. ૧૫૯૯ માં તેના સીપાઇઓએ દગાથી મારી નંખાવી એ શહેરને કેટલાક ચાંદબીબીનું નગર કહેછે.

૧૫—ધુળીઆ—ખાનદેશ જીલ્લાનું મુખ્ય શહેરછે.

૧૬—ધારવાડ—એ દક્ષિણમાં ધારવાડ જીલ્લાનું મુખ્ય શહેરછે.

૧૭—હુબલી
૧૮—બેલગામ } એ ધારવાડ જીલ્લામાં મોટા ગામછે.
૧૯—કલાદગી

૨૦—બીજાપુર—એ શહેર મુસલમાન રાજાઓના વખતમાં ઘણું પ્રખ્યાત હતું પણ હાલમાં ત્યાં ઘણી સુંદર ઇમારતો જોવામાં આવેછે સોલાપુરથી બીજાપુર રેલવે જાયછે.

૨૧—તલીકોટ—કૃષ્ણા નદીની ઉત્તરેછે ત્યાં ઈ૦ સ૦ ૧૫૬૫માં લડાઈ થઈ તેમાં દખણના સુલતાનો એ સાથે મળી વીજય નગરના રાજ્યનો અંત આણ્યો.

૨૨—કારવાડ—એ ઉત્તર કાનડા જીલ્લાનું મુખ્ય શહેર અને મોટું બંદર છે તથા મુંબઈને કરાંચીની પેઠે ચોમાસામાં વહાણોનું રક્ષણ થઈ શકે એવું તેનું બારૂં છે.

૨૩—કુંપટા } એ કારવાડની દક્ષિણે અરબી સમુદ્રને કાંઠે
૨૪—હોનાવળ } મોટા બંદર છે.

૨૫—કોલાપુર—આ શહેરમાં શીવાજીના વંશનો રાજા રાજ કરેછે એ દેશી સંસ્થાનનું મુખ્ય શહેર છે.

૨૬—જુન્નર—એ શહેરમાં ઈ. સ. ૧૬૨૭ માં શિવાજીનો જન્મ થયો હતો.

૨૭—અમદાવાદ—ગુજરાત પ્રાંતનું મુખ્ય શહેર સાબરમતી નદીના કાંઠાપર છે સુલતાન અહમદશાહે ઈ૦ સ૦ ૧૪૧૨ માં વસાવ્યું.

૨૮—ખેડા—એ ખેડા જીલ્લાનું મોટું શહેરછે.

૨૯—નડીઆદ—ખેડાજીલ્લાનું મોટું ગામછે.

૩૦—ભરૂચ—નર્મદા નદીને કાંઠેછે.

૩૧—સુરત—તાપી નદીને કાંઠેછે એ પહેલાં પશ્ચિમ હિંદુસ્તાનમાં ઘણું નામીચું ગણાતું હતું સને ૧૬૧૨ માં અંગ્રેજ લોકો વેપારને માટે એ શહેરમાં કોઠી કરી હતી.

૩૨—ભૂજ—કચ્છ રાજ્યનું મુખ્ય શહેર ઈ૦ સ૦ ૧૬૦૫ માં રાવશ્રી ખેંગારજીએ વસાવ્યું.

૩૩—**मांडवी**-કચ્છમાં મોટું બંદરછે.

૩૪—**वडोदरा**-ગાયકવાડ સરકારની રાજધાનીનું શહેર વીશ્વામિત્રી નદીના કાંઠાપર છે.

૩૫—**खंभात**-મહી નદીને કાંઠેછે એ શહેરમાં એક મુસલમાન નવાબ રાજા રાજ કરેછે ઈ૦ સ૦ ૧૨૯૭ માં અલાઉદીનની ફોજે જીતી લીધુ તે શહેરમાંથી કેટલાક ગુલામો પકડ્યા હતા તેમાં મલેક કાફુર કરીને હતો તેણે આગળ જતાં મોટું નામ કાઢ્યું.

૩૬—**राजकोट**-કાઠીઆવાડ પ્રાંતનું મુખ્ય શહેર આજી નદીને કાંઠે છે ત્યાં પોલીટીકલ એજંટ રહેછે.

૩૭—**भावनगर**
૩૮—**जुनागढ**
૩૯—**नवानगर**
} એ કાઠીઆવાડના દેશી રાજાઓના મુખ્ય શહેરો છે.

૪૦—**पोरबंदर**-કાઠીઆવાડની પશ્ચિમે અરબી સમુદ્રને કિનારે બંદર છે અને તે પોરબંદરના રાણાને તાબે છે.

૪૧—**वेरावळ**-કાઠીઆવાડની નૈરૃત્યે અરબી સમુદ્રને કિનારે બંદર છે અને તે જુનાગઢના નવાબને તાબે છે.

૪૨—**प्रभासपाटणनगर**-કાઠીઆવાડની નૈરૃત્ય દીશાએદરિઆ કિનારે છે ત્યાં સોમનાથનું દેહેરૂં હાલ પડી ગયેલું જોવામાં આવે છે ત્યાં ઈ૦ સ૦ ૧૦૨૪ માં મહમદ ધીઝનીએ સ્વારી કરી હતી.

૪૩—**अणाहिलपुर**-એ ગૂજરાતની અસલી રાજધાનીનું શહેર ઈ૦ સ૦ ૭૪૬ માં વનરાજ ચાવડાએ વસાવ્યું હતું તે સિધપુરથી બારગાઉઉપર છે તેને પાટણ કહે છે એ ગાયકવાડને તાબેછે.

૪૪—**द्वारका**-એ હિંદુસ્તાનની પશ્ચિમે હિંદુલોકના તીર્થનું મોટું ધામ છે તથા બંદર છે તે ગાયકવાડ સરકારને તાબે છે.

૪૫—**शिकारपुर**-એ શિકારપુર જીલ્લાનું મુખ્ય શહેર સિંધુનદીની પશ્ચિમે છે એમાં વેપાર રોજગાર સારો ચાલે છે શિકારપુરને આગળ ખોરાસાનની બાગોળ કહેતા.

૪૬—**हैद्राबाद**-એ સિંધ પ્રાંતનું મુખ્ય શહેર સિંધુનદીને પૂર્વ કાંઠે છે.

૪૭—**करांची**–મુંબઈ ઇલાકાનું બીજું મોટું બંદર ગણાયછે એ સિંધ પ્રાંતમાં મુખ્ય વેપારનું મથક છે.

૪૮—**सक्कर**–એ સિંધુનદીને કાંઠે બોલન ઘાટના વેપારનું મુખ્ય સ્થળ છે.

૪૯—**लारखाना** } એ બે મોટા કસ્બા છે લારખાના
૫૦—**रोहरी** } સિંધુનદીની પશ્ચિમે રેલ્વે સ્ટેશન છે અને રોહરી સિંધુનદીની પૂર્વે ખૈરપુર પાસે છે.

૫૧—**उमरकोट**–એ થરપારકર પ્રગણાનું મુખ્ય શહેર છે એ શહેરમાં ઈ૦ સ૦ ૧૫૪૩ માં અકબરનો જન્મ થયો હતો.

૫૨—**खैरपुर**–એ ખૈરપુર સંસ્થાનનું મુખ્ય શહેર ખૈરપુર સંસ્થાન સિંધપ્રાંતમાં ઈશાન કોણમાં છે તે મીરઅલ્લી મુરાદના તાબામાં છે.

૫૩—**कोटी**–એ રેલ્વેસ્ટેશન સિંધુનદીની પશ્ચિમે છે. હૈદરાબાદ ને રસ્તે કરાંચી કોટ્રી સુધી રેલ્વે છે ત્યાંથી આગળ એ સડક સક્કર થઇને પંજાબ પ્રાંતમાં જાયછે.

૫૪—**ठट्ठा**–સિંધુ નદીના મુખ આગળ પશ્ચિમે છે બળવા ખોરોની પછવાડે જતાં ઈ૦ સ૦ ૧૩૫૧ માં એ શહેરમાં મહમદ તઘલખ મરણ પામ્યો.

२४—मद्रास इलाको.

૧—**मद्रास**–ઈ૦ સ૦ ૧૬૩૯ માં અંગ્રેજે ફોર્તસેંત જયોર્જ બાંધ્યો તેની આસપાસ વસ્તી વધીને હાલ એ ઇલાકાની રાજધાની મદ્રાસ શહેર બન્યું છે એમાં હાલ ૪,૪૯,૯૫૦ લોક વસે છે એ કોરોમાંડલના કિનારાપર એક મોટું બંદર છે અને રેલ્વેસ્ટેશન છે તથા મદ્રાસ ઇલાકાનો ગવર્નર એ શહેરમાં રહેછે.

૨—**गंजाम**–ઉત્તર સિરકાર પ્રાંતની ઉત્તરે બંગાળાના ઉપસાગરને કિનારે બંદર છે.

૩—**विशागपट्टण**–એ ઉત્તર સિરકાર પ્રાંતમાં બંગાળાના ઉપસાગરને કિનારે બંદર છે.

४—**कोकणद्**—એ ઉત્તર સિરકાર પ્રાંતની દક્ષિણે ગોદાવરી નદીના મુખ આગળ બંદર છે.

५—**नेगापट्टण**—એ કોરોમાંડલને કિનારે બંદર છે તથા રેલ્વે સ્ટેશન છે એ અગાઉ વલંદાલોકોનું સંસ્થાન હતું.

६—**तुतिकोरिन**—મનારના અખાતને કિનારે બંદર છે.

७—**कोची**—મલબાર કાંઠે ત્રાવણકોરની પશ્ચિમે એક બંદરછે આ શહેરમાં મોટા વહાણો બંધાય છે.

८—**कालिकत**—મલબાર પ્રાંતનું મુખ્ય શહેર અરબી સમુદ્રને કાંઠે બંદર છે. એ બંદરેથી સાગનું લાકડું, મરી, અને નાળિએર દેશાવર ખાતે ચઢે છે. એ રેલ્વે સ્ટેશન છે મદ્રાસથી એક સડક કાલીકટ જાયછે.

९—**तलिचेरी**
१०—**नानानुर** } અરબી સમુદ્રના કિનારાપર બંદર છે.

११—**मंगलोर**—અરબી સમુદ્રના કિનારાપર બંદર છે તથા દક્ષિણ કાનડાનું મુખ્ય શહેર છે.

१२—**मच्छलीपट्टण**—બંગાળાના ઉપસાગરને કાંઠે કૃષ્ણા નદીના મૂખ આગળ બંદર છે તથા ઉત્તર સિરકારનું મુખ્ય શહેર છે એ બંદર બંગાળાના ઉપસાગરને કાંઠે કૃષ્ણા નદીના મુખ આગળ ઉત્તર સિરકારનું મુખ્ય શહેર છે.

१३—**राजमंदरि**—એ ગોદાવરી નદીને તીરે ઉત્તરે સિરકાર પ્રાંતનું મુખ્ય શહેર છે.

१४—**कर्णाटक**—કર્ણાટક પ્રાંતની અસલની રાજધાની ઇ० स० १७५१ માં લાર્ડકલાઇવે જીતી લીધું.

१५—**कोंजेवरम (कांची)** એ પાલર નદીને કાંઠે છે.

१६—**त्रिचिनोपोली**—કર્ણાટકમાં મદ્રાસથી ઉત્તરેનું, મોટામાં મોટું શહેર ત્રિચિનોપોલી કાવેરી નદીને કાંઠેછે પહેલાં એ હિંદુરાજ્યની રાજધાનીહતી.

१७—**मुंदाकल**—એ રેલ્વે સ્ટેશન છે ત્યાંથી એક સડક મદ્રાસ તરફ તથા બીજી બલ્લારી જાયછે.

१८—**बल्लारी** } બલ્લારી એ રેલ્વેસ્ટેશન તુંગભદ્રાની દક્ષિણે
१९—**कडपा** } છે કડપા પન્નારની દક્ષિણે રેલ્વેસ્ટેશનછે આ
બે શહેરો કર્ણાટકનો વાયવ્ય ભાગ સને ૧૮૦૦ માં નિઝામે અંગ્રેજોને આપ્યો તેમાં એ મુખ્ય શહેરો છે.

२०—**बाईपुर**—મલબાર કાંઠે રેલ્વેસ્ટેશન છે ત્યાં થઇને કાલીકટ સુધી રેલ્વે જાયછે.

२१—**सेलम** } એ કર્ણાટકમાં મોટાં કસ્બા છે એ બે શહેર
२२—**मदुरा** } ઈ० સ० ૧૭૯૨ માં ટીપુ પાસેથી લીધા.

२३—**कोईंबटुर**—એ કર્ણાટકમાં છે સને ૧૭૯૯ ટીપુ મુઆ પછી લીધું.

२४—**उत्ताकामंड**—નિલગીરી પાસે એક હવાવાળી ઊંચી ટેકરી છે જ્યાં ગરમીના દહાડામાં મદ્રાસનો ગવર્નર જઈ રહેછે.

२५—**त्रिवानद्रम**—એ ત્રાવણકોર રાજ્યનું મુખ્ય શહેર છે એ રાજ્ય ઉપર હિંદુ મહારાજાનો અમલ છે.

२६—**त्रिचुर**—એ મલબાર અને ત્રાવણકોરની વચ્ચે કોચીનનું મુખ્ય શહેર છે તે પર હિંદુ મહારાજાનો અમલ છે.

२७—**म्हैसुर**—એ મ્હૈસુર પ્રાંતની રાજધાની કાવેરીના દક્ષિણ તીરે છે તથા એનાપર ટીપુ સુલતાનના વંશનાં રાજ્ય કરેછે.

२८—**शेरिंगापटण**—એનો કિલ્લો કાવેરી નદીમાંના ટાપુ ઉપર બાંધેલો છે એ શહેર સને ૧૭૯૯ માં અંગ્રેજો એ હુમલો કરીને લીધું જે વખતે ટીપુ માર્યો ગયો.

२९—**बंगलोर**—મ્હૈસુરની પૂર્વે છે એમાં મુખ્ય કમિશ્નર રહેછે.

३०—**मर्कारा**—એ કુર્ગનું મુખ્ય શહેર છે કુર્ગપ્રાંત ૧૮૩૪ માં અંગ્રેજો એ ત્યાંના લીંગાયત રાજાને પદભ્રષ્ટ કરી તાબે કર્યો.

३१—**हैद्राबाद**—એ નિઝામની રાજધાની કૃષ્ણાને મળનારી મુશીનદીના કાંઠાપર છે તેમાં અંગ્રેજી રેસીડેન્ટ રહે છે.

३२—**औरंगाबाद**—આગલા વખતની સુંદર ઇમારતો માટે પ્રખ્યાત છે.

૩૩—**दौलताबाद (देवगड)**–નો કિલ્લો વખણાય છે ઈ૦ સ૦ ૧૩૪૭ માં મહમદ તઘલખે પોતાની રાજધાની દીલ્લીમાંથી ફેરવી દક્ષિણે દોલતાબાદમાં કરી હતી.

૩૪—**पैठण**–એ ગોદાવરી નદીને કાંઠે આવેલું છે ત્યાં શાલીવાહન નામે પ્રખ્યાત રાજા રાજ્ય કરતો હતો તેના વરસને શક કહે છે તે હજી ચાલે છે.

૩૫—**जालना**–ઔરંગાબાદની પૂર્વેછે એમાં રેસમી કાપડ થાય છે અને એ શહેરમાં અંગ્રેજના લશ્કરની છાવણી છે.

૩૬—**बेदर**–એ મંજીરા નદી ઉપર છે ત્યાં સોનાં રૂપાની કારીગારી વાળા પીતળનાં વાસણ વખણાય છે.

૩૭—**रैचुर**–એ રેલ્વેસ્ટેશન કૃષ્ણા નદીની દક્ષિણે છે મુંબઇથી રૈચુર થઇને મદ્રાસ તરફ રેલ્વે જાય છે.

૩૮—**ईलोरा**–પર્વતમાંથી કોતરી કાઢેલા દહેરાંને માટે પ્રખ્યાત છે એ શહેર કર્ણાટક પ્રાંતની ઉત્તરમાં ગોદાવરીને કૃષ્ણા નદીની વચ્ચે છે.

૩૯—**वारंगुळ**–એ હૈદરાબાદની પૂર્વે ગોદાવરી નદીની દક્ષિણે છે એ અસલ તેલંગણની રાજધાની હતી.

૪૦—**गोळकुंडा**–એ હૈદરાબાદની પાસે છે ને તે હિરાની ખાણોને માટે પ્રખ્યાત છે.

૪૧—**शिकंद्राबाद**–એ હૈદરાબાદની ઉત્તરે છે એ શહેરમાં અંગ્રેજી લશ્કરની છાવણી છે.

૪૨—**उमरावती**–એ વરાડ પ્રાંતની રાજધાની છે અને રૂના વેપારને માટે પ્રખ્યાત છે ને એ રેલ્વેસ્ટેશન છે નાગપુર રેલ્વેની એક શાખા ઉમરાવતી જાય છે.

૪૩—**खामगाम**–એ વરાડ પ્રાંતનું મુખ્ય શહેર છે અને રૂના વેપારનું મુખ્ય મથક છે ને એ રેલ્વેસ્ટેશન છે નાગપુર રેલ્વેની એક શાખા ત્યાં જાયછે.

૪૪—**इलिचपुर**–એ વરાડ પ્રાંતમાં તાપી નદીના મૂળ આગળ છે એ અસલ વરાડ પ્રાંતની રાજધાની હતી.

૪૫—**अकोला**—મુંબઇથી નાગપુરજતી રેલ્વેની સડક ઉપર સ્ટેશન છે.

૪૬—**कारिंगा**—વરાડ પ્રાંતમાં દક્ષિણે છે.

૪૭—**तांजोर**—એ શહેર કર્ણાટકમાં રેલ્વે સ્ટેશન છે ત્યાંથી નેગાપટણ બંદર સુધી રેલ્વેની સડક જાય છે.

૨૫—मध्यप्रांतो.

૧—**नागपुर**—એ મધ્ય પ્રાંતની રાજધાની છે અને તેમાં મોતી જોડા વખણાય છે મુંબઇથી નાગપુર સુધી રેલ્વે જાયછે.

૨—**सिताबलदी**—એ નાગપુરની ઉત્તરે ડુંગરી કિલ્લો છે.

૩—**कामपटी**—એ નાગપુરની ઉત્તરે બાર મૈલને અંતરે છે એમાં લશ્કરની છાવણી છે.

૪—**सागर**—એ મધ્ય પ્રાંતમાં ઉત્તરે છે અને એ શહેરમાં અંગ્રેજી છાવણી છે સને ૧૮૧૮ ભોસલા સાથે લડાઇમાં અંગ્રેજને એ મુલક મળ્યો.

૫—**जबलपुर**—એ નર્મદાની ખીણમાં રેલ્વે સ્ટેશન છે અને તેની પાસે પ્રસિદ્ધ આરસના ડુંગર છે ત્યાં થઈને અલાહાબાદ સુધી રેલ્વે જાય છે.

૬—**रायपुर**—મધ્યપ્રાંતમાં પૂર્વે છત્તીસ ગઢમાં છે તથા મુંબઈથી રાયપુર સુધી રેલ્વેની સડક છે.

૭—**विलासपुर**—એ શહેર મધ્યપ્રાંતની પૂર્વે છે ને વિલાસપુર જીલ્લાનું મુખ્ય શહેર છે.

૮—**चंदा**—એ મધ્ય પ્રાંતની દક્ષિણે ને પેનગંગાની ઉત્તરે છે અને તેની પાસે કોયલાની ખાણો છે.

૯—**नरसिंगपुर** }
૧૦—**हशंगाबाद** } એ નર્મદાની ખીણમાં મોટા ગામ છે ને રેલ્વ સ્ટેશન છે.

૧૧—**बैतुल**—સાતપુડાના ઉંચા પ્રદેશમાં બૈતુલ પ્રાંતનું મુખ્ય શહેર બૈતુલ છે.

૧૨—आशिरगढ–મધ્યપ્રાંતમાં સાતપુડા પર્વતની દક્ષિણે બરાનપુરની પાસે પ્રખ્યાત ડુંગરી કિલ્લો છે એ શહેરને મુગલાઈ રાજ્યોમાં દક્ષિણની ભાગોળ કહેતા એ શહેર તાપી નદીની ઉત્તરમાં છે.

૧૩—बरानपुर–આશિરગઢની થોડેક છેટે એ નામનું પ્રખ્યાત મુસલમાની શહેર છે અને તેમાં કસબી વણાટ સારો થાય છે.

૧૪—वरधा } એ મધ્ય પ્રાંતમાં વર્ધા જીલ્લાનું મુખ્ય શહેર
૧૫—मंडोरा } રેલ્વે સ્ટેશન છે ત્યાંથી રેલ્વેની એક સડક નાગપુર જાય છે અને બીજી હીંગણઘાટ જાયછે એ મધ્ય પ્રાંતમાં ભંડોરા જીલ્લાનું મુખ્ય શહેર છે એમાં ભરત કામ વખણાય છે.

૧૬—सिरोंचा–એ શહેરની પાસે પ્રાણહિતા અને ગોદાવરીનો સંગમ થાય છે.

૧૭—संबळपुर–એ છત્તીસ ગઢમાં તેની પૂર્વે સંબળપુર પ્રાંતનું મુખ્ય શહેર છે સને ૧૮૦૩ માં મરાઠા ભોસલા પાસેથી અંગ્રેજે લીધું.

૧૮—बस्तर–છત્તીસગઢ પ્રાંતની દક્ષિણે એક દેશી રાજ્યનું મુખ્ય શહેર છે.

૧૯—हिंगणघाट–રૂના વેપારને માટે પ્રખ્યાત છે અને રેલ્વે સ્ટેશન છે વર્ધાથી તે હિંગણઘાટ સુધી રેલ્વેની સડક બાંધી છે.

१—बंगाळी उपसागरने मळनारी नदीओ.

ગંગા, ભાગીરથી, સુવર્ણરેખા, વૈતરણી, બ્રાહ્મણી, બ્રહ્મપુત્રા, મહા, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી.

२—खंभाती अखातने मळनारी नदीओ.

સાબરમતી, મહી, નર્મદા, તાપી.

३—मारता बानना अखातने मळनारी नदी.

ઇરાવદી.

४—अरबी समुद्रने मळनारी नदी.

સિંધુ.

५—कच्छना रणने मळनारी नदी.

લૂણી.

गूजराती पांचमी चोपडीना अर्थ.

આ ચોપડીમાં છોકરાઓને વ્યાકરણનું જ્ઞાન સારી પેઠે થાય તેને માટે પાઠમાં આવેલો દરએક શબ્દ વ્યાકરણમાં કયા વર્ગનો ગણાય છે તે શબ્દની સાથે લખી જણાવ્યું છે, અને તેની સમજવાની નિશાની ટૂંકામાં નીચે મુજબ કરી છે તે પ્રમાણે વાંચીને સમજવું.

(ના) નામ.	(વિ) વિશેષણ.	(અ) અવ્યય.
(સ) સર્વનામ.	(ક્રિ) ક્રિયાપદ.	(કૃ) કૃદંત.

પાઠ ૧ લો.

રાજભક્તિ (ના) રાજાના ઉપર પ્રેમભાવ.
ધર્મપુસ્તકો (ના) શાસ્ત્રોના ગ્રંથો.
અમલ (ના) રાજસત્તા
અન્યાય (ના) ગેર ઈનશાફ.
સંરક્ષણ (ના) સંભાળ.
ખામી (ના) ખોડ.
તજતા (કૃ) છોડતા.
બખેડા (ના) મારામારી, ટંટો.
સંપત્તિ (ના) ધનદોલત.
અણસમજુ (વિ) સમજ વગરનો.
ફિતુર (ના) તોફાન હુલ્લડ.
ખરાબી (ના) પાયમાલી.
બંડખોર (વિ) તોફાની, ફિતુરી.
બળવો (ના) બંડ, ફિસાદ. [ગાળો.
જાનમાલ (ના) જીવન-
પ્રતિનિધિ (ના) બીજાને બદલે કોઈપણ કામમાટે નીમાયલો અધિકારી.
સ્વર્ગવાસી (વિ) પરલોકવાસી, વૈકુંઠવાસી, બેહસ્તનશીન.

પાઠ ૨ જો.

મહારાણીજી (ના) મોટાં રાણી સાહેબ.
અચળ (વિ) જે ખસે નહીં તે હમેશાં કાયમ.
કરૂણા (ના) દયા.
કુશલ (ના) તાજગીર, ખુશાલ.
વિધવિધ=તરેહ તરેહ.
સંહાર (ક્રિ) નાશ, ઘાણ
હામ (ના) હિમ્મત.
વિજ્યાકુંવરી (ના) વધારે જશવાળી છોકરી.
અમરવેલ (ના) મરે નહીં એવો વેલો.
કૃપાનાથ (ના) દયા રાખનાર ધણી.
અખંડ (વિ) ખાંડો નહીં તે, આખો.
સોહાગ (ના) શોભાગ.
પરિવાર (ના) કબીલો, વંશ.
દીપાવડો (વિ) શોભાવતો.

સમાજ (ના) મંડળી, સભા.
અફળ (વિ) ફોકટ, મિથ્યા.
વડી (વિ) મોટી.
કૃપા (ના) મેહેરબાની.
હૈડું (ના) દીલ, મન, હૈયું.
હર્ષ (ના) હરખ, ખુશી.
કલ્યાણ (ના) સારૂં, રૂડું.
દિનદિન (અ) દહાડે દહાડે.
ચડતીકળા (ના) આબાદાની, આબાદી.
સંહારજો (ક્રિ) નાશ કરજો.
દુષ્ટ (વિ) પાપી, ખુની.
વિજયા (ના) વધારે જશ, વધારે આબરૂ.
જગતપતિપણું (ના) દુનિયાનું ઉપરી પણું.
અખૂટ (વિ) ખુટે નહીતે.
સમય (ના) વખત, વેળા.
સહાય (ના) દુઃખ, સંકટ.
કષ્ટ (ના) દુઃખ, સંકટ.
કૃપાનિધિ (ના) દયાનો ભંડાર.
ઊપજ્યો (વિ) થયો.
અથાગ (વિ) જેનો થાગ નહીં, ઘણોજ.
જગ (ના) જગત, પૃથ્વી.
ન્યાય (ના) ઈનસાફ.
સુજશ (ના) સારોજશ, કીર્તિ.
જામજો (ક્રિ) પથરાજો.
ગુણીજન (ના) ગુણવાળો.
દયાવંત (ના) દયાવાળો.
દિસેછે (ક્રિ) દેખાયછે.
રાજસમાજ (ના) રાજમંડળી, રાજસભા.
રક્ષા (ના) રક્ષણ, સંભાળ.
જયજયકાર (ના) ફતેહ.

(કવિતાની સમજુતી). (૧).

હે પ્રભુ! અમે એટલું માગીએ છીએ કે, મોટી દયાળુ વિકટોરીઆ રાણી ઘણાં વર્ષ જીવો; તમો કરૂણા કરીને એટલું આપો કે હમારા દીલમાં પૂરો હરખ પામીએ (વિકટોરીઆ ઘણાં વર્ષજીવો). (૧).

સદાકાળ એની હકુમત હમારા પર રાખજો. અને દયા લાવી એનું રક્ષણ કરી કલ્યાણ કરજો; દહાડે દહાડે એની આબાદાની થઈને દોલત વધજો; જેથી કરીને એ ઘણી કીર્તિ પામો (વિકટોરીઆ) (૨).

એના સઘળા દુશ્મનોનો ઘાણ વાળજો પાપી માણુસની મેહનત ફોકટ જજો; એ વધારે જશવાળી કુવરીનો વધારે જશ વધારજો, જે કે દુનિઆંનુ ઉપરીપણું ચલાવવા જોગ છે. (વિકટોરીઆ) (૩).

પ્રભુ તું ખુટે નહીં તેટલી દોલત એને આપજે, ને સઘળા વખતે એની મદદમાં રેહેજે; હે દયાના ભંડાર ઈશ્વર એના સઘળા દુઃખ કહાડી નાંખજે; કે જેની કીર્તિ જગમાં ઘણી થાય. (વિકટોરીઆ) (૪).
એના રાજમાં માણુસ સુખી થયા સદાકાળ એનો શોભાગ આખો રેહેજે

(ખંડીત થતો નહીં); જેથી કરીને જુલમના દુઃખ દુર થયા, તે મનમાં અથાગ હરખ ઊપજે (વિકટોરીઆ.) (૫).

આખી પૃથ્વીપર સદાકાળ એ કાયમ રહેજો. એનો ઇનસાફ સદા વાજબીજ છે; એનો સારો જશ જગત મધ્યે પથરાજો કે જે ગુણીજન માણસ પુસ્તકમાં લખી જાય. (વિકટોરીઆ). (૬).

જેના સદગુણ રાજનું મંડળ દયા ભરેલું મઝાનું દેખાવડું જણાય છે; એને ચિતેચોગણી હિમ્મત વધજો, ને મહારાજ (ઇશ્વર) એનું સારૂં રક્ષણ કરો. (વિકટોરીઆ). (૭).

જેનો નાશ નહીંજ થાય એવો જેમ વેલો વધે, તેમ એનો પરિવાર વધજો; દલપતરામ કવિ કેહે સઘળા સારા માણસો, બોલો એકવાર વિકટોરીઆ રાણીની જે, જે જે (વિકટોરીઆ) (૮).

પાઠ ૩ જો.

જાહેરનામું (ના) ઢંઢેરો.
રાજ્યકારભાર (ના) રાજ્ય વહીવટ.
નામદાર (વિ) માનવંત.
સ્થાપન (ના) મંડાણ, શરૂઆત.
હેતુ(ના)મતલબ, કારણ.
વ્યવસ્થા (ના) બંદોબસ્ત.
ઇતિહાસ (ના) તવારીખ, વૃત્તાંત.
વતી (અ) તરફથી.
અધિકાર (ના) સત્તા.
પાર્લામેન્ટ (ના) રાજસભા.
સનંદ (ના) પરવાનો.
કૈસરેહિન્દ (ના) શેહનશાહબાનું.
ઇલ્કાબ (ના) ખેતાબ.
દરબાર (ના) રાજસભા.
ઠાઠ (ના) ભપકો, દબદબો,

પાઠ ૪ થો.

અલાહાબાદ(ના) પ્રયાગ.
માલકા (ના) રાણી.
માઆઝમા (ના) મહાન કે મોટી.
ઇંગ્લિસ્તાન (ના) ઇંગ્રેજોનો દેશ, ઇંગ્લાન્ડ.
સરદાર (ના) જાગીરદાર.
પ્રસિદ્ધ (વિ) જાણીતું, ખુલ્લું.
ગવરનર જનરલ (ના) વાઇસરોય, મુખ્ય સુબો, વડો હાકેમ.
સાદર (ના) જાહેર.
દર (અ) માં.
ઇજલાસ (ના) બેઠક.
સંયુકત.(વિ) જોડેલું.
વસાહતી (ક્રિ) વસ્તી.
ઉપરાજ્યો (ના) ખંડીઆ મુલકો.
ધર્મસંરક્ષક (ના) ધર્માચરણમાંથી હરકત દુર કરનાર.
મહત્વ (ના) જરૂરના.
સ્પિરિચ્યુઅલ (ના) ધર્મખાતાના વડા અધિકારીઓ, આચાર્યો.

ટેમ્પરલ (ના) સામાન્ય અમીરો.
કોમન (ના) લોકોએ પસંદ કરેલા મુખ્યત્યારો.
અનુમત (ના) સંમતી.
વારસો (ના) વંશજો.
જાયનિશી (ના) પાછળ ગાદીપર બેસનારા.
ઇમાન (ના) આકીન.
વિશ્વાસુ (વિ) ભરોસા લાયક.
વકોંટ (ના) અમીરની એક પદવીનું નામ છે.
યોગ્યતા (ના) લાયકી.
શાહાણપણ (ના) ડહાપણ.
સ્ટેટ સેક્રેટરી (ના) હિન્દુસ્તાનનો પ્રધાન.
નીમેલા (ક્રિ) મુકરર કરેલા, ઠરાવેલા.

પાઠ ૫ મો.

રજવાડા (ના) દેશી સંસ્થાન.
તહનામાં (ના) લખેલો સલાહનો કોલકરાર.
કરારનામાં (ના) સંધી, સરતપટા.
ધક્કો (ના) નુકસાન.
અધિકાર (ના) સત્તા
દરજ્જો (ના) પદવી, હોદ્દો.
મરતબો (ના) મોભો, આબરૂ.
આબાદાની (ના) ચઢતી, સુખશાંતી.
બઢતી (ના) વૃદ્ધી, ચઢતી.
સ્વસ્થતા (ના) શાંતી, નિરાંત.
વ્યવસ્થા (ના) ગોઠવણ, બંદોબસ્ત.
અવશ્ય (અ) જરૂર.
વાસ્તવિક રીતે (અ) ખરી રીતે.
અંતકરણ (ના) ખરા દીલ.
સમાધાન (ના) શાંતી.
સ્વીકાર (ના) અંગીકાર.
આશ્રય (ના) મદદ, આશરો.
નિષ્પક્ષપાત (અ) તરફદારી ન કરે તેવો.

પાઠ ૬ ઠ્ઠો.

પ્રમાણિકપણે (અ) સચાઇથી.
અનુકૂળ (વિ) જોગવાઈ.
બેહિક્કત (અ) વગર હરકતે.
સુરક્ષિત (વિ) સારી સંભાળ.
ફસાવ્યા (ક્રિ) ઠગ્યા.
પ્રવૃત (કૃ) ઉશકેર્યા.
પ્રાપ્ત (કૃ) મળ્યા.
સામર્થ્ય (ના) બળ, જોર.
ખુનરેજી (ના) કાપાકાપી, કતલ.
ગુન્હેગાર (ના) અપરાધી.
કબુલમંજુર (વિ) માન્ય છે.

પાઠ ૭ મો.

પ્રત્યક્ષ (વિ) સાક્ષાત, સીધા, સન્મૂખ.
વિરૂદ્ધ (વિ) ઉલટુ, સામુ.
આગેવાન (ના) મુખી.
જીવદાન (ના) પ્રાણદાન.
બેઇમાન (વિ) અપ્રમાણીક, બેવફા.
રહેમ (ના) દયા.
ઉત્તેજન (ના) મદદ.
લોકોપયોગી (ના) સાર્વજનિક, સર્વોપયોગી.
કૃતઘ્નતા (ના) બેવફાદારી, કૃતઘ્નીપણું.
કલ્યાણ (ના) ભલુ.
શક્તિમાન (ના) સમર્થ.

। (ના) અરજ, નંતી.

ાઠ ૮ મો.

વિ) સાચું.
(ના) હિમ્મત.
। (ના) ઠેકાણો
(ના) જોસ્તાન.
ાટમાં ચોપડીઓ ારે ઘાલેલું તે).
કતો (કૃ) બકતો.
જ (ના) તોર.
(કૃ) અડકતી.
વિ) મુગા.
(ના) રીસ.
વાજબી, બરાબર
(કૃ) હળીમળીને
ાતુ.
૧ (ના) દાખલા
ના) પથ્થર પાટી.
ી (વિ) બરાબર.
જબી (વિ) ખોટું.
ણુ (ના) અક્કલ.
(ના) સબબ.
। (ના) ઉત્તર.

ાઠ ૯ મો.

ના) રાતનું ભો- ન.
ના) ગુસ્સો.
(ક્રિ) નરમ પડયો.

મીઠાં (વિ) નરમાસ ભરેલા.
વચન (ના) શબ્દ.
લેહ (ના) ધ્યાન.
વખતસર (અ) બરાબર વખતે.
ખોટું (વિ) ખરાબ.
છેતર્યા (કૃ) ઉડાવ્યા.
ભૂંડું (વિ) માઠું.
ઉલટો (વિ) સામો.
પાડ (ના) ઉપકાર.
વાંક (ના) તકસીર.
અટકાવ્યો(ક્રિ)ખાળ્યો.
વર્ગ (ના) કલાસ.
પક્કી (વિ) ખરેખરી.
ખાતરી (ના) પતીજ.
પરીક્ષા (ના) તપાસ.
ઠરાવ્યું (કૃ) નક્કી કીધું.
મદદ (ના) સહાય.
માઠું (ના) ખરાબ
ભૂલ (ના) ચુક.
ભલા (વિ) સારા.
હમેશા (અ) રોજ.

પાઠ ૧૦ મો.

યત્ન (ના) મેહેનત.
સુધારો (ના) સારી હાલતમાં આવવું તે.
હાંસી (ના) મજાક.

દુર્ગુણ (ના) નઠારા આચરણ, ખરાબ ગુણ.
ચાલ (ના) રીતભાત.
ગમતી (કૃ) પસંદ પડતી.
જલદી (અ) તરત.
ફાયદો (ના) નફો.
છૂટ્ટી (ના) રજા.
કેડે (અ) પછી.
ડાહ્યો (વિ) શાણો.
દુનિયા (ના) પૃથ્વી.
ભલો (વિ) નીતીની રાહે ચાલનાર.
મશ્કરી (ના) મજાક.
વહાલો (વિ) પ્યારો.
ગુણ (ના) ફાયદો.
કદાપિ (અ) કદાચ.
આખરે (અ) છેલ્લે.
ચાહે (ક્રિ) પસંદ કરે.
કંકાસ (ના) કજીઓ.
ટેવ (ના) આદત, ખો.

પાઠ ૧૧ મો.

પક્ષી (ના) પાંખવાળા પશુ.
પશુ (ના) ચોપગાં જાનવર.
વાળ (ના) બાલ.
રૂવાં (ના) ઝીણા ઝીણા બાલ.
બરડો (ના) પીઠ.

કરોડ (ના) બરડાની વચમાંનું હાડકું [પશુ
પ્રાણી (ના) જીવવાળા
અવતરે (ક્રિ) જન્મે.
સેવે (ક્રિ) હુંફાળા રાખે.
ગર (ના) માવો.
પોલાં (વિ) પોકળ.
શ્વાસ (ના) દમ.
છિદ્રો (ના) કાણાં.
ફેર (ના) તફાવત.
અણીઆળી (વિ) અણી વાળી.
કઠણ (વિ) મજબુત.
ગીધ (ના) લોહી માસ ખાનારૂં મોટું પક્ષી.
લક્કડખોદ (ના) એક જાતનું પક્ષી
સંધાઈ (કૃ) જોડાઈ.
મથાળે (ના) ઉપલા ભાગ ઉપર.
ચિત્ર (ના) નમુનો, છબી.

પાઠ ૧૨ મો.

સિંધવ (ના) એક જાતનો ખાર.
ખાણ (ના) જેમાથી સિંધવ નીકળે છે તે ખાડો.
પ્રદેશ (ના) મ્હોટો દેશ.
ભાગ્યે (અ) કદાચ.
વપરાશમાં (ના) વાપરવામાં, ખર્ચમાં.
ઓગાળીને (કૃ) પીગાળીને, રસકરીને.
વિલાયત (ના) અંગ્રેજ લોકોનો દેશ.
બળતણ (ના) બાળવાના પદાર્થ.
ફેર (ના) તફાવત.

પાઠ ૧૩ મો.

ટીશીઓ (ના) અણીવાળા ફણગા.
પાનખર (ના) ઝાડના પાંતરાં ખરી જાય તે મોસમ.
ઋતુ (ના) મોસમ, રત્ત.
પાંદડાં (ના) પાંતરાં.
તપાસ (ના) તજવીજ.
કુંપળ (ના) ફણગો.
ત્યારકેડે (અ) ત્યારપછી
ચાકુ (ના) ચપ્પુ, છરી.
ભાગ (ના) કકડા.

પાઠ ૧૪ મો.

હુંફાળી (વિ) ગરમ.
ચોંટી (કૃ) વળગી.
ટાઢ (ના) ઠંડ.
જાળવે (ક્રિ) સાચવે.
હુંફ (ના) ગરમી.
ધાબળી (ના) ઊનનું લુગડું.
અસલ (અ) આગળ.
ઓળખે (ક્રિ) જાણે.
આકાર (ના) ઘાટ.
સુંદર (વિ) સારાં.
કરમાઇને (કૃ) ચીમળાઇને.
જગત્કર્ત્તા (ના) જગતનો બનાવનાર ઇશ્વર

પાઠ ૧૫ મો.

સુરત (ના) ગુજરાતમાં તાપી નદીઉપર મોટું શેહેર છે.
સબબ (ના) કારણ.
કોઠી (ના) વખાર, કોઠી.
માજી (વિ) આગલો, આગળ થઇ ગયેલો.
મુખ (ના) મોઢું.
મેલ (ના) પોણો ગાઊ.
અંતરે (અ) છેટે.
પહેલાં (અ) આગળ.
નામીચું (વિ) પંકાયલું.
વેપાર (ના) રોજગાર.
આફતો (ના) અડચણો.
હાલત (ના) સ્થિતિ.
સરખી (વિ) જેવી.
બારામાં (ના) ખાડીમાં.

રેતીનાઢોંડા (ના) રેતીના ટેકરા.
પુરાઈ (કૃ) દટાઈ.
મ્યુનસિપાલિટી (ના) શેહેર સુધરાઈ ખાતું.
બગીચો (ના) બાગ.
મનોહર (વિ) સુંદર.
મથક (ના) મુખ્ય ઠેકાણું
નબળો (વિ) લુલો.
કોટવાલ (ના) મોટો ફોજદાર.
બહાદુર (વિ) જોરાવર.
સરકાર (ના) રાજા.
રજા (ના) પરવાનગી.
અડચણો (ના) હરકતો.
મટાડવાને (કૃ) દુર કરવાને.
કિલ્લો (ના) સરકારી લશ્કર વગેરે રાખવાનો ગઢ.
આસ પાસ (અ) ચોતરફ.
ખાઇ (ના) ઊંડી ખાડી.
ઉપાડી (કૃ) ઊંચકી.
કલેકટર (ના) જીલ્લાની જમાબંધી તપાસીને એકઠી કરનાર.
માજિસ્ટ્રેટ (ના) ફોજદારી કામ કરનાર અધિકારી.

આસિસ્ટંટો (ના) મદદગારો. [દારો.
કામદારો (ના) અમલ-
કચેરી (ના) દરબાર.
કોઠી (ના) લાતી, વખાર.
વલંદા (ના) ડચ લોકો
બંદર (ના) નદી કે દરીઆ કાંઠે આવેલું શેહેર.
વલંદાવાડ (ના) ડચ લોક રહે તે શેરી.
ફિરંગી (ના) પોરટુગાલ દેશના લોકો.

પાઠ ૧૬ મો.

અમલદાર (ના) હકુમત કરનાર. [નામ છે.
દરિયામહેલ (ના) મેહેલનું
રેલવે (ના) લોઢાની સડકનો બાંધેલો રસ્તો.
યૂરોપીઅન (ના) અંગ્રેજ; યુરોપના રહેવાસી.
ડક્કો (ના) માલઉતારવા ચહડાવવાસારૂ બાંધેલો ઘાટ.
ફુરજો (ના) માંડવી, વાહાણોમાં આવતા માલ વગેરેપર જકાત લેવાનું ઠેકાણું.

મુગલાઇ (વિ) મોગલ લોકોની.
ઇમારતો (ના) સારી ઉંચી બાંધણીના મકાનો.
મુખ્ય (વિ) મોટું.
મરામત (ના) સમારવું.
દેખાવ (ના) શોભા.
શરિયામ (વિ) ધોરી.
સીધા (વિ) પાધરા.
મ્યુનિસિપાલ (વિ) શેહેર સુધારવાનું ખાતું.
ખાતું (ના) કારખાનું, કામટી.
સ્ટેશન. (ના) આગગાડીએ ચઢવાનું કે ત્યાંથી ઉતારવાનું ઠેકાણું.
સડક (ના) બાંધેલો સીધો રસ્તો.
ખરેખર (અ) ખચિત.
વખાણવા (કૃ) તારીફ કરવા.
લાયક (વિ) ઘટારત.
ગૃહસ્થ (ના) સજ્જન.
મકાન (ના) ઘર, મુકામ.
મિનારો (ના) બુરજ (ટાવર).
ઊંચ (ના) ઊંચી જાત (વાણીઆ બ્રાહ્મણ).
વર્ણ (ના) જાત.

વહોરા (ના) હોરાલોક.
સરસ (વિ) સારા.
લક્કડ (ના) લાકડા.
દેશાવર (ના) પરદેશ.
કમી (વિ) ઓછું
નિરૂપયોગી (વિ) નકામો.
બારકસો (ના) મોટા વાહણો.
આગગાડી (ના) દેવતા ને પાણીના જોરથી ચાલતી ગાડી.
રેશમ (ના) હીર.
ભારે (વિ) કિમતી.
મૂલ (ના) કિંમત.
માર્ફત (અ) હસ્તક.
કાતવાના (કૃ) સુતર બનાવવાના.[વિવાના.
વણવાના(કૃ)લુગડાં બના
લાભ (ના) નફો, ફાયદો.
સંભવ(અ)વકી, આશા.

પાઠ ૧૭ મો.

સંપ (ના) એક મત એકકો.
મંત્રી (ના) પ્રધાન.
નૃપ (ના) રાજા.
ચખ (ના) આંખ.
નિજ (વિ) પોતાના.
ભ્રાત (ના) ભાઈ.
આદિક (અ) એશિવાય
પ્રધાન (ના) વજીર.
સંવત (ના) વિક્રમનો સન, (હાલ ૧૯૫૮.)
સૈકે (ના) સદી.
સાલ (ના) વરસ.
દિલ્હી (ના) હિંદુસ્તાનમાં જમના નદી ઉપર શેહેર છે.
અલાઉદ્દીન (ના) ખીલજી વંશનો બીજો બાદશાહ.
તખ્ત (ના) રાજ્યગાદી
મલેક (ના) મલેકકાફુર, ખીલજી વંશનો ત્રિજો બાદશાહ.
જેબ (અ) જેવારે, તેવારે.
અમલ (ના) રાજ, હકુમત.
રૂચિ (ના) ભાવ, ઇચ્છા.
વિખ (ના) ઝેર.
શાહ (ના) બાદશાહ.
શાહજાદો (ના) બાદશાહનો છોકરો
એક માસ દિન પચ(વિ) પાંત્રિસ દિવસ.
સંપજે (ક્રિ) ઉપજે.
સેવ્યો (ક્રિ) રાખ્યો.
વણ (અ) વગર.
કુંવર (ના) રાજાનો છોકરો.
હણ્યો (ક્રિ) માર્યો.
પિતુ માતે (ના) માબાપે.
શુભ (વિ) સારૂં.
સેવતે (કૃ) રાખતા.
રંક(ના)ગરીબ માણસ.
પીડાય (કૃ) દુઃખી થાય.
ધન (ના) પૈસા, દ્રવ્ય.
ધારતું (કૃ) વિચારતું.
થકી (અ) થી.

(કવિતાની સમજુતી). (૨).

જ્યારે વિક્રમાજીત સંવત ૧૩૫૧ નું વર્ષ હતું ત્યારે દિલ્હીના રાજ્યની ગાદી ઉપર અલાઉદ્દીન બાદશાહ બેઠો; એટલે તેના વજીર મલેકકાફુરને રાજ્ય કરવાની મરજી થઈ, તેથી તેણે અલાઉદ્દીન બાદશાહને ઝેર ખવાડીને મારી નાંખ્યો, ને તેના છોકરાની આંખ પણ ફોડી નાંખી; પણ પછી તે

અલેક્કાફુર ફક્ત પાંત્રિસ દહાડા રાજ્ય કરીને ખરાબ રીતે મુઓ, માટે ખચિત વિચારીને જુવો કે સંપ મૂકી ને કામ કરે તો કદી સુખ થાય નહીં. (૧).

દિલ્લી શેહેર વગેરે બીજા દેશોમાં આજ સુધીમાં જે જે રાજાએ થયા તેઓમો જેમણે સંપ રાખ્યો નહીં તેઓ બધા વગર મોતે (કમોતે) મૂઆ; તેમાં કોઈ રાજાને પોતાના છોકરાએ માર્યો; અને કોઇને પોતાના ભાઇએ માર્યો; તેમ કોઈ રાજાને પોતાના વજીરે માર્યો; તેમ કોઇને પોતાના મા બાપે માર્યો. એ પ્રમાણે સારી રીતે સંપ રાખતા નથી. તો રાજા અને રંક એટલે (પૈસાદાર અને ગરીબ) બંનેજણ દુઃખી થાય છે; પૈસા થકી સુખ થાય છે એવું કોઇ વિચારતું નથી, પણ સંપ રાખેથીજ સુખ થાયછે. (૨).

પાઠ ૧૮ મો.

મગર (ના) નદી કે દરીઆમાં રેહેનારૂં મોટું જાનવર.
અદ્ભુત(વિ) અજાએબ.
તાપ (ના) ગરમી.
ગરોળી (ના) ધીલોડી.
વેંત (ના) બીલ્લસ.
બીંગડાં (ના) જાડાપડ.
ફાડ (ના) ચીરો.
તીણા (વિ) અણીવાળા.
મગરી (ના) મગરની માદા.
સેવાય (ક્રિ) હુંફાળા થાય.
મિસર (ના) આફ્રિકા-ખંડમાં શેહેર છે.
ઇકન્યૂમન (ના) ઝીણાં જીવડાં.
ખોળી (કૃ) શોધી.
ખબરદાર (વિ) હોંશીયાર.
પૂજા (ના) સેવા.
માર્ગ (ના) રસ્તો.
સેંકડો (વિ) હજારો, સો.

પાઠ ૧૯ મો.

ભગત (ના) ભક્તિ કરનારો માણસ.
વ્યાધિ (ના) રોગ.
સ્થિર (વિ) હાલે ચાલે નહીં તે.
સડેલા (વિ) કોહેલા.
તલપ (ના) ડાકું.
ધસડી (કૃ) તાણી.
મુડદાં (ના) મરી ગયલા માણસ.
દુર્ગંધ (ના) ખરાબ વાસ.
મરકી (ના) મરવાનો રોળ.
ખુશબોદાર (વિ) સુગંધ વાળા.
ભાતભાનના (વિ) તરેહ તરેહના.
પ્રસાદ (ના) ચોખ્ખુ ખાવાનું, નઇવેદ.
ધરાવતા (ક્રિ) ખાવાને-મુકતા.
ભોજન (ના) જંબાનું.
મસ્ત (વિ) જબરા.
પાળ (ના) કારણ.
જાળવવા (કૃ) સાચવી રાખવા.
ભરણપોષણ (ના) ગુજરાન.

પાઠ ૨૦ મો.

પોલાદ (ના) એક જાતના લોખંડનું નામ, તીખું લોઢું (જેના હથીયારો બને છે તે.)
કાચી ધાતુ (ના) ખાણમાંથી નીકળે તેવી માટી સાથે ભળેલી ધાતુ.
વર્ણન (ના) બ્યાન.
ભરતરનું લોઢું (ના) બીડનું લોખંડ (જેના પાણીના નળો વગરે થાય છે તે.)
ઘડતરનું લોઢું (ના) ઘડવાનુ લોખંડ.
ઓજાર (ના) હથીયાર.
પીગળે (અ) ઓગળે.
પોલાણ (વિ) પોકલ.
પ્લાટીનમ (ના) એક જાતની ધાતુ.
બીબાં (ના) ખાનાં.
ગઠ્ઠા (ના) ગાંગડા.
સહેલાઈથી (અ) થોડી મેહેનતે.
જ્વાળામુખી (ના) બળતા મ્હોનો પહાડ.
યંત્ર (ના) સંચા.

પાઠ ૨૧ મો.

આશ્ચર્ય (ના) નવાઈ.
વરાળયંત્ર (ના) બાફથી ચાલતો સંચો.
સફાઈદાર (વિ) ચોખ્ખું
હુશિયાર (વિ) ખબરદાર.
મસજીદ (ના) મસીદ, નીમાજ પઢવાનું ઠેકાણું.
લેખ (ના) લખાણ.
કળાકૌશલ્ય (ના) કારીગરી, હુન્નર.
ગંજાવર (વિ) મોટો.
સ્થિતિસ્થાપક (વિ) કંઈ ચીજને વાળીએ કે મરડીએ તોપણ તે પાછી હતી તેવી થઈ જાય એવો પદાર્થમાં જે ગુણ તે.
સાવચેતી (ના) હુશિયારી.

પાઠ ૨૨ મો.

બંદીવાન (ના) કેદી
ઈતરાજી (ના) ગેર મેહેરબાની.
ઓસાર (ના) પોહોળાઈ.
વિશ્વાસ (ના) ભરોસો.
સમાગમ (ના) સોબત.
દારોગો (ના) કેદખાનાનો ઉપરી.
બાકું (ના) મોટું કાણું.
પારિસ (ના) ફ્રાન્સનું મોટું શેહેર.
બંદીખાનું (ના) કેદખાનું.
કેદ (ના) પરેજ.
કેદી (ના) બંધીવાન.
કોટડી (ના) નાની ઓરડી.
સોબત (ના) સંગત.
અકળાતો (કૃ) ગભરાતો.
ફાટ (ના) ચીરો.

પાઠ ૨૩ મો.

ડોળ (ના) ભપકો.
હિમાયતી (ના) વાલી, હિમ્મત આપનાર.
સ્વાદ (ના) લેહેજતદાર.
હળી (કૃ) મળી.
દેખાયો (કૃ) જણાયો.
જુક્તિ (ના) તદબીર.
મોકળે મને=બીક વગર. ખુલે દીલ્લે.
ધશીને (કૃ) દોડીને.
પાધરી (અ) તુરતજ.
ખેંચાખેંચ (ના) તાણાતાણ.
રાવ (ના) ફરીયાદ, દાદ.
મગદુર (ના) તાકાત.
ઝૂટવી (કૃ) છીનવી.

લાજ (ના) શરમ.
કુદકો (ના) છલંગ.
રમુજ (ના) ગમત.
વીસરી (કૃ) ભૂલી.

પાઠ ૨૪ મો.

સુગ (ના) ઓકારી, ચીતળી.
એકાંત (વિ) એકલા.
સારાંશ (ના) ટુંકી મતલબ. ટુંકસાર.
નર્યા (વિ) બીલકુલ.
રીઝવવું (કૃ) ખુશ કરવું.
હાડછેડ (ના) તિરસ્કાર.
વિજોગ (ના) જૂદા પડવું.
હીજરાવું (ક્રિ) દુભાવું, દલગીર રેહેવું.
રહેતે રહેતે (અ) ધીમે ધીમે.
અઠવાડીઆ (ના) સાત દહાડા.
પખવાડીઆ (ના) પંદર દહાડા.
રકાબી (ના) નાની થાળી.
ગંદી (વિ) ગોજી.
પિરશીને (કૃ) મૂકીને.
ગમત (ના) રમૂજ.
મરજી (ના) ઇચ્છા.
સંસાર (ના) દુનિઆ.
નિરાંત (ના) ચેન.
કમનસીબ=ભાગ્યહીણુ.
ઝાઝા (વિ) ઘણા.
વેગળેની (અ) આઘેની.
પોકે પોક (વિ) મોટેસાદે.
રોયો (ક્રિ) રડયો.
સોબતી (ના) સાથી.
વાસ (ના) રેહેઠાણ.
અકળામણ=ગભરામણ.
અણખત (ના) ધીકાર, હાડછેડ.

પાઠ ૨૫ મો.

સરાણ (ના) હથિઆરો ને ધાર કાઢવાનું ગોળ ચક્કર.
છીણી (ના) ધાતુ કાપવાનું હથિઆર.
રેતરડી (ના) કાનસ.
કરવત (ના) વેહેરી કાઢવાનું હથિઆર.
કટારી (ના) કટાર, ઘોચીને મારવાનુ હથિઆર.
પાળીઓ (ના) ચપ્પુઓ.
ગણતરી (ના) હિસાબ.
કારીગરી (ના) ફીસબ.
ચળકતું (વિ) તેજ કરતું.
કોશ (ના) નરાજ.

પાઠ ૨૬ મો.

ભરૂચ (ના) ગુજરાતમાં નર્મદા નદીઉપર શેહેર છે.
મરામત (ના) સમારવું.
પનો (ના) પોહોળાઇ.
નર્મદા (ના) રેવા નદી.
આજુ બાજુ (અ) આસ પાસ.
કોશ (ના) ગાઊ.
રળિયામણું (વિ) શોભીવંતુ.
મજબૂત (વિ) જોરાવર.
સમરાવેછે=મરામત કરાવેછે.
નિશાન (ના) એંધાણી.
પાઘડીપન્હે (ના) પાઘડીના પના જેવું, એટલે પાઘડી લંબાણમાં ઘણી ને પોહોળાણમાં ટુંકી તેવું.
ઘેરાવો (ના) ફરતો ઘેર.
સુમારે (અ) આસરે
મુશ્કેલી (ના) અડચણ.
ઢોળાવ (ના) ઢોળાવો, ઊંચો ઢળતો ટેકરો

સાહુકાર (ના) પૈસાવાળો, આબરૂદાર ગૃહસ્થ.
હવેલી (ના) ઊંચી બાંધણીનું ઘર.
જારતી (વિ) વધારે.
યજ્ઞ (ના) હોમ.
દશાશ્વમેધ=દશવાર અશ્વમેધ યજ્ઞ થયલી જગ્યાનું નામ.
ભૃગુઋષિ (ના) શુક્રાચાર્ય.
અદાલત (ના) ઇનસાફ કરવાનું ઠેકાણું.
અવસ્થા (ના) હાલત.
મ્યુનિસિપલ (વિ) શેહેર સુધારવાનું ખાતું.
કમિટી (ના) ખાતું, મંડળી

પાઠ ૨૭ મો.

ભૃગુપુર (ના) ભરૂચ
સહરી (ના) લાંબી મુસાફરી કરનારા.
સુતરાઉ (ના) સુતરનું બનેલું.
પોષાતી (કૃ) પરવડતી, પાલવતી.
વણાટની સુજની (ના) હાથના વણતરની રૂ સાથેની પાતળી ઓડદી અથવા રજાઇ.
લોઢવાનું (કૃ) પીલવાનું.
હલ્લામાં (ના) ચઢાઈ, હુમલો.
લગભગ (અ) આશરે.
બૌદ્ધ (ના) બુદ્ધે સ્થાપેલો ધર્મ
મઠો (ના) આશ્રમ.
સ્વતંત્ર (ના) આપઅખત્યારી.
કબજામાં (ના) તાબામાં.

પાઠ ૨૮ મો.

હકીકત (ના) બયાન, હેવાલ.
ગમત (વિ) ખુશ લાગે એવી.
વિદ્વાન (ના) ભણેલો માણસ, પંડિત.
પેઢુ (ના) પેટઆગળની જગો.
અચરજ (ના) નવાઈ.
વાળવું (ક્રિ) મરડવું.
પોત (ના) કુમાસ.
નાજુક (વિ) કોમળ.
ઘટ્ટ (વિ) જબરી.
પતંગીઆ (ના) ઊડતાં જીવડાં.
ચકચકિત (વિ) ચળકતી
પોષણ (ના) ગુજરાન.
રેશમ (ના) હીર.
કોહેલી (વિ) સડેલી.

પાઠ ૨૯ મો.

દયા (ના) મેહેર.
મદાંધ (વિ) અહંકારમાં આંધળા.
ઈશ (ના) પ્રભુ. [ભાગો.
અવયવ (ના) શરીરના
ઉદાર (વિ) સખી.
ચર્ણ (ના) પગ.
પ્રયત્ન (ના) મહેનત.
પીડા (ના) દુઃખ.
પીડાય (ના) દુઃખી થાય.
પિંડ (ના) આત્મા.
બાપડો (ના) બિચારો.
જીવ (ના) પ્રાણી.
રચ્યા (ક્રિ) બનાવ્યા.
લગીર (વિ) જરાક.
અધિક (વિ) વધારે.
બીક (ના) ડર.
ઉર (ના) દિલ.
ધરો (કૃ) મુકો.
ધોબ (અ) ધબદઇને.
ધારીને (કૃ) તાકીને.
ખુશી (વિ) મગન.
મિત્ર (ના) દોસ્તદાર.
ઘાત (ના) હત્યા, મારવું.
વિશેષ (વિ) વધારે.
વર્ણવો (ક્રિ) વિસ્તારો.
વખાણીને (કૃ) સારૂ કહીને, તારીફ કરીને.

બનાવનાર(ના)પેદાકરનાર	વેદના (ના) દુઃખ.	પાય (ના) પગ.
મળેલ (કૃ) મળેલો.	ક્રૂર (વિ) ઘાતકી.	પરોવી (કૃ) ઘોચી.
પ્યાર (ના) હેત.	કર્મ (ના) કામ.	ખેલ (ના) રમત.
દીધેલ (કૃ) દીધેલા.	પિછાણીને (કૃ) જાણીને.	ખોડીને(કૃ)ખોડો કરીને
ગજાથી (ના) શક્તિથી.	અધર્મ (વિ) ખોટું	નિશાન (ના) એધાણી·
ભાર (ના) બોજો.	જંતુ (ના) જીવડા.	વિનાશ (ના) નાશ.

(કવિતાની સમજુતી). (૩).

જુઓ કે દુઃખે કરીને જેમ આપણા શરીરનો આત્મા દુઃખી થાય છે; તેમજ બિચારા પ્રાણી (પશુ) ને દુઃખી કર્યાથી તે પણ દુઃખી થાય છે. તમે અહંકારથી આંધળા (છાકેલા) થઇને જરૂર તે પશુ જાણીને તેને મારતા નહીં; અરે ભાઇઓ મનમાં જરા મેહેર લાવો ને પ્રાણીને દુઃખ ના દેઓ૦ (૧).

જુઓ કે ઈશ્વરે આપણા શરીરના સઘળા ભાગો બનાવ્યા છે; અને તમો હજારો ઉપાય કરશો પણ તેમાંનો એક પણ ભાગ તમારાથી બનવાનો નથી:—તે માટે વિચાર કરી મનમાં જરા વધારે ડર લાવીને અરે ભાઇઓ મનમાં જરા૦ (૨).

બિચારાં પશુને અનાથ જાણીને ધબદઇને તેનાઉપર પગ ના મુકો ને કોઈ જીવ કે પશુને મારીને ખચિત તમે મનમાં ખુશી થશો નહીં; મારવાની વાત વખાણીને તેને ઘણી લાંબી ચરચાવો નહીં; અરે ભાઇઓ મનમાં જરા૦ (૩).

આપણો ને તેનો (પશુ) નો બનાવનાર એકજ ઇશ્વર છે; તેમ તેની ઉદારતાનો પ્યાર તેને પણ મળેલો છે; પરમેશ્વરનું આપેલું સુખ ભોગવીને મજેથી તે ફર્યા હર્યા કરેછે;—અરે ભાઇઓ મનમાં જરા૦ (૪).

પશુના બળ ઉપરાંત બોજો ભરીને તેને કેમ માર મારીએ ને તે બિચારાને જે દુઃખ થાયછે તેનો મનમાં જરાં વિચાર કરીએ;—કંઇ પણ ઘાતકી કામ પાપનું જાણીને તે કરો નહીં; અરે ભાઇઓ મનમાં જરા૦ (૫).

જીવડાના પગ પાંખ તોડી જે ખોટું અધર્મ કામ કરે; ને તેનો પગ ખોડો કરી શૂળમાં ઘોચી ખરાબ કામ બનાવે, પછી નિશાન મૂકી તીર મારીને તેનો નાશ કરે; અરે ભાઇઓ મનમાં જરા મેહેર લાવો૦ (૬).

પાઠ ૩૦ મો.

હિંદુસ્તાન (ના) એશિયા ખંડનો દક્ષિણે દેશ છે.
ત્રણ ખૂણીઆ (વિ) ત્રણ ખુણા જેવો.
અગ્નિ (ના) દક્ષિણ ને પૂર્વ વચ્ચેની દશા.
નૈર્ઋત્ય (ના) દક્ષિણ ને પશ્ચિમ વચ્ચેની દિશા
કોણ (ના) ખૂણો.
હદ (ના) મર્યાદા.
મુસાફરો (ના) દેશેદેશ ફરનારા.
વિકટ (વિ) ભયંકર.
ડુંગરા (ના) મોટા ઊંચા ટેકરા.
પહાડી (વિ) ડુંગરા ડુંગરીવાળા.
લડવૈયા(વિ)લડાઇખોર.
સદા (અ) રોજ.
બરફ (ના) ટાઢથી ઠરી ગયલું પાણી.
ઝાડી (ના) ઝાડ એક બીજા સાથે આવીને ગુફા જેવું બનેલું તે
ઝાંખરાં (ના) કાંટાંવાળા શૂળો.
રસાળ (ના) ફળદ્રુપ.
મેદાન (ના) મોટી ખુલ્લી જગો.
ફળાદિ(ના) ફળ વગેરે.
પૂર (ના) પાણીનું ચઢવું.
જળ. (ના) પાણી.
ડાંગર (ના) ભાત.
ક્યારડા (ના) ખાડા.
નાવડાં (ના) હોડકાં.
સીમાડો (ના) હદ.
અસલી (વિ) જુના.

પાઠ ૩૧ મો.

કરિઆણું (ના) વસાણું.
કાચું (વિ) સરસ.
કસ (ના) રસ.
ભાલોડા (ના) ભાલો.
તળેટી (ના) તળીઊ.
નીપજ(ના) પાક, પેદાશ.
લલચાઇ (ક્રૃ) લોભાઈ.
પર મૂલક(ના)પારકો દેશ
ચિત્તા (ના) વાઘ જેવું જાનવર.
નીપજેછે (ક્રિ) પાકેછે.
વનસ્પતિ (ના) લીલોતરી.
જીવે છે(ક્રિ)ગુજારો કરે છે.
નાતો (ના) જાતો.
તડ (ના) કકડા, ભાગ.

પાઠ ૩૨ મો.

અનાર્ય (ના) આર્ય નહીં તે (અપવિત્ર).
વેદધર્મ (ના) બ્રહ્માએ કહેલી ઇશ્વરી આજ્ઞા.
જૈન (ના) શ્રાવક.
બેહેદ (વિ) ઘણોજ.
કુટુંબ પરિવાર (ના) સગા સંબંધી.
આશરો (ના)આધાર.
ઉદારતા (ના) સખાવત.
પંકાયલા (વિ) નામીચા.
જરતોસ્તી (ના) પારસી લોકોનો ધર્મ.
પઠાણો (ના) કાબુલી લોકો.

પડતી(ના)નબળી હાલત.
કોઠીઓ (ના) વખારો
અવ્યવસ્થા (ના) ગેર-બંદોબસ્ત.

પાઠ ૩૩ મો.

સ્વદેશ પ્રીતિ (ના) પોતાના વતનપર પ્રેમ.
ભારત (ના) ભરતખંડ.
ભોમ (ના) ભૂમી.
મુજી (ના) કંજુસ.
દાઝ (ના) લાગણી.
શુષ્ક (વિ) સુકુ.
વજ્ર (ના) ઇંદ્રનું હથિઆર.
વિવેકી (ના) ખરૂં ખોટું જાણનાર.
સ્વદેશી (વિ) વતની.
કલ્યાણ (ના) સારૂ.
પેખે (ક્રિ) જુઓ.
સ્વદેશાભિમાની (ના) પોતાના દેશની મમતા રાખનારો.
કમાણી (ના) પેદાશ.
વિદેશે (ના) પરદેશ.
ભાગ્યશાળી (ના) નશીબવાન.
હર્ષ (ના) ખુશી.

(કવિતાની સમજુતી.) (૪).

સુંદર ભરતખંડમાં હંમેશા રહેનારો એવો કોણ બીચારો હશે કે જે “ મારો દેશ ભલો છે, મારી ભૂમી ભલી છે અને એજ મને જીવથી પણ નીરંતર. વહાલી છે ” એમ નહીં કહેતો હોય ? (૧)

જે ભોંયને ભારે મારેછે. જેને દેશની જરાપણ દાઝ નથી, જેનું હૈયું હમેશા વજ્ર જેવું કઠણ અને સુકુ હોયછે અને તેને કેમ જાણે કશુંલેવું દેવું ન હોય તેમ વરતે એવો કોણ કંજુસ હશે ? (૨)

કદાપીને ઘણો ધનવાન મ્હોટાં વૈભવવાળો અને રાજકુટુંબી કે રૂપાળો હશે તોપણ વિવેકી પુરૂષોતેને વખાણતા નથી, પણં તે કાગડા કીડાની પેઠે પેટ ભરે છે? (૩)

જે દેશીના દુઃખ ટાળે હમેશાં હજારો જનોને પાળેવળી લોકના સારામાં પોતાનો લાભ ગણે, તે સ્વદેશીને મ્હોટો જાણવો તેવા પુરૂષને પુરા પ્રેમથી કોણ નહીં નીહાળે ? (૪)

જેણે દેશની લાગણીમાં પોતાનું જ્ઞાન વાપર્યું નથી. જેણે લોકોને વાસ્તે એક પાઈ પણ વાપરી નથી. જેણે સ્વદેશના મમતાથી કામો પણ કીધાં નથી. તેણે પોતાનો જન્મ ફોકટ ગુમાવ્યો અને એમા શું કમાણી કીધી ? (૫)

જેણે પરદેશમાં રહીને ઘણો વખત ગાળ્યો એવો જે રૂડો નસીબવંત પોતાને દેશ જાય અને પોતાથી વીખૂટા પડેલા સગા તથા ભૂમીને ભાવે ભેટે એવા કોને હર્ષના આંસુ નહીં આવતા હશે તે કહો ?

પાઠ ૩૪ મો.

અશોક (ના) ચંદ્ર ગુપ્ત-
ના દીકરાનો દીકરો.
રાજ્યધાની (ના) રાજ્ય-
નું મુખ્ય શેહેર.
સંગમ (ના) બે નદીનું
જોડાણું.
પુર (ના) રેલ.
મૌર્યવંશ (ના) મુરા
રાણીના વંશજો.
સમર્થ (ના) જોરાવર.
નામાંકિત (વિ) પ્રખ્યાત.
નિરાધાર વિ) અનાથ.
ધર્મશાળા (ના) મુસા-
ફરખાના.
ચોતરા (ના) ચબુતરા.
આશ્રય (ના) ઉત્તેજન.
દેશાંતર (ના) પરદેશ.
સિંહલદ્વીપ (ના) લંકા;
સીલોન.
વૃત્તાન્ત (ના) હેવાલ.
પરાક્રમ (ના) બહાદુરી.
પરોપકારી (ના) બીજા
ઉપર ઉપકાર કરનાર.
સ્તંભો (ના) થાંભલા.
લિપી (ના) અક્ષરો.
લેખ (ના) લખાણ.

પાઠ ૩૫ મો.

ઘાત (ના) હત્યા.
વનસ્પતિ (ના) ઝાડ
પાલો.
નીતિમાન (વિ) ન્યાયથી
ચાલનાર.
અદા (કૃ) બજાવી.
ઉડાઉપણાથી (ના) હદ
ઉપરાંત ખર્ચ કરવો.
નિંદાથી (ના) બીજાને
દોષ દેવો.
સદાચાર (ના) સારી
ચાલ ચલગત.
સદ્ગુણી (વિ) ભલા.
આગ્રહ (ના) બળાત્કાર.
વડીલો (ના) મુરબ્બીઓ.
મુલાકાત(ના)ભેટ,મેલાપ.
મુહૂર્ત (ના) સારીઘડી.
વખોડવો (ક્રિ) દોષગાવો,
નીંદાકરવી.
પ્રસિદ્ધિ (ના) પ્રખ્યાતી.
પરલોક (ના) સ્વર્ગ.

પાઠ ૩૬ મો.

અગર (ના) મીઠું પાકે
છે તે જગ્યા.
લૂણ (ના) મીઠું
ગચ્ચીઆં (ના) મોટાં
ઢેફલા.
પહાણા (ના) પથરા.
જગત્કર્ત્તા (ના) જગતનો
પેદા કરનાર, ઇશ્વર.
બેતૃતીયાંશ (વિ) ત્રણ-
ભાગ કરેલા તે માંના
બે ભાગ.
મહાસાગર (ના) મોટા
સમુદ્ર (પૃથ્વીપર
એવા પાંચ છે).
ભંડાર (ના) વખાર.
અઘરૂં (વિ) મુશીબત.
ઝરણું (ના) ધીમે ધીમે
પાણી વહે તે.
કકડીને (કૃ) સખત.
ક્યારડો (ના) ખાડો.
મેલ (ના) કુચરો.
પારદર્શક (વિ) જેમાંથી
આરપાર જોવાય તે.
છાંટી (કૃ) ઓલવી.
વખારો (ના) માલ
ભરવાનું ઠેકાણું.

પાઠ ૩૭ મો.

તીર્થ (ના) નદી કાં-
ઠાની પવિત્ર જગ્યા.
ઘોઘવા (ના) મોટા ઘોઘ.
સરોવર (ના) મોટું
તળાવ.
સ્થિર (વિ) હાલે ચાલે
નહીં તે.
ઘેરાવો(ના) ફરતો ઘેર.
ઉગમણી (ના) પૂર્વદિશા.

ઝરો (ના) પાણી વેહેવાનું ઠેકાણું.
કુંડ (ના) છોથી બાંધી લીધેલું નાના તળાવ જેવું.
ફુટ (ના) સુથારી અડધો ગજ.
ભય (ના) બીક.
ઇમારત (ના) ઊંચી બાંધણીનાં ઘર.
ખંડેર (ના) પડી ગયલા જમીન અમલા વગેરે.
થર (ના) પડ.
દર વરસે=અકેક વરસે.
પેદાશ (ના) ઉપજ.
ગાંગડા (ના) નાના કકડા.
ઇન્તરે (ના) પટે.

પાઠ ૩૮ મો.

ભલાઈ (ના) સાલસાઈ.
ધમકી (ના) ધુરકી.
બળાત્કાર (ના) જોર જુલમ.
ઉમંગ (ના) ઉમેદ.
કઠોર (વિ) વજ્જર.
અણગમો (ના) નાખુશી.
માયનો (ના) અર્થ.
બરાબરીઆ (ના) સરખા.
એકાદું (વિ) એક, કોઈ પણ.

જોર જુલમ (ના) જબરાઈ, જબરજસ્તી.
ઇચ્છા (ના) મરજી.
નાખુશી (ના) દલગીરી.
મન (ના) દિલ, ચિત્ત.
વેર (ના) અદાવત, ખાર.
જોઇએ તેવું (વિ) મનને ગમે તેવું.
ફેર (ના) તફાવત.
રૂપ (ના) આકાર.
વિનંતિ (ના) નરમાશથી કેહેવું તે.
અસર (ના) લાગણી
નરમાસ (ના) નમનતાઈ.
દુખાય (ક્રિ) દુભાય.

પાઠ ૩૯ મો.

સુવાક્ય (ના) સારૂં વચન.
કુવાક્ય (ના) નઠારૂં વચન.
સ્નેહ (ના) હેત, પ્રીત.
સદૈવ (અ) હમેશાં.
વાધે (ક્રિ) થાય.
કલેશ (ના) કંકાસ.
હમેશ (અ) રોજ.
લાધે (ક્રિ) થાય.
વિવેક (ના) સલુકાઇ.
યાર (ના) ભાઇ.
ઉચ્ચાર (ના) બોલ.
વાણી (ના) વેણ, શબ્દ.

વિશ્વ (ના) જગત.
કીર્તિ (ના) આબરૂ.
પડેચડે (ક્રિ) પડતી ચડતી થાય.
પ્રજા (ના) રૈયત.
ઘૂડ (ના) ઘુવડ પક્ષી.
બુરી (વિ) ખરાબ.
બુરાઈ (ના) વેર.
રાજકુમાર (ના) રાજાનો છોકરો.
અમૂલ્ય (વિ) જેની કિંમત થઈ શકે નહીં તે.
માનવી (ના) માણસ.
વેણ (ના) શબ્દ, સુકન.
મૂક્યું (ક્રિ) બોલ્યો.
વિમાસશો (ક્રિ) પસ્તાશો.
હાણી (ના) નુકસાન
છરા (ના) એક જાતના ચપ્પુ.
છેદ (ના) કાણું, છિદ્ર.
સૂઝે (ક્રિ) જણાય.
રૂઝે (ક્રિ) આરામ થાય.
ભડાકો (ના) મોટો અવાજ.
હડાકો (ના) અવાજ.
વદો (ક્રિ) બોલો.
વણશે (ક્રિ) બગડશે.
ભારતોલ (ના) ભારવક્કર.
જન (ના) માણસ.

(કવિતાની સમજુતી). (૫).

સારૂં વાક્ય બોલવાથી સદાકાળ હેત પ્રીત વધે; નઠારૂં વાક્ય બોલવાથી નિરંતર કજીઓ કંકાસ થયા કરે; માટે અરે ભાઈ મનમાં જરા સલુકાઈ આણીને જે શબ્દ બોલો તે વિચારીને બોલો. (૧)

સારૂં વાક્ય બોલવાથી બધી દુનિઆ વખાણે; નઠારૂં વાક્ય બોલવાથી કોઈ આપણી આબરૂ જાણે નહીં; માણુસની પડતી ચડતી (પૈસાની) થાયછે તે જીભ વડેજ; માટે જે શબ્દ બોલો૦ (૨).

જુઓ કે રૈયત પોપટ ઘેર પાળેછે; ને માળામાં એનથી ઘુવડ પક્ષી સૂઈ શકતું નથી (લોકો તેને પથરા મારેછે); બોલવાનું કારણ એવુંજ સમજીને, જે શબ્દ બોલો૦ (૩).

ભાઈ તું સારા બોલ બોલીને લોકોમાં નેકી (કીર્તિ) મેળવ કેમકે નઠારી જીભે લોકો નઠારા શબ્દ પણ બોલેછે પછી ગરીબ હોય કે રાજાનો છોકરાની રાણી હોય પણ જે શબ્દ બોલો૦ (૪).

સારૂં વેણ બોલવાથી દૂધનું દહીં, ઘી સો થશે એટલે (કોઈ કામ નહીં કરતું હશે તે કરશે); ને જેની કિમત ઘણી બેસતી હશે તે સેહેજમાં આવશે; નઠારૂં વચન બોલવાથી કોઈ પળી ભાર પણ પાણી પાય નહીં (બારણે ઉભો ન રાખે), માટે જે શબ્દ બોલો૦ (૫).

અરે માણુસ મોહોડેથી જે શબ્દ બોલ્યા; તે જેમ થુંકેલું ફરીથી ગળાતું નથી તેમ (બોલેલું ફરાતું નથી); પછી એવું નુકસાન વેઠીને પસ્તાશો; માટે જે શબ્દ બોલો૦ (૬).

છરીથી કપાયલું હોય તેનો ઈલાજ માલમ પડે; પણ નઠારાં વાક્યના કાપને કદી રૂઝ આવે નહીં (તે બોલ મનમાંથી ખસે નહીં); કાચની કોઠી કાણી હોય તે કદી સંધાતી નથી; માટે જે શબ્દ બોલો૦ (૭).

સારો કે નઠારો તોપનો ભડાકો તે હવામાં જોરસાથી દોડયો જાય છે; હવે બોલો તેને કેમ ખેંચીને અટકાવી રાખી શકાય; માટે જે શબ્દ બોલો૦ (૮).

તમે વિચારી શબ્દ બોલો, તમારૂં કામ કદી બગડશે નહીં; દુનિઆમાં ભાર વક્કર, તો સારા લોકો રાખેછે, એમ **દલપતરામકવિ કહેછે. (૯)**

પાઠ ૪૦ મો.

પ્રતાપી (વિ) શુરવીર.
રાજ્યાભિષેક (ના) ગાદીએ બેસાડવાની ક્રિયા.
કાયમ (વિ) અચળ મોજુદ.
જાત્રાળુઓ (ના) જાત્રાવાસી, તિર્થમાં જનાર.
પુખ્ત (વિ) પૂરી ઉમ્મર.
ત્રાસ (ના) દુઃખ.
ખૂબસુરત (વિ) સુંદર.
કન્યા (ના) કુંવારી છોકરી.
ફૂટયા (ક્રિ) શત્રુને મળ્યા.
સતી (ના) પતી પછવાડે બળી મરનારી પતિવ્રતા.
ખાલસા (ના) પોતાના રાજ્યમાં જોડી દીધા.
નજરાણું (ના) ભેટ.
પણ (ના) ટેક.
અવધ્ય (ના) ન મારવાજોગ.
પાંજરામાં (ના) પીંજરામાં.

પાઠ ૪૧ મો.

પૂર્વજોની (ના) બાપદાદાની.
શૈવ (ના) શીવનો ઉપાસી.
સમરાવી (ક્રિ) સુધરાવી.
ગઢ (ના) કિલ્લા.
દંતકથા (ના) જૂનીવાર્તા.
વિવાદ (ના) તકરાર.
એકમેક (સ) અરસપરસ.
હારજીત (ના) જય પરાજય.
વખાણ (ના) તારીફ સ્તુતી.
નિંદા (ના) દોષારોપ.
કાવ્ય (ના) કવિતા.
સાહસથી (ના) વગર વિચારનું કામ.
લોકપ્રિય (વિ) રૈયતનો ગમતો.

પાઠ ૪૨ મો.

કુંવારી (ના) વગર પરણેલી છોકરી.
વળેછે (ક્રિ) વંકાય છે.
મહિમા (ના) મોટાઈ.
ભેખડ (ના) ટેકરા.
શ્રીમંત (ના) પૈસાદાર.
રળિયામણું (વિ) શોભીતું.
આશ્રમો (ના) મઠો.
વિશાળ (વિ) મ્હોટો.
મંડપ (ના) માંડવો.
શંકુ (ના) ભરેલા પતાસાના પડા જેવો આકાર.
શિખર (ના) ટોચ.
ઘુમટ (ના) અર્ધગોળ શીખરવાળું ઢાંકણું.
મોખરો (ના) આગળનો ભાગ.
કાયમ (ના) હેયાત.
સ્તંભ (ના) થાંભલો.
અણી શુદ્ધ (ના) અખંડ.
તૃતિયાંશ (ના) ત્રીજો ભાગ.
તોરણ (ના) મેહેરાબ.

પાઠ ૪૩ મો.

વાદ (ના) તકરાર.
વટેમાર્ગુ (ના) રસ્તેજતો. મુસાફર, પંથી.
બળ (ના) જોર.
જબરો (વિ) જોરાવર.
તપીગયા (ક્રિ) ગુસ્સે થઇ ગયા.
ધીમા (વિ) ઠંડા.
અજમાવો (ક્રિ) વાપરો, ચલાવો.
ઉતરાવે (ક્રિ) કઢાવે.
બળવાન (વિ) જોરાવર.

વાવાઝોડું (ના) પવનનું જોરથી વાવું.
લપેટતો (ક્રિ) વિંટાળતો.
વળ્યું (ક્રિ) ફાવ્યું
ખસેડી (કૃ) આઘાકરી
તપ્યો (ક્રિ) ગરમથયો
બફારો (ના) પસીનો.
અંતે(અ) છેલ્લે,આખરે.
સહેવાયો (ક્રિ) ખમાયો
છાયા (ના) શીળો.
આકળા (વિ) ગાભરા.
હોંસ=ઉમંગ. [વટની
જોડી કાઢેલી (કૃ) બના
શીખામણ (ના) બોધ.
મારફાડ (ના) સખતાઇ, જોર કરવું તે.

પાઠ ૪૪ મો.

અંગજ્ઞાન (ના) પોતાની મેળે જે શીખવું તે.
તર્કશક્તિ (ના) વિચાર બળ [છાપરી.
મઢુડી (ના) ઝુંપડી.
રાફડો (ના) નાનુંદર.
સમજાશે (ક્રિ) ધ્યાનમાં આવશે.
લાડુ (ના) લાડવો.
ગળ્યો (વિ) મીઠો.
ટેકો (ના) આધાર, મજબૂતી.

ભાર (ના) બોજો.
જંગલી (વિ) બેવકુફ.
મેળવી (ક્રિ) સરખાવી.
કડાકૂટ (ના) ખટપટ.
ગુમાવે (કૃ) ગુજારે.
ભેદ(ના)તફાવત,જૂદાઇ.
ખોરાક (ના) હમેશાં ખાવાનો પદાર્થ
સંઘરવા(ના)એકઠું કરવા
કોઠાર (ના) અનાજભરી મૂકવાનો ખજાનો
બીવર (ના) એક જાતના સસલાં.
ધાન્ય (ના)અનાજ [લુંટે.
સંઘરે (ના) રાખી મૂકે

પાઠ ૪૫ મો.

શોચના (ના) ફિકર.
વાદવિવાદ (ના) ચક ચાળ, ચોળા ચોળ.
વૈદું (ના) વૈદનો ધંધો.
પ્રેરણા (ના) અગજ્ઞાન.
ઉદાસ (વિ) દલગીર.
બેડોળ=ખરાબઆકારનું
તકરાર (ના) વાંધો, જીદ
મંડળી (ના) ટોળી.
વૈદ્ય (ના) વૈદું કરનાર.
મંદવાડ (ના) બીમારી.
ઓસડ (ના) દવા.
ગુંચવણ (ના) ગુંચવડો.

ઠોકર (ના) ખતા.
નકામી (વિ) ફોકટ.
વધારો (ના) ઉમેરો.
મનુષ્ય (ના) માણસ.
કસર (ના) ખામી.
કમ (વિ) ઓછી.
તર્ક (ના) ખ્યાલ.
ચૂકો (ના) નાની ભૂલો.
ઉદ્યોગ (ના) મેહેનત.
ધીરજ (ના) હિમ્મત
ભીલ (ના) લુટારા લોકો.
મહેલ (ના) રાજાનો રેહેવાનો મૂકામ.
ભક્તિ=ઇશ્વરનું ભજન.
ઉતરતી (વિ) હલકી
પંક્તિ (ના) જાતિ, વર્ગ.
ઉત્તમ (વિ) મોટો.

પાઠ ૪૬ મો.

દર્શન (ના) ઝાંખી.
બાળપણ (ના) બચપણ, નાનપણ.
ચપળ (વિ) ચંચળ.
ગાદી (ના) બેઠક.
લક્ષણો (ના) ચીન્હો.
સાધુ (ના) વેરાગી.
આનાકાની (ના) રગઝગ, હાના.
આગ્રહ (ના) હઠ, સમજાવટ.

દીક્ષા (ના) મંત્રનો ઉપદેશ.
શાસ્ત્ર(ના)નીયમ સંગ્રહ.
સિદ્ધાંત (ના) નીશ્ચય
પ્રવિણુતા (ના) કુશળતા, માહીતગારી.
યુક્તિ (ના) તદબીર.
પ્રાકૃત (ના) સંસ્કૃતમાંથી નીકળેલી ભાષા.
પધરાવી (કૃ) બેસાડી.
પાઠશાળા (ના) નિશાળ
ગોઠવણ (ના) રચના.

પાઠ ૪૭ મો.

અચરજ (ના) નવાઇ
ચોકખા (વિ) સાફ.
લીલ (ના) પાણીમાંલીલી ફુક બાઝેછે તે.
સુંવાળા(વિ)નરમ,લીસા.
લટકતાં (કૃ) ટીંગાતા.
બાદા (ના) બર્ઈરી.
ચારો(ના)ચરવાનું ઘાસ
ઠરતી (ક્રિ) થોભતી
ક્ષણ (ના) લેહેજો.
વીલાં (વિ) સુનાં,છૂટાં.
નર (ના) મરદ.
બચાવ (ના) રક્ષણ.
કૂકડી (ના) મરઘી.

પાઠ ૪૮ મો.

ગુણ (ના) પાડ.
પારણું (ના) બાળકને સુવાનું નેતર કે પાટી ભરેલું ઝુલતું ચોકઠું
પોઢવુ (ક્રિ) સુવું
કડુ (વિ) કડવું.
ખાજું (ના) ખાવાનું.
ખમા (ના) માફ.
મુક્તિ (ના) ઓદ્ધાર.
પુત્ર (ના) છોકરો.
છેક (અ) બહુ.
મહા(વિ)મોટી, ઘણી.
હેતવાળી=પ્યારવાળી.
દયાળી (વિ) મેહેરવાળી.
સુકામાં=સૂકી જગામાં.
પંડે (સ) પોતે, જાતે.
તજી (ક્રિ) છોડી, મૂકી.
બચી (ના) બોકી.
પ્રેમ (ના) હેત, વહાલ.
જુક્તી (ના) હીકમત.
ટળે (ક્રિ) દુર થાય.
રૂડું (વિ) સારૂં.

(કવિતાની સમજુતી). (૬).

જ્યારે કે હુ નાનો છોકરો હતો ને પારણામાં સૂતો હતો; ત્યારે મને બહુ રડવું આવતું તે વખતે મને કોણ છાનું રાખતું? તે વખતે મને દુઃખી જોઇને બીજું દુઃખી કોણ થતું? મારી ઘણી વાહાલી દયા, લાવનારી મા તુંજ. (૧).

મા પોતે ભીનામાં (મૂતરમાં) સુએ ને મને સુકામાં સુવાડે, ને હું દુઃખ પામું તો પોતે સ્વાદ છોડી દેતી; મને સુખ થાય તેને વાસ્તે કડવુ કડવું કોણ ખાતું? મારી ઘણી વાહાલી૦ (૨).

મને છાતીએ બઝાડીને મારા ગાલ ઉપર બોકી કોણ લેતું, ને તરતનું ખાવાનું બનાવેલુ કે આવેલું હોય તે, હે મા તું પોતે ન ખાય ને

મને કોણ આપતું? મને મોહોડે મીઠા મીઠા ગીત કોણ ગાતું? મારી ઘણી વાહાલી૦ (૩)

હું કેથે પડું કે અથડાવું તો મોહોડેથી ખમા આણીને તારી આંખ-માંથી પ્યારના આંસુ પડતા હતા; પછી મને પોતાના સ્થાનમાંથી કોણ દૂધ પાતું? મારી ઘણી વાહલી૦ (૪).

મને **પરમેશ્વરની** પ્રાર્થના કરવા વિશેની રીત કોણ કહેતું? જેથી કરીને તાપ ને પાપ સમાઇ જાય ને મારો આદ્ધાર થાય; એક ચિત્તેમનમાં ફિકર રાખી મારૂં સારૂં કોણ ચાહાતું? મારી ઘણી વાહાલી૦ (૫).

પાઠ ૪૯ મો.

જળ (ના) પાણી.	સદા (અ) રોજ.	વાળવા=બદલો આપવા.
ગણિત (ના) હિસાબનું કામ.	દાસ (ના) ચાકર.	જોગ (ના) તક, દાવ.
ચાકરી (ના) બરદાસ.	સાટું (ના) બદલો.	નિત્ય (અ) રોજ.
આકરી (વિ) કપરી.	દેવ (ના) ઇશ્વર.	પાઠે (ના) મોહોડે.
અમૂલી (વિ) જેની કિ-મત થઇ શકે નહીં તે	આનંદ (ના) સંતોષ.	રીઝી (કૃ) ખુશી થઇ.
	દાતા=દાતાર, આપનાર.	સર્વ (વિ) સઘળું.
	માતા (ના) મા.	ઠામ (ના) ઠેકાણું.
	સમો (ના) વખત.	રચ્યા (ક્રિ) બનાવ્યાં.

(કવિતાની સમજુતી). (૭).

હજી તારૂં હેત તેવું ને તેવુંજ છે, જેમ કે માછલી ને પાણીને હેત મળ્યું છે (પાણી વગર માછલીને જરાએ ચાલે નહીં) તેવું; તે હિસાબની રીતથી ગણવા જાઊંછું તો પણ તેનો પાર આવતો નથી? મારી ઘણી વહાલી૦ (૬).

અરે મા મેં તારીપાસે જે આ સખત ઘણીજ કિમતી ચાકરી કરાવી એ બધું તારૂં કરેલું હું શું ભૂલી જઇશ ; તારો આખી જીંદગાની સુધી ચાકર થઇને એનો બદલો વાળી આપીશ; મારી ઘણી વાહાલી૦ (૭).

હે મોટા પ્રભુ! સંતોષ આપનાર, મારી મા જેવો મને ફાયદો (આ-ભાર) કરે તેવો; તે બદલો વાળવાને મને હમેસાં તું વખત આપજે મારી ઘણી વાહાલી૦ (૮).

આટલા આઠ છંદ શીખે ને સાંભળે, ને પછી તેને હેતે કરી રોજ મોહોડે રાખે; તો ઈશ્વર ખુશી થઇ સઘળે ઠેકાણે તેને કુશળ રાખે, આ સારા છંદ કવિ દલપતરામે બનાવ્યાછે. (૮).

પાઠ ૫૦ મો.

કેઓલીન (ના) સફેદ માટી.
પદાર્થ (ના) ચીજ.
મિશ્રણ (ના) ભેળશેળ.
છિદ્રવાળાં (ના) બાકાવાળા.
આરસપહાણ (ના) ચળકતો પથર, સંગેમરમર.
મુખ્યત્વે (અ) ઘણું કરીને.
પ્રકાર (ના) જાત.
ગૂંદે (ક્રિ) ધુંદે, કુટે.
એકરસ (ના) મળી ગયલું.
ભિનાશવાળી (વિ) ભેજવાળી.
નરમાશ (ના) પોચાશ.
હોલવાઈ (કૃ) બુજાઈ.
પકવેલા (વિ) પાકા કરેલા.
ચીતરેલાં (વિ) ચીત્ર પાડેલા.
સ્હેજ (અ) જરા.

પાઠ ૫૧ મો.

વર્ણન (ના) બ્યાન, વાત.
વિદ્યાશાળા(ના) નિશાળ.
પ્રતિષ્ઠા (ના) સ્થાપના, આબરૂ.
રાજધાની (ના) રાજગાદીનું મોટું શહેર.
વનરાજ(ના) વનનોરાજા
વસાવ્યું (ક્રિ) સ્થાપ્યું, ખરીદ કીધું
તાબા(ના)હવાલો, કબજો
મામલતદાર(ના) સબોરડીનેટ માજીસ્ટ્રેટ.
ઊજજડ(વિ)જ્યાં લોકોની આવજાવ નહીં તે.
પંચાસરા (ના) પંચાસર નગરના.
પારશનાથ (ના) જૈનધર્મના દેવની મૂર્તિ.
મૂર્તિ (ના) પુતળું.
મૂરત (ના) શરૂઆત, સુકન.
થાપના (ના) મંડાણ, સ્થાપના.
પોશાળ (ના) નિશાળ.
સહસ્ત્રલિંગ (ના) હજાર લિંગ, હજાર મૂર્તિ.
શિવલિંગ (ના) શિવની મૂર્તિ.
દેરીઓ (ના) નાનાં દેરાં.
પડખે (ના) પાસે, સોડે.

પાઠ ૫૨ મો.

મૂળસ્થાન (ના) ઉત્પત્તિનું ઠેકાણું, વતન.
કુળદેવી (ના) ગોત્રજની માતા.
કુમારિકા (ના) કુવારી છોકરી, બાળકી.
જૈન (ના) શ્રાવક લોકોનો ધર્મ—આચાર.
પુસ્તકભંડાર = ચોપડીઓનો સંગ્રહ. [ત્રાં.
તાડપત્ર (ના) તાડનાપા-
પટોળાં (ના) બાયડીઓના રેશમી લુગડાં.
ડાબલીઆળી (વિ) ડાબડીવાળી.
જુવાર (ના) જાર.
મૂળ (વિ) વતનની જગ્યા.
દેવી (ના) માતા.

ઉપડાવે (ક્રિ) ઊંચકાવે.

પાઠ ૫૩ મો.

ખંડ(ના) જમીનનામોટા ભાગ જેમાં ઘણાં દેશો આવેલા તે.
ગગન (ના) આકાશ.
ઝગઝગે (ના) તેજ કરેછે.
અરૂણપ્રકાશ (ના) સૂર્યનું તેજ, સૂર્યનું અજવાળું.
રત (ના) મોસમ.
ઠીંગણાં (વિ) બટકા.
કદરૂપાં (વિ) ખરાબ શીકલના, બેડોળ.
ગંદાં (વિ) ગોબા.
રેતાળ (વિ) રેતી વાળા.
રબારી (ના) બકરાં ઘેટાં ચરાવનાર.
મુકામ (ના) રેહેઠાણ.
પીળચટો(વિ)જરાપીળો.
ઉદ્યમી (વિ) મેહેનતુ.
કસબ(ના) હુન્નર, કીસબ.
તેજાના (ના) મસાલા.
જવાહિર (ના) ઝવેર (હીરા માણેક વગેરે).
વર્ણ (ના) રંગ.
શામળો(વિ) જરા કાળો.

પાઠ ૫૪ મો.

સંતસાધુ (ના) વેરાગી.
સમાગમ (ના) મેળાપ.
પરોવાયું (ક્રિ) લાગ્યું.
અપવાદ (ના) અપકિર્તી.
ઉઘાડેછોગે (અ) ખુલ્લી રીતે.
પ્રસિદ્ધ (ના) જાહેર.
વીણા (ના) વાંસલી.
દેવલોક (ના) સ્વર્ગ.
બાળવિધવા (ના) બાળરાંડ.
તુક (ના) આંતરો.
પ્રસંગ (ના) વખત.
છટાથી (ના) લેહેકાથી.

પાઠ ૫૫ મો.

ઉલટ (ના) હોંશ, ઉમંગ.
ભેર (અ) સાથે.
મિજાજ (ના) પ્રકૃતિ
હાથરો=મોંચડાવવુંતે.
વહી= દશકે દશકે એક ગણીએ છીએ તે.
ખોડ (ના) ખામી, ચૂક.
ગુણાકાર (ના)ગણાકરવાનો હિસાબ.
માથાકૂટીઆ=કડાકુટીઆ, ગુંચવણવાળા
સુસ્ત (વિ) આળસુ.
ચીંડાઇ (કૃ) ખીજવાઇ.
ચૂક (ના) ભૂલ, ગફલત.

પાઠ ૫૬ મો.

દયામણું (વિ) દયા ઉપજે એવું.
ડસકાં (ના) રોતા આંચકા ખાવા તે.
દડદડ (અ) ટપકટપક.
ફળીઉં(ના)શેરી,મોહોલો
રોવા (ક્રિ) રડવા.
અકળામણ=ઘભરાટ.
કઠણ (વિ) અઘરા:
ઉમંગ (ના) ઉમેદ, ઉલટ
આનંદ=સંતોષ, હરખ.
લોહી (કૃ) લુછી.
સાંભરતા=યાદ આવતા.
જવાબ (ના) ઉત્તર.

પાઠ ૫૭ મો.

આનંદી=મગન, ખુશ.
ધુંધવાતુ (વિ) રીસાળ, ચહડેલું.
વસમું (વિ) અઘરૂં.
પડોશ (ના) પાસેનું ઘર.
કાયર=હેરાન, દુઃખી.
કહેવત (ના) કેહેતી, કેહેણી.
ગોખી (કૃ) પાઠે કરી.
પેટભરૂં (વિ) ગુજારોકરૂં.
હસમુખી (વિ) મગન.
તાળો (ના) કાંટો.
સ્વભાવ (ના) ખાસિયત.

પાઠ ૫૮ મો.

સમસ્યા(ના)ઉખાણા, કોહેડા, ભેદમાંપુછવાનું.	શોભે (ક્રિ)સારો દેખાય.	કોલ (ના) કોયલ.
શ્વાન (ના) કુતરો.	ઉત્તમ (વિ) મોટો, શ્રેષ્ઠ.	વસેદરે=દરમાં રેહે.
સુજાણ (વિ) સારીપેઠે જાણીતો.	સજ્જન=સારા માણસ.	પઢતો (ક્રિ) ભણતો.
મૃગ (ના) હરણ.	તાત (ના) બાપ, પિતા.	પંડિત (ના) વિદ્વાન.
નર (ના) ભાયડો, મરદ.	વીવા=સગપણ, સગાઇ.	પૂર્યો (ક્રિ) ગોંધ્યો.
ગળ્યો (ક્રિ) ઢાંકયો.	ફાળ(ના) કુદકો, છલંગ.	ચેતજો (ક્રિ) જાણજો.
	ચતુર=ડાહ્યો, શાણો.	મધુરો (વિ) મીઠારાગનો.
	નારી (ના) બાયડી,સ્ત્રી.	સામળભટ=એક મ્હોટો કવિ થઇ ગયો.
	નિર્બળ (ના) કમજોર.	

(કવિતાની સમજુતી). (૮).

એક **નરેનરને** ઢાંકયો, તેથી શરીર સારૂં દેખાય; તેમાં એક તો ઘણો ઉમદા માણસ છે, ત્યારે તમે ચતુર પુરૂષ હોય તો સમજી લેઓ. એ શું છે? (**જામો**).

મોટા કુળથી (દૂધથી) ઉપજી તેના બાપનો જે બાપ (દહીં તેનો બાપ, ને તેનો બાપ દૂધ) તેની સાથે સગપણ કર્યું (છાશ નાંખી દૂધ જમાવ્યું) તો તમે શાણા એ વાત સમજો એ શું છે? (**છાશ**).

કુદકો મારે પણ હરણ નથી. સસલો પણ નથી ને કુતરો પણ નથી તેમ મોં ઊંચુ છે પણ મોર નથી ત્યારે તમે ડાહ્યા સારી પેઠે જાણીને સમજી લેઓ એ શું છે? (**દેડકો**).

રંગે પીળોછે પણ પોપટ નથી; કાળોછે પણ નાગ નથી, તેમ પાંખો છે પણ પંખી નથી; ને તે ઉડેછે ખરો પણ કાગડો નથી; ત્યારે એ શું છે બોલો? (**ભમરો**).

તે જાતે સ્ત્રી જાત છે પણ કમજોર નથી; કાળી છે પણ કોયલ નથી; તેમ દરમાં વસેછે પણ સાપણ નથી ત્યારે એનો જવાબ બોલો એ શુંછે? (**તરવાર**).

ભણતો પણ વિદ્વાન નથી; ને ગોંધ્યો છે પણ ચોર નથી તમે ડાહ્યા હોય તો સમજી લેજો; એ મધુર રાગનો છે પણ મોર નથી; ત્યારે એ શું છે બોલો? (**પોપટ**).

પાઠ ૫૯ મો.

ઘાટ (ના) આકાર.
કૌવત (ના) જોર.
સરજી (ક્રિ) પેદા કરી.
મૂળમાં (અ) પેહેલાં.
જીડવા (ના) દીંડવાં.
ઉખેડે (ક્રિ) મુળસાથે ખેંચી કાહાડે.
પીલીને (કૃ) દાબીને.
આદમી (ના) માણસ.
રૂપ(ના) ઘાટ, આકાર.
બદલે (ક્રિ) ફેરવે.

પાઠ ૬૦ મો.

અર્વાચીન (વિ) નવું.
નામાંકિત (વિ) પ્રખ્યાત.
ઉછેરી (ક્રિ) મોટાકરી
તરસ્યો (ક્રિ) પ્યાસવાલો.
ન સંખાયાથી (અ) સહન ન થવાથી.
ભક્તિ (ના) ભજન.
લીન(ના)તનમય,મસગુલ
મહેણાં (ના) ટોણાં.
પ્રવાસ (ના) મુસાફરી
અવસ્થા (ના) હાલત.
અખાડો (ના) મઠ.
અતિથિ (ના) અજાણ્યા ભીક્ષુક.
સંતોષી (વિ) સંતોષ દઇને.
અભિપ્રાય (ના) મત.

પાઠ ૬૧ મો.

પોરા (ના) ઝીણાજીવડાં.
વિદ્વાન (વિ) પંડિત.
સંખ્યા (ના)કંઇઆંકડો.
સૂક્ષ્મદર્શક (વિ) સૂક્ષ્મતે ઝીણી, ને દર્શક તે દેખાડનાર, એટલેઝીણી ચીજમોટીદેખાય એવો કાચનો સંચો, મોટી ચીજ દેખાય એવું યંત્ર. [ખાડો.
ખાબોચીઆ(ના) નાનો
અબજ (વિ) સોકરોડ.
જેરવે (ક્રિ) પચાવે.
ચતુરાઇ (ના) ડહાપણ.
મળી (ના) એક જાતનો કાળો રંગ.
મેળવ્યું (ક્રિ) મેળવ્યું.
પારદર્શક=જેમાંથીઆરપાર જોવાય તે.
ગળીએલ(વિ)કાળોરંગ.
કુંડાળાં (ના) ચકરડાં
ભક્ષ (ના) શીકાર.
આંમળા (ના) વળ.
છીપ (ના) છીપાણી.
નકશી (ના કારીગરી.
કાહેલી (વિ) સમેલી.

પાઠ ૬૨ મો.

વર્ણન (ના) બ્યાન.
રમણીય (વિ) ખુશલાગે એવી, ખુશનુંમાં.
ગેંડી (ના) નાની ભેંસના જેવું જાનવર થાયછે.
પુણ્યશાળી(વિ)ધર્માત્મા.
પ્રખ્યાત (વિ) નામીચો.
બાગ(ના)મોટો બગીચો.
ધર્મશાળા=પરદેશીઓને ઉતરવાનો મુકામ.
માંડવી (ના) રવેશ.
મહારાજ(ના)મોટારાજા.
બેડોળ(વિ) ઘાટ વગરનું.
વેપારી (ના) રોજગાર કરનારા, રોજગારી.
બૂડાડે (ક્રિ) ડુબાવે.
તોપખાનું (ના) તોપો રાખવાનું ઠેકાણું.
સાહુકાર(ના) પૈસાવાળો, આબરૂદાર ગ્રહસ્થ.
દાનેશ્વરી (વિ) ધર્માત્મા.

પાઠ ૬૩ મો.

ભદ્ર (ના) ભદ્રકાળી માતા ઉપરનું મકાન.
મોદીખાનું(ના)સીધું સામાન વેચવાની દુકાન.

ધીકાંટો (ના) જથાબંધ-
ધી વેચવાનું ઠેકાણું.
તમામ (અ) બીલકુલ.
પૂર્વજો (ના) પિતૃ.
કાંપ (ના) છાવણી.
વિશાળ (વિ) મોટો.
સાહેબલોક(ના)ગોરાલોક
લશ્કર (ના) ફોજ, સેન્યા.
મેહેલ=મોટુંસુંદર મકાન
સવારી (ના) હાથી ઉપ-
રનો વરઘોડો.

પાઠ ૬૪ મો.

અરૂણ (ના) સૂરજ.
ઝગઝગે (ક્રિ) તેજ કરે.
વ્હેલ (ના) એક જાતનું
મોટું મચ્છ, જેનેલોકો
મગરમચ્છ કહેછે તે.
જળચર (વિ) પાણીમાં
રહેનારૂં જનાવર.
ચરબી (ના) જનાવરના
ચામડાના પાતળા
પડમાંથી જે ચીકણી
વસ્તુ નીકળેછે તે.
વનસ્પતિ=લીલોતરી.
ગુજરાન (ના) ગુજારો.
નિર્મળ=ચોખ્ખું, સાફ
ગરમી (ના) તાપ.
પુષ્કળ (વિ) ઘણું [ગ.
શિખર=ટોચ,ઉપલોભા-

જવલે (અ) કોઇવખત.
બોલી (ના) ભાષા.
લિપિ (ના) ભાષા.
ગોરા (વિ) સફેદ, ઉજળા.
આછા (વિ) થોડા. [ની.
માંજરી(વિ) ભુરાડોળા
ખ્રિસ્તિ(વિ)ઇશુખ્રિસ્તને
માનવું તે.

પાઠ ૬૫ મો.

શાણી (વિ) ડાહી.
પવિત્ર (વિ) ચોખ્ખી.
સંતાન (ના) છોકરૂં.
સતીથઇ (ક્રિ) પતીપછ-
વાડે બળીમુઈ.
સહન (અ) શાંખવું.
કારભાર (ના) વહીવટ
મહેસુલ (ના) જમાબંદી.
વતનદાર(ના)જાગીરદાર.
પંચ (ના) લવાદ.
પરોપકાર (ના) પારકાનું
ભલુકરવું.
હિસાબ (ના) ગણત્રી.
શુદ્ર (ના) હિંદુઓની
ચોથી વર્ણ.
પોશાક (ના) પહેરવેશ.
રોકાયલી (કૃ) ઘેરાયલી.
ક્ષેત્ર (ના) તીર્થ.
સદાવ્રત (ના) અન્નછત્ર.
ઇનામી (ના) જાગીરી.

પ્રતાપી (વિ) પરાક્રમી,
શુર વીર.
ભરજુવાની (વિ) યુવાવ-
સ્થા, તારૂણ્ય.
મદ (ના) ગર્વ.

પાઠ ૬૬ મો.

પરોપકાર=પરકલ્યાણ.
અભણ=વગરભણેલા.
દરકાર (ના)પરવા, જરૂર.
રળવા (કૃ) પેદા કરવા.
બરદાસ (ના) બાલાસ.
જ્ઞાન=સમજણ, અક્કલ.
પાડોશ (ના) પાસેનું ઘર.
ધંધેલાગીશ (ક્રિ) રોજ-
ગારે વળગીશ.
દેવું (ના) કરજ, રૂણ.
સ્થાપન (ના) મંડાણ.
વખાણ (ના) તારીફ.

પાઠ ૬૭ મો.

સ્વધર્મી=પોતાનાધર્મનો.
ભુંડું (ના) ખરાબ.
ભાંડે (ક્રિ) ખરાબ બોલે.
ખુલ્લું=ઉઘાડું, સાફ.
સદ્ગુણી (વિ)સદાચરણ.
લાયક (વિ) ઘટારત.
આદમી (ના) માણસ.
પ્રીતિ (ના) હેત, પ્યાર.
આજ્ઞા (ના) હુકમ, રજા.
પ્રસન(વિ) ખુશ, મગન.

વેરી (ના) દુશ્મન, શત્રુ.
કલ્યાણ (ના) સારૂં, રૂડું.
દેશી(વિ)વતની, પોતાના દેશનો.

પાઠ ૬૮ મો.

દૃષ્ટાંત (ના) દાખલો.
કાવચ=એકજાતના વવળતા પાંદડાનું ઝાડ.
મોગરો (ના) એકજાતનું ખુશબોદાર ફુલ.
ડૂંખ(ના)કલમકરેલીડાળી
વાવ્યાથી (કૃ) રોપ્યાથી.
બેટાં (ના) દીકરા.
અગત્ય (વિ) જરૂર.
મારરૂપી=મારનારૂપનું.
મીઠાશ=ભલાઇ, નમ્રતા.
ભૂલવી (ક્રિ) વીસરવી.
અંતે (અ) છેલ્લે, આખરે.

પાઠ ૬૯ મો.

ભલુંભૂંડું=સારૂં નઠારૂં.
આશ (ના) આશા.
વંદન=નમસ્કાર, નમવું.
નિંદક (વિ) ચુગલીખોર.
સાલસ (વિ) સાદો, નમ્ર.
પડછંદો=પડઘો.
મૂળ (ના) મૂળિયાં.
માનવી (ના) માણસ.
કદાપિ (અ) કોઈ વખત.
લેશ (અ) જરા.
પ્યાર (ના) હેત, ચાહેતો.
ખાર (ના) અદાવત, વેર
દોષ (ના) ઠપકો.
ચઢાવીએ (ક્રિ) દઇએ.
શુણો (ક્રિ) સાંભળો.
નંદે (ક્રિ) બદબોઇ કરે.
ખંધું (વિ) લુચ્ચું.
ગંદું (વિ) ગોજું.
વદે (ક્રિ) બોલે.
જન(ના)માણસ,સખસ.
તુર્ત (અ) તરત, ઝટ.
પડે (ક્રિ) થાય.

(કવિતાની સમજુતી). (૯).

મોગરાના મૂળિયાંમાંથી સુગંધવાળાં ફૂલો ઉપજે છે, તે જેમ નાક તથા આંખને ગમે છે, તેમ માણસના મોંહોડામાંથી નીકળેલા મીઠાસવાળા બોલો કાનને વહાલા લાગે છે. તેજ પ્રમાણે ખાર-મેળવનારા કૌવચનાબી (બી હોતા નથી ફાફડા જેવા થાયછે) કે જે જરા ડીલે લગાડીએ તો ખજવાળ આવે ને લાલ ચકામાં પડી રેહે તેવા કડવા બોલ કહીએ; મોગરાની કલમ કાપીને વાવી હોય તો તેમાંથી કૌવચ ન ઉગે તેમજ કૌવચ વાવી હોય તો તેમાંથી મોગરો ઉગશે એવી જરાએ આશા રાખવી નહીં (એટલે કોઈનું ભુંડું કરીશું તો તે ભલું કરશે એવી આશા થોડી) તે માટે એકવાર આપણે વિવેકથી વિચારી જુઓ, કે જેવા બી વાવીએ તેવાંજ ઝાડ ઉગેછે. લોકોની પ્રીતિ કે ખાર મેળવવો એનો ઇલાજ આપણા હાથમાં છે. તે માટે **દલપતરામ** કવિ કહેછેકે દુનિઆના લોકને તેટલા સારૂ ઠપકો ન દેવો (૧).

નમસ્કારનો શબ્દ કહીને નમસ્કારનો શબ્દ સાંભળો ને જો તમે કદી કોઇની નિંદા કરો તો તમે ચુગલીખોર કહેવાઓ; સભ્યતાનો શબ્દ

કહીને સભ્યતાનો સાંભળો લુચ્ચો કહ્યાથી તે તમને લુચ્ચો કહે; ચોખ્ખો શબ્દ કહીને ચોખ્ખા શબ્દ સાંભળો ગોજો કહ્યાથી તે તમને પાછો ગોજો કેહે, માટે માણુસો એક બીજામાં જેવા સામસામા શબ્દ બોલે તેવોજ તુરત તેનો પડઘો પડે (એટલે) સામો માણુસ પણુ તેવુંજ બોલે. (૨).

પાઠ ૭૦ મો.

સ્થાપનાર (વિ) મંડાણુ કરનાર, પ્રવર્તક.
ગાદીભોગવી (ક્રિ) રાજકરી.
આશ્રય (ના) મદદ.
ખંડેરો(ના)જુની તુટી પડેલી ઉજડ ઈમારતો
પૂરથી (ના) રેલથી.
મૂર્તિઓ (ના) છબીઓ, પ્રતીમાં.
શિક્કાઓ (ના) મોહોરવાળુ નાણું
લગભગ (અ) આશરે.
બાંધો (ના) બંધારણુ.
મઠ (ના) આશ્રમ.
વતન (ના) પોતાનો દેશ, સ્વદેશ.
ઓળખાવા (ક્રિ) પીછાણુવા, જણુાવા.
રત્નજડિત (વિ) હીરા જડેલી. [રહસ્તી.
બળાત્કાર (ના) જબ-
મહોર (ના) સીક્કો.

પાઠ ૭૧ મો.

ચઢિઆતો(ના)ચહડતો.
લેખામાં(વિ)હિસાબમાં.
ગ્રેટબ્રિટન=અંગ્રેજ લોકોનો દેશ ઈંગ્લંડ સ્કૉટલંડ ને વેલ્સ.
ડાંગર (ના) ભાત.
નીપજે=પાકે, પેદાથાય.
વચ્ચોવચ્ચ(અ)બરાબર. વચમાં, વચગાળે.
સુરંગ (ના) નેહેર.
આવજા=આવવું જવું.
નામદાર (વિ) પ્રખ્યાત કીર્તિવંત, નામીચો.
દરબાર (ના) રાજસભા, રાજકચેરી.
દર (વિ) હરએક.
વસ્તી(ના)વાસો, મુકામ.

પાઠ ૭૨ મો.

ફુટડાઇ (ના) શોભા.
ટાપટીપ(ના)તાલમેલથી શણુગારવું તે.
ચાલ (ના) રીત.
જંગલી=બેવકુફ, મૂર્ખ
અજ્ઞાન(વિ) વગર કેળવાયલા, ભોળા.
હોંસેહોંસે(ના)ઉમંગથી.
ડોળ(ના)ચેહેરો, ભપકો.
જન્મથીજ(ના)અવતરે ત્યારથીજ.
ચોખંડાં (વિ) ચોડા.
ડામ (ના) ધગધગતા લોઢાનો ડનોચપકો.

પાઠ ૭૩ મો.

શિકલ (ના) મોંનો ચેહેરો.
નામાંકિત(વિ) નામીચો.
કદરૂપાં (વિ) બેડોળ
કસર (ના) ખામી
વેહ (ના) કાણું, છિદ્ર.
ચીબું(વિ) બેઠેલું, ચપટું,
રૂપાળું (વિ) દેખાવડું.
બૂડ (ના) કાનની લાલી ઉપરનો વચગાળેનો ભાગ.

વજન (ના) ભાર, બોજો.
દુઃખી(વિ) હેરાન, કાયર.

પાઠ ૭૪ મો.

કરોડ (ના) બરડાની વચમાંનું હાડકું.
પાંસળીઓ (ના) પાસાતરફની હાડકીઓ. [ર
દરદ (ના) દુખાવો, કળત-
સણકા(ના)ચસકા [રતા.
નુકસાન કારક=હાણી ક-
હડપચી(ના) દાઢી આગળની જગો.
મેશ (ના) કાજળ.
ટપકાં (ના) છુંદણાં.
નીચવર્ણ (ના) હલકી જાત, હલકા લોક.
વેદના(ના)દુઃખ,આપદા.
ખોટ(ના)તંગાસ, તોટો.
રેખો (ના) મેખો.

પાઠ ૭૫ મો.

ચોઘડિયું (ના) ચાર ઘડીનો વખત. [ણસો.
ગૃહસ્થો (ના) મોટા મા-
આરસ પહાણ(ના) આરસનો પથ્થર.
માનતા(ના)બાધા, આકીન, નીમ.
સિંહાસન (ના) ગાદી, (સિંહનું આસન).
દેવલ (ના) દેરૂં, મંદીર
સૈકો (ના) સેંકડો.
સ્તંભે (ના) થાંભલાએ.
સલાટો(ના) પથ્થર ટાંકનારા કડીઆ.
દાંતા (ના) ગુજરાતની ઉત્તરે એ ગામ છે.
રાણા (ના) રાજા.
જાત્રાળુ(વિ)જાત્રાવાસી.
ભેટ (ના) નજરાણું.
કર (ના) વેરો. [ર
પાળીઆ(ના)કોરણ, કો-
આબુ (ના) ગુજરાતની ઉત્તરે એક પર્વત છે.

પાઠ ૭૬ મો. [ગ-

જવાળા(ના)બળતા,આ-
કમાણી=રળતર, કમાઇ.
દશાંશ (ના) દશમો ભાગ.
નગરશેઠ (ના) શેહેરનો શેઠીઓ.
ગુમાસ્તા (ના) વાણોતર.
બારસાખ=બારણાં સાથેનું ચોખઠું.
લેખ (ના) દસ્તાવેજ.
દરસાલ=દર વરસ.
અર્પણ (ના) આપવું, ચડાવવું. [ર્વત.
ગબ્બર (ના) જબરો પ-
જબ્બર (ના) જબરા.
ચઢાવ (ના) ઢોળાવ.
જવાળામુખી (ના) બળતામોંનો પર્વત.

પાઠ ૭૭ મો.

માયાળુ (વિ) દયાળુ.
ભાઇબંધી (ના) દોસતી.
ભાઇબંધ(ના) દોસ્તદાર.
વાંક (ના) તકસીર, ગુનો.
વેંત (ના) ૯ઇંચીસ.
નમીએ (ક્રિ) વાંકાવળીએ
ઇલાજ (ના) ઉપાય.
સ્વાર્થી (ના) પોતાની મતલબના, ગરજાઉ.
સોબતી (ના) સાથી.
પરગજુ(ના)પરકલ્યાણી.
દયાળુ(વિ)માયાળુ. [આ.
ગોઠીઆ (ના) મસલતી-
મોટા(વિ) ઉદાર, સખી.
દોષ(ના)અપરાધ, પાપી.

પાઠ ૭૮ મો.

કેરોસીન તેલ (ના) જમીનમાંથી નીકળતું પાણી જેવું બાળવાનું તેલ.
પેટ્રોલ્યમ (ના) કેરોસીન તેલ.
તેજાબ (ના) ગરમ રસ (ઍસીડ)

ખનીજડાર (ના) ખાણુમાંથી નીકળેલોડામર.
સડો (ના) કોહવાટ.
ડામર (ના) સુકાઈ ગયલું કાળું જાડું પેટ્રોલ્યમ જે વરસાદના દીવસમાં પાણી જવાની જગ્યાપર લગાડેછેતે.
આસ્ફાલ્ટ (ના) કચરાવાળો ડામર.
અવરજવર (અ) આવજાવ.
રેલર (ના) કાંકરા દાબવાનું લોખંડનું ગોળચક્કર.
ટકાઉ (ના) મજબૂત.
રેલ્વેસ્ટેશન (ના) આગગાડીનું મથક.

પાઠ ૭૯ મો.

કારખાનાં (ના) હુનરશાળા.
ડબ્બા (ના) દાબડા.
ઝાળીબે છે (ક્રિ) કલાઈથી સાંધાલેછે.
દરજ્જા (ના) પ્રકાર.
ગંધ (ના) વાસ.
તેજવાળો (વિ) પ્રકાશવાળો.
ઉધરસ (ના) ખાંસી.

સ્થિર (ના) હાલેચાલે નહીં તે.
અડકવાથી(કૃ)લાગવાથી.
ભડકો (ના)મોટું તાપણું
ઓલવાતો (ક્રિ) બુઝાઈ જતા.
સાવચેતી(ના) સંભાળ.

પાઠ ૮૦ મો.

રમુજી=ગમત પડે એવી.
ખડખડાટ (ના) અવાજ.
બીધાં (ના) ગભરાયાં, બીનાં.
હિંમત (ના) છાતી.
છાજલી (ના) છાબડી.
ભચરડાઈ (કૃ) દબાઇ.
ઘાટ (ના) આકાર, ડોળ
ચતુરાઇ (ના) ડાહાપણુ.
ફસાઈ (કૃ) કબજ આવી
ધાસ્તી (ના) બીક,ડર.

પાઠ ૮૧ મો.

ભોજનક્રિયા (ના) જંબાની તરેહ-રીત.
સાહેબલોક (ના) અંગ્રેજ
તરેહ (ના) રીત, યુક્તિ.
અણીદાર (વિ) અણીવાળી.
અવઘડ (ના) અડચણ.
નરમ (વિ) પાણી જેવી.
વેલા (ના) આપદા

ઘરધણી(ના)ઘરનોમાલિક
ફાવતુ (કૃ) ઠીક પડતુ.
ટગરટગર(કૃ)એકીનજરે.
કકડીને (કૃ) ઘણીસખત.
ધ્રેંસ (ના) ભડકુ.
ધુણાવ્યું (કૃ) હલાવ્યું.
ગટગટાવી (કૃ) ઠાસી,પી.
તરેહવાર (વિ) અજબ.

પાઠ ૮૨ મો.

ચોરસ (વિ) ચોખંડા.
પરોણો (ના) પરોણા ઉતરેલા તે, મેમાન.
ફાડીને (કૃ) ચીરીને.
ઠાલવી (કૃ) ખાલવી
ખૂમચા (ના) મોટીથાળી જેવું છાછરૂં વાસણ.
કાવો (ના) ઉકાળો.
ભોળી=ગુળપણ વગરની.
સુરમ (ના) સુગંધ,વાસ.

પાઠ ૮૩ મો.

સંઘ=જાત્રાજનારૂં ટોળું.
ટુંક (ના) શીખર, ટોચ.
રળિયામણો (ના) શોભાવંતો, સારો.
મોકળો (વિ) પોહળો.
આનંદ=હરખ, સંતોષ.
પગથી (ના) પગથીયાં.
વિસામા (ના) વિશ્રામ લવાના ઠેકાણાં.

વગડો (ના) રાન,જંગલ
નામીચા (વિ) પ્રખ્યાત.
ધનવાન (વિ) પૈસાદાર.
શિલાલેખ (ના)પથ્થરપર
કોતરેલો દસ્તાવેજ.
હરસાલ (ના)વરસોવરસ.
ઉચકો (ના) ઉધડ માપ,
ઠેરવેલી રકમ
પૂજારા (ના) પુજાકરનાર
રાતવાસો=રાતનો મૂ-
કામ, રાતનો પડાવ.
ઠાકોર (ના) રાજા, રાણો.
સદાવ્રત (ના) ધર્માદા
સીધુંસામાન આપ-
વાનું મોદીખાનું. [ળ.
મરકી (ના) મરવાનોરો

પાઠ ૮૪ મો

ભૂમધ્ય (વિ) જમીનની
વચમાં આવેલો.
રેતાળ (વિ) રેતીવાળી
રણ (ના) રેતીનું મેદાન
વાયરો (ના) પવન, વા.
જવલ્લે(અ) કોઇવખત.
ઝાડપાન(ના)ઝાડપાલો.
વાદી (ના) ઝાડપાન
વાળી જગો.

પાઠ ૮૫ મો.

સારેછે(ક્રિ) પૂરી પાડેછે.
સાલ (ના) વરસ.
પૂર (ના) રેલ.
કાંપ (ના) કચરો.
શામળા (વિ) કાળા.
સીધી (ના) હબસી.
કદરૂપા (વિ)બદશીકલના.
નિમકહલાલ (વિ) ખા-
ધેલા અન્નનો ઉપ-
કાર કરનારો.
કેપ (ના) ભુસીર.
હિંસક(વિ)હત્યાકરનારા.
ઝોળેઝોળાં(ના)ટોળેટોળા
ખૂની(વિ)ઘાતકી, નિર્દય

પાઠ ૮૬ મો.

સત્તા (ના) હાકમી.
બળવાન (વિ) જોરાવર.
માંડળિક (વિ) ખંડ-
ણી આપનાર.
સ્વતંત્ર (ના) આપઅ-
ખતીયાર.
ગરાસ (ના) ગામરક્ષણ
માટે આપેલી જગો.
તહેનાતમાં(ના) હજુરમાં
વિસ્તાર (ના) ફેલાવો.
પેઢી (ના) વંશજો.
ખજાનચી (ના) કી-
લીદાર, ભંડારી.
બુદ્ધિમાન (ના) અક્ક-
લવાન.
યુદ્ધ (ના) લડાઈ.
પ્રવીણ (ના) પ્રખ્યાત.
પુરોહિતે(ના) રોજગાર.
ચાંચિયા (ના) દરીઆમાં
લુટફાટ કરનારા.
મુક્તથયો(ક્રિ)છુટો થયો.
મંત્રિ (ના) સલાહકાર.
સંઘ (ના) જાત્રા જ-
નારૂં ટોળું.

પાઠ ૮૭ મો.

પિતા (ના) બાપ, તાત.
સેવા(ના)ચાકરી,બરદાસ.
છડો (ના) એકલો.
છોટો (વિ) નાનો.
પાળીપોષી (કૃ) ખવડાવી
પીવાડી. [પાડ.
આભાર (ના) ઉપકાર,
અંતર (ના) દિલ, મન.
ભેદ(ના)સમજણ, કારણ.
કોટીકોટી(વિ)ઘણીઘણી.
કાયા (ના શરીર, દેહ.
છત્ર (ના) ઢાંકણ.
પ્યાર (ના) હેત, ચાહના.
અત્યંત(વિ)ઘણો, ખુબ.
પાજી (વિ) નઠારો, કપુત.
વડા (વિ) મોટા.
વાંક (ના) ગુન્હો.
રાંક(વિ)ગરીબ, અનાથ.
સ્નેહ (ના) હેત, પ્યાર.
દેહ (ના) શરીર, કાયા.

(કવિતાની સમજુતી). (૧૦).

જ્યારે હું છેક નાદાન નાનો છોકરો હતો, ત્યારે પિતાજી તમે મને પાળી પોશીને મોટો કીધો; તે વખતે સારી રીતથી મને ખુશીને ખુશી રાખતા; હવે એ તમારો પાડ હું કેમ વીસરૂં. (૧).

જે વખતે હું નાનો હતો તે વખતે છાતીએ ચડી તમારી મુછ ખેંચી ત્યારે તમે દિલમાં જરા પણ રીસ નહોતી આણી; ને જે મેં મ્હોડે કહ્યું તે બધી વાતની હા હા કહી; હવે એ તમારો૦ (૨).

મને સારી શીખામણ દઇને સુધાર્યો, અને વિદ્યા શીખવીને વિવેકથી વધાર્યો; તેમ મને બધી વાતની સમજણ બરાબર આપી, હવે એ હવે તમારો૦ (૩).

તમારી કાયાપર મારેવાસ્તે ઘણું ઘણું દુઃખ વેઠયું, મને છાતીએ દાબીને મારી આસનાવાસના કીધી; ને ખરા ભાવથી મારા ઉપર હેત રાખતા, હવે એ તમારો૦ (૪).

મને જોતાં ત્યારે મનમાં ઘણો સંતોષ પામતા, ને જે વસ્તુ મ્હોડે મેં માંગી તે તરત લાવી આપતા; જે નઠારોછોકરો હોય તેજ એ તમારો પાડ ભુલે, તો હવે એ તમારો૦ (૫).

મારાથી કંઈ ખોટું કામ થાય ને મોટા ગુનામાં આવું તો નાદાન જાણી શિક્ષા કરવાને બદલે તમે મારાપર દયા લાવતા; ને પ્રીતિ ન ઉતારતા મારા અંગને કંઇ પણ દુઃખ ન દીધું, હવે એ તમારો૦ (૬).

પાઠ ૮૮ મો.

લાવ (ના) લાવો, લાભ.
સજવું (ક્રિ) રચવું.
નિરખવું (ક્રિ) જોવું.
જગન્નાથ (ના) જગતનો ધણી, ઇશ્વર.
હયાતી (ના) જીન્દગાની.
સેવના (ના)સેવા, ભક્તિ.
ભાગ્યશાળી (વિ)નશીબવાન, નશીબવાળો.
તુચ્છ (વિ) હલકો, નીચ.
ટાળી (ક્રિ) મટાડી.
જનો (ના) માણુસો.
મધ્ય (અ) વચ્ચે, માંહે.
સજ્યા (ક્રિ) બનાવ્યા.
નેત્ર (ના)આંખ, લોચન.
નીર (ના) પાણી.
ઉરે (ના) દીલે, હૈયે.
ભાવ(ના)ચાહેના, હોંશ
પિતુ (ના) બાપ, તાત.
શુભ(વિ)સારૂં, મંગળીક.

(કવિતાની સમજુતી). (૧૧).

મને ભણાવી ગણાવી નસીબવાન (લાહેર) બનાવ્યો, ને મારી ખરાબ તોછડી આદત મૂકાવી; જેથી કરી લોકોમાં મારી આબરૂ ફેલાઇ ગઇ, હવે એ તમારો૦ (૭).

મેં આ સારો (ઉપભોગ) ઓરીઓ લીધો ને જે હવે લઇશ તેનો આભાર બધો પિતાજી તમારો માનું છું એ બધા ઉપાયો મારા સુખને સારૂ તમે રચ્યાં છે, હવે એ તમારો૦ (૮).

તમારી આંખોમાં પ્યારના આંસુ લાવીને મને જોતા, ને પોતાના કલેજા સાથે લગાવીને દાબતાં; તે વખતે મ્હોડે મીઠા શબ્દ બોલતા, હવે એ તમારો૦ (૯).

હું આજ સુધી નાદાન બચ્ચું ને અજાણ્યો હતો તેથી તમારો ગુણ મેં મનમાં એકે જાણ્યો નથી; આજ હું હવે જાણીતો (મોટો સમજણો) થયો છું, હવે એ તમારો૦ (૧૦).

જગતનો ધણી જે ઇશ્વર તે જો મને હયાત રાખે, અને મારી ને તમારી જીંદગાની સલામત રહે, તો સાચે ભાવે નિરંતર તમારી સેવા કરૂં હવે એ તમારો૦ (૧૧).

હોંસથી ભણીને આ સારા છંદ ગણી રાખે, તો પિતાની સેવા કરવાને નઠારા થશે નહીં; સારૂં જ્ઞાન મેળવીને પછી સારે કામે લાગશે ને આ સારા છંદ **દલપતરામ કવિએ બનાવ્યા છે.** (૧૨).

પાઠ ૮૯ મો.

વસાવ્યું (ક્રિ) વસ્તી કરી.
ઉમરાવો (ના) અમીરો, શેઠીયાઓ. [ણીક.
નિમકહલાલ (ના) પ્રમાબંડ (ના) દંગો, બળવો, તોફાન.
દાબ (ના) કરપ.
ઉગાર્યો (ક્રિ) બચાવ્યો.
ખંડણી (ના) ઉપજનો હીસ્સો.
ટાચે (ના) મથાળે.
પ્રતાપ(ના)તેજ,કરપ દાબ.
નજરાણું (ના) ભેટ.

પાઠ ૯૦ મો.

પરાક્રમી (ના) શુરવીર.
નકશીદાર (ના) કોતરકામવાળા.
બાંધકામો(ના)ઇમારતો.
શોખીન (ના) ફાકડીલો, ઇચ્છાવાળો.
હયાત (ના) કાયમ.
રમણિય (વિ)શોભીતું.
કબર (ના) ઘોર. [કુબર.
રોજો (ના) ઘુમટવાળી
નિમિત્ત (ના) બાહનું.
પાઠશાળા (ના) નિશાળો.

મુસાફરખાનાં (ના) ધર્મશાળા. [ળો કુવો.
વાવ (ના) પગથીઆવા-
ઉછેરાવતો(ના) વવાવતો.
દબદબો (ના) દમામ, ડોળ, ભપકો.
સલામી (ના) નમન.
લાસ (ના) મુડદુ.
ઠાઠ (ના) દમામ.
પરોપકાર (ના) પારકાનું ભલું કરવું.

પાઠ ૯૧ મો.

ગોળાઈ(ના)અડધોગોળ.
વહાણવટી (ના) નૌકાશાસ્ત્રના જાણનારા.
સમધાત (વિ) સરખો
વળગીને (કૃ) બાઝીને
કડકા (ના) ભાગ.
ખબરદાર(વિ)હોશિયાર.
ખરેખાત(અ)સાચેસાચ
ઢગલેઢગલા=ઘણુંજ.
નીપજ (ના) પાક, પેદાશ

પાઠ ૯૨ મો.

અજ્ઞાની(વિ)અણસમજુ ભોળા, વગર શીખેલા
ભૂત (ના) પીશાચ.
નજર (ના) કુદ્રષ્ટિ.
ઝોડઝપટ (ના) સપડાવું.
પ્રકાર(ના) રીત, તરેહ.
સમજુ (વિ) વિચારવંત.
કરડી (વિ) આકરી.
ધગધગતા(વિ)ઉનાંઉનાં.
અંગારા (ના)દેવતાના સળગેલા કોયલા.

પાઠ ૯૩ મો.

પ્રયોગ=કરી જોવું, અજમાસ કરવો તે.
મંછા (ના) ઇચ્છા.
શંકા (ના) વેહેમ.
ચીસ (ના) કીકીઆરી.
લગડીન(ના) ઢાળકી.
પડછાયો (ના) ઓળો.
કસર (ના) ખામી.
પરસેવો (ના) પસીનો.
જુગતીથાબંધ = હીકમતથી.
ખબરદારી=હોંશિયારી.
ચોકશી=બારીક તપાસ.
ડાકણ (ના) ચૂડેલ.

પાઠ ૯૪ મો.

વંત્રી(ના) ડાકણ,ચૂડેલ.
આણ (ના) દુવાઈ.
રોણ (ના) તોફાન.
ભાવસાર (ના) જૈનધર્મ પાળનાર હિંદુ લોક.
મધરાત (ના)વચલીરાત.
ચાંદરણું (ના) ચંદ્રમાનું અજવાળુ.
ધ્રુજવા (કૃ) બ્હીવા.
હામ (ના)હિમત, છાતી
ચોકીવાળા=પોહોરેદાર.
ડામચીઓ (ના) માચડો.
ભગત=ગુરૂ, ઉપદેશી.
શોરબકોર (ના)અવાજ.
વિગત (ના) તપસીલ.
વિખ્યાત(વિ) નામીચું.
મસાણ (ના) સ્મશાન.
ફાસ્ફરસ (ના) હવામાં ખુલો મૂકયાથી જલદી સળગીઉઠે એવા એક પદાર્થનું નામ.
આકિસજન (ના) એક જાતની હવા.

(કવિતાની સમજુતી). (૧૨).

પવન આવ્યાથી નેવા આગળનું નળીઉં ખસીને હેઠે પડયું તે જોઇને કુતરૂં ભસવા મંડયું ત્યારે ત્યાં ઘણો હોહાકાર થઇ રહ્યો; ત્યારે

માંહે કોઇ કહેવા લાગ્યો કે હા મેં ચોર દીઠોતો, પછી એ વિષે મ્હોટી મ્હોટી વાતો ઘણીએ કરે. (પણ તેમાંનું શું?) તો એ પ્રમાણે અખો ભગત કહેછે કે ભાઈ વેહેમની વાત એવી સમજવી.

પાઠ ૯૫ મો.
વશીકરણ (ના) વશ કરવાનો મંત્ર.
અપશુકન(ના)ખરાબ નિશાની,ખરાબ શુકન.
શુકન=ચિન્હ, નિશાની.
પોગળ(વિ) પોલું જૂઠું.
ભૂવો (ના) ભૂતપીશાચ કાહાડનાર, ઢોંગી.
શીખાઉ (વિ) ચેલો.
ચોટ (ના) ખેલ.
અજમાવી (કૃ) વાપરી.

પાઠ ૯૬ મો.
હરતાળ=એક જાતની પીળા રંગની ધાતુ.
કાળ (ના) મોત.
અડતાં (કૃ) અડકતાં.
ખાલ(ના)છાલ, ચામડી.
ગાણા(ના)ગાયનસારંગી નરઘાંથી ગાવું તે.
કુડાં(વિ)નઠારા, ખરાબ.
આળ (ના) તોહોમત.
અગ્નિ (ના) દેવતા.
ઝાળ (ના) આંચ.
લખમી (ના) પૈસા.
વાસીદુ(ના)કચરો, પુંજો.
તાલ (ના) મજા,રમૂજ.
છછુંદર (ના) ખેણુ.
છીંડે (ના) વાડ કે ખેતરમાં જવાનો રસ્તો
છૂટ (ના) જગો, બારી.
ફાંસ (ના) સરાક.
થોભ (ના) પાર, છેડો.

(કવિતાની સમજુતી). (૧૩).

અન્નમાં જેમ કાચો (માર્યા વિનાનો) પારો ખાવો તેવું ચોરીનું ધન છે, કાચી હરતાલ ખાવી તેવો ચોરીનો માલ છે. (૧). માથા ઉપર જેમ મોત ભમેછે, તેવો ચોરીનો માલ છે, કૌવચ લાગેથી ખાલ ઊપડે (ચેળ આવે) તેવો ચોરીનો માલછે. (૨). ગાયન ગાતાં કે સાંભળતાં હોય ત્યાં આવીને કોઈ નઠારાં શબ્દ બોલે તેવો ચોરીને માલ છે. (૩). દેવતાની કેવી ઊની ઝાળ લાગેછે તેવો ચોરીનો માલ છે. કોઇ સખસ જીવતી માખ ગળે (તે પેટમાં રહે નહીં) તેમજ ચોરીનો પૈસો કોઇને પચે નહીં (૪). આખા કોળાનું શાક નહિ થાય (મોળેલા કોળાના શાકમાં આખુ કોળુ ભુલથી જાય નહીં) તેમ કચરો વાળતાં ભૂલમાં સાંએલું કહાડી નંખાયે નહીં; અને જો કહાડી નાંખીએ તો જોવા જેવો તમાશો થાય, તેવો ચોરીનો માલ છે. (૫). સાપ છછુંદરને મ્હોડામાં ઘાલે છે, હવે જો તે ગળી જાય છે તો સાપ મરી જાયછે. ને જો સાપ તેને છોડી દે છે તો આંધળો થાયછે તેવો ચોરીનો માલ છે. (એટલે

એ માલ રાખે તોપણ દુઃખને બીજાને આપે તોપણ દુઃખ થાય છે) (૬). છીંડું એટલે જવા આવવાનો રસ્તો માળી મોટો રાખે અથવા જવા આવવાની છુટ રાખે તો બકરૂં કહાડતા ઊંટ પેસે (કરવા જાય કંઇ પાકું તો થઈ જાય કંઈ વાંકું,) સરાક કહાડતા કંઈ મોટો ખીલો પેસી જાય (સાત સાંધે તો તેર તૂટે) તેવો ચોરીનો માલ છે (૭). ચોરીનો માલ કંઇ રાત દાહાડો છાનો રહે નહીં, તેનીવાત તો વા લઇ જાય ; જેમ બિલાડી મોભા મોભ ઊતરી જાય, તેમ અટકાવ કરતાં તેનો પાર આવે નહીં. (૮).

પાઠ ૯૭ મો.

પ્રસિદ્ધ (વિ) નામીચા.
ધામ (ના) જગો, ઠેકાણું.
રચના (ના) શોભા.
ઢાળીઆં (ના) ઢળતાં છાપરાની અડાળી.
ગૌશાળા (ના) ગાય બાંધવાના ઠેકાણાં.
રસોડું (ના) રાંધણી.
નગારખાનું (ના) નગારાં વગાડવાની જગો, નોબત ખાનું.
ચોરશી (ના) ચોડા પથ્થર.

પાઠ ૯૮ મો.

સિંહાસન=ગાદી, તખ્ત.
ઝાકઝમાળ (વિ) ચળક ચળક, તેજદાર દેખાવું
છપરખાટ (ના) પલંગ.
શણગાર (ના) લુગડાં ઘરેણાં વગેરે ભૂષણ.
માણુકઠારી (વિ) આસો સુદ પૂનમનો દિવસ.
તલપૂર (ક્રિ) જરાક.
ખરીદી (ના) સોદો.

પાઠ ૯૯ મો.

અંગે (ના) તાબે, હવાલે.
સારેછે (ક્રિ) પૂરી પાડેછે.
આરા (ના) ઓવારા, ઘાટ
કમળ (ના) એક જાતના ફૂલ તળાવમાં થાયછે
દેવસ્થાન=દેવનું ઠેકાણું
સાધુ (ના) બાવો, વેરાગી.
વસૂલ (ના) જમે.
દેવસ્થળ (ના) દેવનું ઠેકાણું
ખીચો ખીચ (અ) પાસે.

પાઠ ૧૦૦ મો.

ઇસ્પિતાલ (ના) દવાખાનું.
દાક્તર (ના) અંગ્રેજી વૈદ્ય.
કળતર (ના) દુખાવો, દરદ
કરાર (ના) સુખચેન.
ઝારવું (ક્રૃ) ઊના પાણીથી શેકવું.
બળતરા (ના) આગ.
જળો (ના) ખરાબ લોહી ચૂસી લેનારા લાંબા જીવડા.
ખપાટીઆં (ના) કામડી

પાઠ ૧૦૧ મો.

ગંઠાઇ=સંધાઇ. બંધાઇ.
કોકીલું (વિ) જરા ઊનું.
ટેભા (ના) ટાંકા.
ઘાયલ (ના) જખમી.
દરદ (ના) દુખાવો, કળતર.

પાઠ ૧૦૨ મો.

પાસે (અ) બાજુએ.
ફેફસું (ના) જેણે કરીને દમ લેવાય છે તે.
હચમચીને (ના) હાલચાલ
શ્વાસોશ્વાસ (ના) દમ પરદમ, સાસ.
શેક (ના) દેવતાનીગરમી.
ઉલટી (ના) ઓકારી.
સળવળસળવળ = ખવળ ખવળ.
બૂન (ના) કારી.
કાવો (ના) ઉકાળો.

પાઠ ૧૦૩ જો.

વિકટ (વિ) ભયંકર.
અનાડી (વિ) મૂરખ.
ઝોળેઝોળાં (ના) ટોળેટોળાં.
ટક્કર (ના) ચોટ.
જોડાજોડ (અ) સાથેસાથે.
વતની (ના) દેશી.

પાઠ ૧૦૪ થો.

પાટવી (વિ) મોટો ગાદીનો અધિપતિ.
કોર્ટ (ના) દરબાર.
ન્યાયાધીશ (ના) ઇનસાફ કરનારા.
અદાલત (ના) કચેરી.
ખાતર (ના) શરમ.
તરફદારી (ના) તરફેણ.
બહેકેલો (વિ) છાકેલો.
કુકર્મ (ના) નઠારાં કામ.
ગોઠીઓ (ના) મળતીઓ.
ઠર્યો (ક્રિ) સાબીત થયો.
સ્નેહી (ના) મિત્ર.
ક્રોધ (ના) રીસ, તામસ.
બેઅદબી (ના) અસભ્યતા
ન્યાય (ના) ફેંસલો, ચુકાદો.
લપડાક (ના) તમાચો.
અમલમાં=બજાવવામાં.

પાઠ ૧૦૫ મો.

નિર્ભયપણું (વિ) બેધડકપણું, કશો ભો નહીં તે.
ઉમરાવ (વિ) મોટા માણસ
આતુર (વિ) હોંશીલા.
દુરાચરણી (વિ) ખરાબ ચાલચલણના.
દરમાયા=પગાર, મુસારા.
વીલો (વિ) ઝંખવાણો.
કારભારી=કરતા હરતા.
સુધરશે (ક્રિ) સમરશે.
તંગી (ના) ખરચની વેલા.
નભે (કૃ) ગુજારો થાય.
બહાલ (ના) મુકરર.
હિંમતવાન=બાહાદુર.

પાઠ ૧૦૬ ઠો.

સપૂત (વિ) સારો છોકરો.
કપૂત (વિ) નઠારો છોકરો.
છિદ્ર (ના) એબ, કાણું.
સવાઇ (ના) ચઢિઆતા પણું, સારૂં કામ.
કલંક (ના) એબ, દુષણ.
વહેવાઇ (ના) કામમાં આણીને.
પૂઠ (ના) પાછળ.
જૂઠું (ના) જૂઠાણું.
દાઝે (ના) દલગીર થાય.
દાતા (ના) સખી, દાતાર.
નૂર (ના) પાણી, તેજ.
લજવ્યો (ક્રિ) શરમાવ્યો.
કવિજન (ના) કવિતા જોડનાર, કવિલોક.
સંકળ (વિ) સંપૂર્ણ, આખી
લેશ (અ) જરાએ.
દુષ્ટ (વિ) પાપી.
રૂએ (ક્રિ) રડે.
બાપીકો (વિ) બાપનો.
બોળે (કૃ) ડબોવે.
આધીન (વિ) તાબે, વશ.
મરજાદા (ના) આબરૂ, અદાજો, ભાર, વક્કર.

(કવિતાની સમજુતી). (૧૪).

જે પોતાની કમાણીનું ખાય ને બાપથી સરસાઇ (ચડયાતા પણું) કરે; શરીરને રોજ કામમાં આણીને (કસરત કરીને) કૂળની એબ ઢાંકે જેના પાછળ દુનિઆનાં લોકો વખાણ કરે ને જૂઠું બોલતાં જેનો જીવ ઘણો દુખાય; ને સારા સજ્જન બાહાદુર નરથી જે શરમાવ્યો શરમાય જેના કવિલોકો

વખાણ કરે તે સંપૂર્ણ બધાએ ગુણ જેનામાં હોય, તે વિષે **સામળદાસ કવિ** કહેછે કે હું સાચું કહુંછું કે તેનેજ લોકો સારો છોકરો કહેછે. (૧).

જેને જરાપણ કુળની આબરૂ (શરમ) નહીં હોય ને પોતાના બાપથી માયાપુંજી જે કંઇ પહોંચી હોય તે ખૂવે, દુશ્મનને નમતો જાય ને જે પાપી માણસના મ્હોડા આગળ પોતાનું દુઃખરડે પોતાના કુળની એબ ઉઘાડે ને બાપનો બોલ ઉથાપે (ડુબાવે); સારા આદમીને દુઃખ દે ને પોતાની એબ ઉઘાડે=તાબે રહીને વાંકી મુડી વાળી, અન્ન ખાય (પ્રસાદ લયા કરે) ને લજ્જા આબરૂ કશી ગણે નહીં, તેને વાસ્તે **સામળદાસ કવિ** કહેછે કે હું સાચું કહુંછું કે તેજ નઠારો છોકરો કહેવાય છે (૨).

પાઠ ૧૦૭ મો.

એકલશૂરો (વિ) જાતેબાહાદુર, એકલો શુરો.
ઉદમાત=તોફાન, મસ્તી.
લક્ષણ (ના) ગુણ, ટેવ.
મશ્કરો (ના) ટોળિઓ.
ચપળ (વિ) હોશિયાર.
ઠાવકું (વિ) ડાહ્યું, શાણું.
ઉદ્યોગ (ના) મહેનત.
ગેરહાજર=હાજર નહીં.

પાઠ ૧૦૮ મો.

નિભાવ (ના) ગુજારો.
મહા (વિ) મોટું.
તુરંગ(ના)વિચાર,ખ્યાલ.
રાંડીરાંડ=વિધવા સ્ત્રી.
દળણાં (ના) લોટદળવાનું મજુરીનું કામ.
વેલા (ના) આપદા.
શિક્ષક (ના) શિખવનાર.
ઉમેદ (ના) હોંસ,ઊમંગ.
ભરણપોષણ=ગુજરાન.

પાઠ ૧૦૯ મો.

ભાઇડો (ના) મરદ,ધણી.
વહાલ (ના) હેત, પ્યાર.
વાજ આવે=મરી જાય.
સરદારી (ના) ઉપરીપણું.
ભંગ (ક્રૃ) ભાંગીનાખવું.
મળતાવડો (વિ) હળી જાય એવો.

પાઠ ૧૧૦ મો.

ભંડાર (ના) ભરપૂર ખજાનો.
ખરાબો (ના) દરિઆના પાણીમાં ઢંકાયલા મજબુત પથરા.
લગભગ (અ) ઘણોખરો.
ખડક (ના) ખરાબો.
ધોરી (વિ) શરીઆમ.
ખાઇઓ=કરાડી, ગાળા.
કલ્પ્યા (ક્રૃ) અટકળથી નામ આપ્યાં.
વિસ્તાર (ના) પથારો.

પાઠ ૧૧૧ મો.

ખ્રિસ્તી (વિ) વિસવાસી.
કોલમ્બસ (ના)અમેરિકા ખંડનો શોધી કાઢનાર.
જડયો(ક્રિ)મળી આવ્યો.
ઇશારત (ના) નિશાની.
મસળવા (ક્રૃ) ચોળવા.
વાયદાસર (ના) ઠેરવેલી મુદતપ્રમાણે.
અબઘડી (અ) હમણાંને હમણાં.
સુઇ (ના) દરજી, સઇ.
ભજન (ના) પરમેશ્વરનું સ્મરણ.
ઘૂમટો (ના) માથાનો છેડો મોપર ખેંચવો તે.

પાઠ ૧૧૨ મો.

મુસાફરી=રટણ, અટણ.
અઢીંગી (અ) અધેલી.
શોભે (ક્રૂ) દીપે.
ટકાઉ (વિ) મજબુત.
ચાપાચીપીઆ (વિ) તપાસી કામ કરનાર.
ઘાઘરે (ના) ચણીઆજેવું ઝુલતું લુગડું

પાઠ ૧૧૩ મો.

એડોળ (વિ) કદરૂપી.
એઢંગું=કઢંગુ,ઢંગ વગરનું
શામિલ (અ) દાખલ.
બહાવરૂં (વિ) ગાભરૂં.
ખુંધ (ના) ઢેકા.
ઉદાસી (વિ) દલગીરી.
ઢીંગણી (વિ) બટકી.
હૈયું (ના) મન, દીલ.
ઢિંગ (અ) અજબ, છક.

પાઠ ૧૧૪ મો.

જટા(ના) ચોટલાની પેઠે ગુચવાયલા માથાના બાલ.
ડાંગ(ના)લાકડી,ડંગોરી.
થરથરી=ધ્રુજી, કાંપી,
ખેતરવા (ના) ટીબા.
બેનપણી (ના) સહીયર.
આડીઅવળી (અ) વાંકી ચુંકી.
ઉઝરડા(ના)કાપા,નોહર.
ચીલો (ના) ધરેડ.

પાઠ ૧૧૫ મો.

દિલાસો (ના) ધિરજ.
સરભરા=સેવા, ચાકરી.
લોથ (ના) મુડદુ, લાસ.
વીતેલી(ના)સહન કરેલી.
થાક=આરામ, વિસામો.

પાઠ ૧૧૬ મો.

વીસામા=આરામ, થાક.
સંકટ(ના) દુખ, વિપત.
પજવી (ક્રૂ) દુખ દીધુ.
અપરાધ(ના)ગુનો, વાંક.
કોપ (ના) ગુસ્સો.
દોહિલી(વિ)દુ:ખી,હેરાન.

પાઠ ૧૧૭ મો.

ક્ષિતિજ(ના) પૃથ્વી અને આકાશને જોડનારી કલ્પીત દ્રષ્ટી મર્યાદા.
ઉપસેલી(વિ) ઉપસી આવેલી.
ચપટી (વિ) બેઠેલી.
જોશી (ના) જ્યોતિષ વિદ્યા જાણનાર.
દૂરબીન (ના) આઘેની ચીજ જોવાનું યંત્ર.
વખૂટા (વિ) જુદા.
ઢાલ=ઢોળાણ, ચઢાવ.

પાઠ ૧૧૮ મો.

ટોચ (ના) ઉપલોભાગ.
ગાળો (ના) ભાગ.
નિશ્ચય (અ) નક્કી, ઠરાવ.
અટકળ (ના) કલ્પના.
સંદેહ (ના) વહેમ, શક.
ભાસે=દેખાય, જણાય.

પાઠ ૧૧૯ મો.

સંપ=એકદીલ, એક્કો.
મોઝાર (અ) માહે.
પહેરણ (ના) પેહેરવાનાં લુગડાં.
અતુલ=ઘણુંજ.
અબળ (વિ) નબળા.
સબળ (વિ) જબરા.
જૂથ (ના) જથો, ટોળુ
સૃષ્ટી (ના) દુનિયા, પૃથ્વી.
દેહ (ના), શરીર, કાયા.
મતિ (ના) બુદ્ધિ, વિચાર.
સુસંપ (ના) સારોસંપ.
સંપતિ (ના) દોલત.
સાંપડે (ક્રિ) મળે, જડે.
તાંતણો (ના) તાર.
ઝુંડ(ના) જથો.
એકલ(વિ)એખલું, નિરાધાર.
નિજ (સ) પોતાની.
તસ્કર (ના) ચોર.
ત્રાસ (ના) બીક, ડર.
ધકાવે (ક્રિ) ધસડી જાય.
મેહ (ના) વરસાદ,મેઘ.
પ્રૌઢી (વિ) મોટી.

(કવિતાની સમજુતી). (૧૫).

જ્યારે પૃથ્વી ઉપર લોકોમાં જરાએ સંપ હતો નહીં ત્યારે તેઓ જંગલમાં રહેતા, અને એક બીજાથી ઘણા ડરતા. (૧) તેવારે લુગડાંને બદલે ઝાડની છાલ તથા પાંતરાં ગુંથીને પહેરતાનેજ ગલમાં રહીને પોતાની કાયાપર ઘણું દુઃખ ભોગવતા (૨) પછી જ્યારે ઇશ્વરે તેમનામાં સંપ કરવાની બુદ્ધિ આપી ત્યારે એક બીજાની મહેનતના ફળે તેઓને રહેવાને ઘરબાર મળ્યાં (૩) પછી જેમ જેમ સારો સંપ વધતો ગયો તેમ તેમ હરકત દૂર થતી ગઇ પછી લોકો દુઃખી ન થાય તેને વાસ્તે જોઇએ તેવી ગોઠવણના ઉપાયોરચ્યાં (૪) એવી રીતે નબળા જોરાવર (ગરીબને પૈસા દાર) બધા શુખી થયા ને તેઓનાં દુઃખ નાસી ગયાં માટે જરૂર ભાઇઓ તે બધું સંપના કારણથીજ છે એમ તમે સમજો. (૫) સઘળાં સુખ સંપ વડેજ મળેછે, જ્યાં સંપ નહીં ત્યાં ઉદાસપણું સમજવું; સંપના યોગે પૈસાની પ્રાપ્તિ થાયછે ને લોકોમાં આબરૂ મળે છે (૬) એક તાર હોય તો તોડવાની સૌ હિમ્મત ધરે પણ જ્યારે બધા તારનો સાથે જથો કરી તેની જાડીદોરી કરીએ ત્યારે તે કોઇ કાપી શકતું નથી. (૭) આપણા કુટુંબમાં સંપ રાખીએ તો દુશ્મન શું કરી શકે! ઝાડ છે તે બધી ઝાડી ઝાડના જથામાં રહેછે, જો એકલું હોય તો ડાળ પાંખડાં ઉડીને કઇ વારનું ભાંગી જાય (૮) છોકરા પોતાની પાસે પડેલા પથરને સારે કાપેછે, તેજ પથરાનો જો કોટ બનાવીએ, તો પછી ચોરની ધાસ્તી રેહે નહીં. (૯) જ્યારે વરસાદનો ઝડાવ થાયછે ત્યારે ધુળને ધોઇને તે ઘસડી જાયછે. પણ જો પછી ધુળની મોટી પાળ બનાવીએ તો તેનું તળાવ બને (વરસાદનું પાણી ઘેરાઇ રહે) (૧૦) માટે હે માણસો તમે સઘળા મળીને ઠેકાણે બેસતાં ઉઠતાં સંપ સંપ કરી રેહો. કે જેથી દલપતરામ કવિ કહેછે કે તમારા નશીબમાં હોય તેટલું સુખ દુઃખ તમે ભોગવો. (૧૧).

પાઠ ૧૨૦ મો.

વહેવાર (ના)લેવડદેવડ,કે જમવા ખાવાનોસંબંધ

કાવતરૂં (ના) દગો ફટકો.

દામ (ના) પૈસા.

માપ(ના)ભરત,પરમાણું

શરત (ના) બોલી,પઠણ.

પાઠ ૧૨૧ મો.

બલા(ના)આપદા, પીડા.

ગેરવાજબી (વિ) ખોટું.

સંતોષ=આનંદ, હરખ.

પ્રમાણિકપણું (ના) સચ્ચાઈપણું. [ગબ્બર.

ન્યાલ (વિ) નસીબદાર

અધર્મ (વિ) ખોટું.

વક્કર (ના) ભાર, વજન.	સત્યવાદી (ના) સાચો.	હમણાંની નહીં.
જે(ના)જય, યશ, ફત્તેહ.	ટેક (ના) નેક, મોટાઇ.	લાભકારી=ફાયદાકારક.
ખે (ના) ક્ષય, નાશ.	તોલ (વિ) ભાર, વક્કર.	કાટે (ક્રિ) કરડે.
સોદો (ના) માલમતા.	ધીર (ના) ધીરજ, સબુરી.	ઉપમા (ના) સરખાવવું.
પાઠ ૧૨૨ મો.	શૂરવીરો (ના)બાહાદુરનર	લજ્જા(ના)લાજ,આબરૂ
વીર (ના) બહાદુરનર.	વેણ (ના) વચન, સુકન.	વારી (ના) વખત.
લબાડી (વિ)જુઠો,લબાડ	અનાદી (વિ) અસલની,	ઉંચ (વિ) મોટો, ઊંચો.

(કવિતાની સમજુતી). (૧૬).

ટેક વગરના માણસો જેઓ બોલેલું ફરી જાય તેઓ બહુ વાતો બકી જાયછે, પણ તેમાંનો એક બોલ પણ પાળતા નથી; માટે તમે તેવી ખરાબ આદત ન રાખો ને જેટલા બોલ પળાય તેટલાજ વિચારીને બોલો (૧). પોતાનો બોલેલો બોલ પાળે તેનો ભાર વક્કર વધે ને જેનો બોલેલો બોલ જૂઠો પડે તેનોવક્કર ઘટેછે; પછી ભાયડા કે બાયડી કોઈ તેનો વિશ્વાસ કરે નહીં, માટે જેટલા બોલ૦ (૨). નાણું જાય તો ભલે પણ બોલલો બોલ ફરશો નહીં, તેમ એ ગયલા નાણાં વિશે હું પરતાવો પણ કરૂં નહીં; મનમાં ધીરજ ધરીને એવો ટેક રાખો ને જેટલા બોલ૦ (૩). ઘણા બાહાદુર નરો સાચું બોલનારા સાંભળ્યાં છે, તે આ વેણમાં (બોલેલો બોલ પાળવામાં) ખૂઆર થઈગયા એવી અસલની રીત છે; તેમ એથી તેઓની જગત મધ્યે લાભકારક આબરૂ પણ વધી છે, માટે જેટલા બોલ૦ (૪). જે માણસ મ્હોડેથી બોલે ને તે કામ પછી કરે તેને મોટો જાણવો. ને જે બોલેલા બોલથી ફરી જાય તેને ખોટો સમજવો ભાઇ એથી લજ્જા આબરૂ જતી રહેશે માટે જેટલા બોલ૦ (૫). ભસે તે કૂતરો પગે કરડે નહીં (કહેતે કરે શું?) તો લબાડ (જૂઠું લવનાર) પણ તેવીજ ઉપમા લેછે; ખોટો લવારો કરવો એજ આબરૂ જવા જોગ વખત છે, માટે જેટલા બોલ૦ (૬). શરીરે સુખ થાય કે દુઃખ થાય તોપણ જે રીતે બોલો એવેજ રંગે રાત દહાડે રહો, (મતલબ કે બોલેલું પાળો) એથી કરીને લોકોમાં ઘણો જશ પામશો માટે જેટલા બોલ૦ (૭)- સુતા ઉઠતા, બેસતા, સાચીજ વાત કહો; ને જો બોલેલો બોલ પળાય નહિ; એવી શક્તિ કાચી હોય તો મ્હોડેથી મ્હોટું

વેણુ બોલો નહીં; એ થકી તમે ઉંચે ઠેકાણે (મોટી પદ્દીએ) જઇ બેસશો; આ સારા છંદ કવિ દલપતરામે બનાવ્યા છે. (૮).

પાઠ ૧૨૩ મો.

લાલચ(ના)લોભ, ગળકો
ઝૂમી (કૃ) લટકી.
શાખો=પાકવાપર આવેલી કેરી.
શળકી (ના)ગળકોલાગ્યો
વિશાત(ના) માલ, જીવ.
બોસ=જોરાવરીથી.
એકલપેટો = પોતાનુંજ પેટ ભરી જાણે તે.

પાઠ ૧૨૪ મો.

ક્ષમા(ના)માફ,જવાદેવુંતે
વીલો (વિ) ઝાંખો.
કમનસીબ (વિ) અભાગ્ય
નિર્ધન (વિ) ગરીબ, રંક.
અમથા(વિ)જુઠા, ખોટા.
સમ (ના) કસમ, સોગન

પાઠ ૧૨૫ મો.

ફેંદી નાંખવું (ક્રિ) રોળી નાંખવું.
કઢાપો (ના) અફસોસ.
ખાતર (ના) ઘાસ છાણ વગેરે કોહી ગએલો કચરો.
ઉછેર્યો (ક્ર) મોટો કર્યો.
ખાટું (વિ) દલગીર.
ભંગ (ક્ર) ફોક, ભાંગી જવું, નિષ્ફળ થવું.
ખડખડાટ (ના) અવાજ.
જોમ (ના) જોસ્સા, જોર
નિયમ(ના)ધારો, કાયદો.

પાઠ ૧૨૬ મો.

ચોળાચોળ(વિ)ચકચાળ
ઠીકઠાક (ના) દુરસ્ત.
ગાંઠ (ના) નિમ, નિશ્ચય.
મરણતોલ=મરવાજેવો.
અધમુઓ (ના)અડધો મરેલો.
ઝળઝળીઆં (ના) આંસુ.

પાઠ ૧૨૭ મો.

રહેણી (ના) ચાલ.
ભલામણ(ના) શીફારસ.
દેશાઇ (ના) જાગીરદાર.
આચરણ=ચાલચલણ.

પાઠ ૧૨૮ મો.

પરઠણ (ના) કરાર, સરત.
જાન (ના) નુકસાન.
ખરખરો (ના) પસ્તાવો.
સામર્થ્ય (નાં) જોર, બળ
ગળગળતે (અ) ધીમે.
ખટપટ (ના) કડાકુટ.
વય (ના) ઉમર, જીંદગી

પાઠ ૧૨૯ મો.

કષ્ટનષ્ટાષ્ટક (ના) દુઃખ નીવારણ થાય તે વિષે આઠ છંદ.
કળાપો (ના) કકળાટ.
વિલાપ=શોક,પશ્ચાતાપ.
નષ્ટાષ્ટક= નીવારણથાય તેવિષે આઠ છંદ.
વારે (ના) મદદે, કુમકે.
તથાપિ (અ) તોપણ.
દીન (વિ) ગરીબ, રંક.
વૃથા (વિ) ફોકટ, મીથ્યા.
પૂર્ણ (વિ) પુરો, બધો.
અત્યંત (વિ) ઘણોજ.
કૃપાનાથ=દયાના ધણી.
કથા (ના) વાત.
શિરે (ના) માથા ઉપર.
આરામ (ના) વિશ્રામ.
સંતાપ (ના) દુઃખ.
શ્રેષ્ટ (ના) મોટો,ઉત્તમ.
સિંધુ(ના)દરિઓ,સાગર.
સદ્ય (અ) તુરત.
પ્રલે (ના)નાશ, ફના,
સર્વદા (ના) સર્વ પ્રકારે.
સર્વથા(અ)હમેશાં, રોજ.
શુદ્ધ (ના) ભાન, ખબર.
કૃપાળુપણે (ના) દયાથી
સાય (ના) મદદ, કુમક.
વેગ (ના) જોસ્સો.

દૃષ્ટિ (ના) નજર, નીધા.	સરે (ક્રિ) થાય, બને.	થીર (વિ) હાલેચાલે
કલશ=કંકાશ, કજીઓ.	અર્થ=મતલબ, માયનો.	નહી તે.

(કવિતાની સમજુતી). (૧૭).

ઓહો પ્રભુ! હું તો તારો સદા સેવક છું; મારા આત્મા કરતાં તું મને ઘણો વહાલો છે, હવે તમે મને ઘણો સંતોષ આપો ને હે દીનદયાળ (કૃપાના ધણી) મારૂં મોટું દુઃખ કહાડી નાંખો. (૧).

હું ઘણો દુષ્ટ પાપી જીવડો છું; તોપણ તમો તો મોટી રેહેમવાળા-જણાઓ છે; તેથી જો આપની છાપ છાપો તો મારા પાપની મૂક્તિ થાય માટે હે દયાના ધણી૰ (૨).

મારો સગામા સગો વહાલો પ્રભુ તુંજછે, તે શિવાયના બધો અમથો ખાલી વાદછે તેની વાત હું શી વિસ્તારૂં! તોપણ તમો મારે મસ્તકે હાથ મૂકો તો સૌ સારૂં થશે; માટે હે દયાના ધણી૰ (૩).

આ પ્રસંગે મને કોણ સુખ કરે; ને બોલો તમો શિવાય બીજો આ પાપનો પરિતાપ કોણ સમાવે; હું તો નાનો બાળક છું, ને તું તો મારે માથે મોટો ગાજેછે, માટે હે દયાના ધણી૰ (૪).

મને આજને સમે આ દુઃખમાંથી બચાવો; ને શોકરૂપી દરિઆમાંથી તુરત મારો ઓદ્ધાર કરો; ઇશ્વર તમે આ મારા સઘળા પાપ ફલ્લે મુકામ કરી નાંખો; માટે હે દયાના ધણી૰ (૫).

તમે સઘળી રીતે રોજ મારી ખબર લીધી; ને દયા લાવીને દુઃખની વખતે મારી સહાય કીધી; તેથી તમે શિવાય હવે આ મારા દુઃખનો પોકાર કોણ જાણે; માટે હે દયાના ધણી૰ (૬).

હું મારા મનમાં એક તમારી ઉમેદ રાખું છું, ને તમારા મ્હોડા આગળ દુઃખે મરીબાઇથી બોલું છું મારા બધા પાપને તમે માફ કરો (તારો), માટે હે દયાના ધણી૰ (૭).

મોટો વેગ લાવીને જલદી મારી મદદે આવો; જ્યારે તમારી દૃષ્ટિ થશે ત્યારેજ મારી ફિકર મટી જશે, ને ત્યારે કાંઇપણ કસાથી પછી કકળાટ કેમ રેહેશે! માટે હે દયાના ધણી૰ (૮).

કષ્ટનષ્ટાષ્ટક (દુઃખ નીવારણ થાય તેવા આઠ છંદથી), કોઇપણ માણસ

પ્રભુની પ્રાર્થના પૂરો પ્રેમ આણીને કરે તો તેના મનની ઇચ્છાપાર પડે, સઘળાં સ્થીર થઇને ઠેકાણે બેસે; આ છંદ કવિ દલપત રામે બનાવ્યા છે. (૯).

પાઠ ૧૩૦ મો.

દૈત્ય (ના) રાક્ષસ.
વસ્તારી (વિ) છોકરાં છૈયાં વાળા [ણસ
ઘરકુંપાન (ના) ઘરડોમા.
રેતારો (ના) મૂકામ, રાતવાસો.
કોઢારૂં (ના) ઢોર બાંધવાની જગો.
ઉતાવળા (વિ) આકળા.

પાઠ ૧૩૧ મો.

ડામાડોળ (વિ) વાંકુંચુકું, ડગમગ.
ગરક (ક્રૃ) ડુબી જવું.
અગણોતરા (વિ) સંવત ૧૮૬૯ ના સાલ.
રાચરચીલું (ના) ઘર શણગારને શોભતો લક્કડ વગેરે સામાન.
વાવાઝોડું (ના) વાનું તોફાન. [ચોબા માર્યા.
ટાંકયા (ક્રિ) ટાંકણુથી.
ચમત્કારી=નવાઇ જેવી.
નિહાળીને (કૃ) ધારી ધારીને, નજર કરીને.

પાઠ ૧૩૨ મો.

રાક્ષસ (ના) દૈત્ય.
પક્ષાણુ (ના) બેસણું
હોઇયાં=ગટગળીજવું.
ભલમનસાઇ (ના) સાલસાઇ, નેકી.
સપાટાબંધ (અ) પાધરો
ફાળ (ના) બીક, ધાસ્તી.
પૂછ પરછ (ના) તજવીજ.
પાંગોઠાં (ના) પગનાઘુંટણ આગળનો ભાગ.
દરકાર (ના) જરૂર, પરવા.

પાઠ ૧૩૩ મો.

શરદી (ના) ભીનાસ.
મેડો (ના) માળ.
કરવત (ના) બે જણસામસામાં વેહેરે એવી દાંતાવાળી આરી. [આં.
પીઢીઆં (ના) ભારોટી-
ઝપાટાબંધ=જલદીથી.
કાલાવાલા (ના) વારેવારે કરગરીને કેહેવું તે
પટલાણી (ના) પટેલની બાયડી, પટલેણુ.
સંઘર્યો (કૃ) રાખી મૂકેલો

પાઠ ૧૩૪ મો.

ભેટ (ના) નજરાણું.
અલમસ્ત (વિ) જબરા.
મસ્તાન (વિ) ઉદમાતી.
બુમરાણ(ના)પોકાર,સોર
જૂજ (વિ) હલકી.
ધર્મદાન=ખેરાત, પુન્ય.
ઉદકપ્રવાહ (ના) પાણીનો ધોધ, પાણીનું વેહેવું.

પાઠ ૧૩૫ મો.

ચર્ચા (ના) ગપસપ ગુમાટો
મગતરૂં=ઝીણું જીવડું.
વાતપ્રવાહ (ના) પવનનું નીકળવું.
બેસણે=બઠકે, આસને.
મશ્કરી. (ના) મજાક, હાંસી. [સાબાસ.
ધનધન (અ) સાબાસ
ચપટી (વિ) સાહેત, જરા.
શેઠાણી=શેઠની બાયડી.

પાઠ ૧૩૬ મો.

ખો (ના) ખાઇ.
વેંતીઆ (વિ) ભીલસપુર.
જીકર (ના) જીદ, બેસ.
ટાઢો (વિ) ઠંડો, ધીમો.
સમરી (વિ) સુધારી.
અનેક (વિ) ઘણું, બહુ.

પાઠ ૧૩૭ મો.

ભાળ (ના) શોધ.
ઉષ્ણતા બાઇ (ના) ગરમી નામે સ્ત્રી.

ખતરી (ના) વણકરની એક જાત.
ગણુતી (ના) હિસાબ.
બળીઓ (વિ) જોરાવર.
વિમાસવા (ક્રુ) વિચારવા.

પાઠ ૧૩૮ મો.

ડાટો (ના) ડટ્ટો, બુચ.
વરાળીઓ (ના) વરાળને રૂપે થયલો માણસ.
શીરોઇ(ના)સાંકડા મોંનું મુસાફરીમાં પાણી રાખવાનું વાસણ.
સજડ (વિ) મજબુત.
વેલા=આપદા, દુઃખ.

પાઠ ૧૩૯ મો.

દોલતવાળા(વિ)પૈસાદાર
બગાસાંખાવ(ક્રિ) માખી મારે, જોયા કરે.
છૂટકો (ના) નીકાળ.
પસારીશ=પોહોળીકરીશ

પાઠ ૧૪૦ મો.

અથડાવું (ક્રિ) અફળાવું
બાથંબાથા=સામસામા.
વૈભવી (વિ) સુખીઆ.
વહેળા (વિ) નદી, નાળાં.
જળચક્કી (ના) પાણીના વેગથી ચાલે તે ઘંટી.

પાઠ ૧૪૧ મો.

પવનચક્કી (ના) પવનના જોરથી ચાલતી ઘંટી
લક્ષ (ના) ધ્યાન.
સોબતીઓ(ના)સંઘાતી.
ખાતા (ના) કારખાના.
આગ્રહ (ના) બળાત્કાર.

પાઠ ૧૪૨ મો.

વનિતા (ના)સ્ત્રી, બાયડી.
દાવાનળ (ના) વગડાનો અગ્નિ.
સૂત્ર (ના) સૂતર.
મેડક (ના) દેડકો.
જસ્યું (ક્રુ) જેવું.

મહિમા=મોટાઈ, રચના.
વિરલો=કોઇએક, શૂરો.
રણછોડ (ના) દેવામાંથી છોડનાર.
ખોડ (ના) ખામી, ચૂક.
સુરજી (ના) સૂરજ.
કડવી (વિ) નઠારી.
મંગળ (ના) કલ્યાણ સુભકારી.
સુખમલ (વિ) સુખવાળો.
ઊપડે(વિ)ઊચકાય. [ળો.
પનોતો (વિ) પારવારવા
ધનપાળ (વિ) ધનસાચવનાર, પૈસાદાર.
ધરણીધર (વિ) પૃથ્વીધર.
ગિરધર(ના)પર્વતધરનાર
સંતોષી (વિ) આનંદી.
શીખ (ના) શીખામણ.
પ્રતાપ(ના)કીર્તિ, મેહેર.
નીર (ના) પાણી, તેજ.
કોય=કોઈ.

(કવિતાની સમજુતી). (૧૮).

પોતાના—નામની મોટાઈ રાખે, એવો ભાગ્યે એકજ પુરૂષ હોયનામ હોંશથી પાડેછે તો વખત બચપણમાંજ મરી જાય છે ; (૧). રણછોડ નામ ધરાવે ને તે વ્યાજ ભરે એ તેનામાં મોટી ખામીછે; નામ **જોગીદાસ** (સાધુસેવક) ધરાવેછે તે પાસે બે બાયડીઓ રાખેછે. (૨). જેનું નામ સૂરજ જેવું હોયછે તે આંખે કશું દેખતો નથી; શાકરનું નામ ને મીઠી રીત રાખે પણ તેની બોલી નઠારીછે એવું જાણવું (૩). **હીરા, મોતીને,** ને ઝવેર રાખનારા પાસે

ખોટો પૈસો હોતો નથી; તેમ મંગળ કલ્યાણ સરખું, પણ દાવાનળ દુઃખે તો પછાડી પલાણ કરેલું (૪). નામ વાઘનું ધરાવે ને હાથીની રીત રાખે, પણ તેથી શેરનો બોજો પણ ઉચકાય નહીં, દેવકૃષ્ણને રામ એ નામ હોય પણ તે શાકામ કરે છે તે કોણ જાણે. (૫) કુળનું નામ રેહે એવો છોકરો મળે નહીં તે હીરનું નામ લઈ સૂતરથી કામ ચલાવે; તેમ ધનવાળો હોય તે ધંધો કરેને ધરણીધરતે મજૂરીએ ફરે છે. (૬) ગીરધર નામ ઘણાના છે તેમાં દેવાભાઇને ભાર ઉંચકવો પડે છે,–ડાહ્યો નામ ધરાવે ને બોલે ત્યારે ઘેલું ઘેલું, તેમ સાચો તે ઓછું તોળીને આપે. (૭) ભલો કહીએ તે ભૂલવી નાંખે, ને સંતોષી તે ઘણું ખાય (પરમેશ્વર તેને આપે); રાજારામ ભીખ માંગે તો ઘેલો સૌને શીખામણ દે છે. (૮) નાનો નામ હોયપણ વખતે તેનામાં ઘરડા જેટલી અક્કલ હોય, તેવારે પ્રતાપ નામ (કીર્તિ) મેળવેલો માણસ હોય તેને પણ કોઈ ન પૂછે; જેનું નામ ચતુર હોય તે ચાડી કરે ને નાગ તે દેડકાથીબીએ; (એટલે વખતે મોટામાં નાના જેટલી હિમ્મત હોતી નથી. (૯).

પાઠ ૧૪૩ મો.

ચાલ (ના)રીવાજ, ધારા.
એકસંપ (ના) એકદીલ.
બાપદાદા (ના)ઘરડાવરડા
ફેરફાર=સુધારો, વધારો
ખાદી (ના) દોટી.
બટાટા (ના) અલુખડા.

પાઠ ૧૪૪ મો.

ટેબલ ના) મેજ.
વારામાં (ના) વખતમાં.
વહેલ(ના)સ્વારીનીગાડી.
ફરક (ના) ફેર, તફાવત.
લાંછન (ના) એબ, બટ્ટો.
બટ્ટો (ના) કલંક, દુષણ.

પાઠ ૧૪૫ મો.

આશીર્વાદ(ના) આશિષ, સારી દુઆ. [રીનો.
હજુરનો=ખીદમત ગા-
ઇર્ષા (ના) અદેખાઈ.
દક્ષિણા (ના) ધર્મદાખલ બ્રાહ્મણને જે પૈસો આપવો તે.
ફજેતી (ના) ગેરઆબરૂ.
દેવડી (ના) મકાન.

પાઠ ૧૪૬ મો.

પાકું (વિ) વજ્જર, રીઢું.
ફગવું (વિ) બોલ્યું નપાળવું, ફરીજવું.
ફિટકાર (ના) તુચ્છકાર.
ડગમગતુ (વિ) હાલતું.
મરદ (ના) બાયડો, નર.
આરંભ (ના) શરૂઆત.

પાઠ ૧૪૭ મો.

ખીણ (ના) બે પહાડની વચમાની ઉંડાણ સાંકડી વાટ.
ઢોળાવ.(ના) ઉતરાણ.
ખડબચડા (ના) ખાડાખબચાવાળા.
છાવણી (ના) મુકામ.
સોલજર (ના) લશ્કરી સીપાઈ.
બંધ (ના) પુસતો.
તળેટી (ના) નીચેના ભાગમાં.
ધાડાં (ના) ખીચોખીચ.
ટૂક (ના) મથક.
ચોઘડીઆં (ના) ચાર

ઘડીએ વાગતું વા-જાું, ટકોરખાનું.

પાઠ ૧૪૮ મો.

જથો (ના) સમુદાય.
બાંધણી (ના) રચના.
કોતરકામ(ના)નકસીદાર.
ગંભાર (ના) દેવને બેસવાનો ચોરો, બેઠક.
આડાઆંક(ક્રિ)હદવળીછે
ગુફા (ના) કોતર.
પાદુકા (ના) પાવડી.
અગ્નિકુંડ (ના) દેવતા રાખવાનો બાંધેલો ખાડો, વેદી.
ખણ્યા (ક્રિ) ખોદયા.
ગચ્છી (ના) ટેકરી.
પુષ્કળ (ના) ખુટે નહી તેટલું, ઘણુંજ.

પાઠ ૧૪૯ મો.

ગિરિરાજ(ના) પર્વતનો રાજા.
ખ્યાત (વિ) પ્રખ્યાત
મિષ્ટ (વિ) મીઠો.
સ્વાદુ (વિ) સ્વાદદાર.
વીજ (ના) વીજળી.
ટાણે (ના) વખતે.
સોમ (ના) ચંદ્ર.
ઝુકી (કૃ) નમી.
નિર્મળાં (વિ) ચોખ્ખા.
ઝર્ણાં (ના) ઝરા, નાળા.
શીળો (વિ) ઠંડો, ટાઢો.
સુગંધી (ના) સુગંધવાળો.
ઓપે (વિ) દીપે.
રોજગારી (ના) વેપારી.
પરાં (ના) વેગળાં.
જતાંવેત=જતાં વારને.
ટેવો (ના) ધારો.
જૈન (ના) શ્રાવક લોકોનો ધર્મ.
સ્થાન(ના)ઠેકાણું, જગો.
દેવી (ના) માતા.

(કવિતાની સમજુતી). (૧૯).

જેમ આકાશમાં વરસાદ ચડી આવ્યો હોય, તેવો આબુ પર્વત વેગળેથી દેખતાં મનને ગમ્યો કુંડમાંનો દેવતા વીજળી જેવો દેખાય એવોજ આજે મોટો આબુ પર્વત (પર્વતનો રાજા) દીઠો. (૧) પૂનમને દહાડે સાંજના ટાણે સૂર્ય ને ચંદ્ર બેઉ ઘંટ બન્યા હોય ને કોઈ કહે કે દેવનો હાથી જેવો પર્વત દીપે છે, એવોજ આજે આબુ૦ (૨) તમે કદાચ ઉપર જઇને આંખ ઉઘાડીને જુઓ, તો ઝાડીનાં ઝુંડની ઘણી ઝાડીઓ ઝુલાઈ રહી છે,—ત્યાં માગ્યો ઘણો સ્વાદદાર મેવો મળે, એવો આજે મોટો-પર્વત૦ (૩). ત્યાં વાઘ, વાંદરાં, સિંહ ને હરણ રેહે છે. ને હમેશાં નિર્મળ પાણીનાં ઝરણ વહેછે, ઠંડો અને સુગંધદાર પવન વાય છે એવો આજે મોટો પર્વત૦ (૪). સારા ફૂલની ઝાડીઓ પણ લેહેકાઈ રહીછે, અને કુવા, વાવ કુંડ આગળ ઘણાં દીપેછે; મોટાં દેવનાં સ્થાનકોમાં દેવનો વાસોછે; એવો આજે મોટો પર્વત૦ (૫). જ્યાં બંગલાં બંધાઇને બજારો થઇછે, ને વેપારીઓ ધોકારે વેપાર કર્યા છે; જેવો લેનારને માલ જોઇએ તેવો

નમ છે. એવો આજ મોટો પર્વત૦ (૬). ત્યાં તે તેર ગાઉ બેસવાના ત
વમાં, અગ્યાર ગામનાં લોક પાણી પીવા આવેછે; જ્યાં કે જેઠ માસ
પ્રસેવો જરાએ જણાતો નથી એવો આજે મોટો પર્વત૦ (૭). આ
મહિનામાં આબૂનાં વાદળાં પાસે આવે, ને જતાં વારને જોવાની :
દેખાવ ;—જેમ તમે ચૂલાનો ધુમાડો કેમ ધારો એવો આજે મોટો પર્વત૦ (
જેમાં જૈન ધર્મના હિંદુ લોકોનાં મોટાં દેવસ્થાનકો છે, અને એ
મોટી પ્રખ્યાત અર્બુદા માતા છે; આ બધી વાતો જાણવાને વાસ્તેજ ક
છે, તે આ સારા છંદ કવિ દલપતરામે બનાવ્યા છે.

મુંબઈ:—ડાહ્યાભાઈ જગજીવનદાસ, ઝવેરી, સારંગીના દેવળ
પાછળ, ભાવજી જેરામ ચાલ.
,, એન. ડી. મેહેતાની કું૦, કાળકાદેવી રસ્તા.
સુરત:—નગીનદાસ ફકીરભાઈ, સગરામપુરા.